૨૦૩ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 96 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૨૪ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




Guaranteed Departures Dates: 21st Dec / 21st Jan / 4th Feb / 15th Feb / 27th Feb

Book Now 9988524624 9988542642

Email: info@lumisafaris.com
www.lumisafaris.com

Office Addres: LG 02 - B wing, Art Guild House, BKC Annexe, Mumbai 400 070

Radisson BLU | Santa's Hotels | ECKERÖ LINE | Santa's Igloos Arctic Circle

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## કાળઝાળ ગરમી વચ્ચે વડોદરામાં શુક્રવારથી વીજકાપ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહિત રાજ્યભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે તેવા સમયે વડોદરામાં ૨૫ થી ૩૦ એપ્રિલ સુધી વિવિધ વિસ્તારમાં વીજકાપની જાહેરાત કરવામાં આવી હતી. વડોદરા શહેરના દક્ષિણ વિભાગમાં આવેલા જુદા-જુદા વિસ્તારોમાં રિપેરિંગ અંગે સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. તા.૨૫ એપ્રિલ શુક્રવારે તરસાલી સબ ડિવિઝન વિસ્તાર તથા સ્કાઈ ઓનિક્સ ફીડરના આસપાસનો વિસ્તાર, તા. ૨૭ એપ્રિલ રવિવાર તિરુપતિ ફીડર આસપાસનો વિસ્તાર, તા.૨૮ એપ્રિલ સોમવારે યુજી ૩ ફીડરના આસપાસનો વિસ્તાર તથા માંજલપુર સબ ડિવિઝન, તા.૨૯ એપ્રિલ મંગળવારે નંદનવન ફીડરના આસપાસનો વિસ્તાર, તા.૩૦ એપ્રિલ બુધવારે ભવાની કુંજ ફીડરના આસપાસના વિસ્તારમાં વીજ રિપેરિંગ અંગે વીજ પુરવઠો બંધ રહેશે.

## સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પર માલગાડીના બે વેગન પાટા પરથી નીચે ઊતરી ગયા

અમદાવાદ: સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન પર બુધવારે માલગાડીના બે વેગન રેલવે ટ્રેક પરથી નીચે ઊતરી ગયા હતા. જેથી રેલવે ટ્રેક પરથી જતી-આવતી ટ્રેનો અને અન્ય ગુડ્ઝ ટ્રેનોની અવરજવરને અસર થઈ હતી. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન જંકશન હોવાથી સૌરાષ્ટ્ર જતી આવતી ટ્રેનો અહીંથી પસાર થાય છે. બુધવારે આ સ્ટેશન પર માલગાડીના બે વેગન અચાનક રેલવે ટ્રેક પરથી ખડી પડયા હતા. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનમાં માલગાડી પ્રવેશ લઈ રહી હતી તે દરમિયાન જ આ ઘટના બની હતી. જેથી આ રેલવે ટ્રેક પરથી જતી અને આવતી તમામ ટ્રેનોને અસર થઈ હતી. આ બનાવને પગલે રેલવેના ઉચ્ચ અધિકારીઓ દોડતા થયા હતા. એક-બે ટ્રેનોને સ્ટેશન પર રોકવાથી પ્રવાસીઓ પણ પૂછપરછ કરતા થઈ ગયા હતા. ટ્રેનની સ્પીડ કંટ્રોલમાં હોવાથી ગંભીર અકસ્માત થતા અટક્યો હતો, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. અહીંની ટેક્નિકલ વિભાગની ટીમોએ પાટા પરથી નીચે ઊતરી ગયેલા વેગનોને ફરી ટ્રેક પર ચઢાવી રેલવે વ્યવહાર પૂર્વવત્ કર્યો હતો.

## પહેલગામ હુમલો: ગુજરાત સરકારે તમામ કાર્યક્રમો રદ્દ કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ત્રણ ગુજરાતી સહિત ૨૮ લોકોનાં મોત થયાં હતાં. આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીના મોતથી રાજ્યમાં શોકનો માહોલ છવાયો હતો. રાજ્ય સરકારના પ્રધાનો અને નેતાઓએ કાર્યક્રમો રદ્દ કર્યા હતા. જાહેર કાર્યક્રમો અને સૂમહ લગ્નોના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમમાં પ્રધાનો ઉપસ્થિત રહ્યા નહોતા. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિતના પ્રધાન મંડળના તમામ પ્રધાન અને ધારાસભ્યોએ કાર્યક્રમો રદ્દ કર્યા હતા. બુધવારે રાજ્ય સરકારની મળેલી કેબિનેટ બેઠકમાં મૃતકોને શ્રદ્ધાંજલિ આપીને ઘટનાને વખોડવામાં આવી હતી.

## ગુજરાતમાં હાઈ એલર્ટ, મંદિરોની સુરક્ષામાં વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ દેશભરમાં એલર્ટ આપી દેવામાં આવ્યું છે. ગુજરાતના અંબાજી, દ્વારકા અને સોમનાથ સહિતના મંદિરોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. હાઈ એલર્ટને પગલે ગુજરાત પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ છે. મળતી વિગતો પ્રમાણે રાજ્યભરના રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર પણ ખાસ વોચ રાખવામાં આવી રહી છે. સૂત્રો દ્વારા મળતી વિગતો અનુસાર અત્યારે ગુજરાતના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસની ટીમ ગોઠવી દેવામાં આવી છે અને સઘન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. એટલું જ નહીં, પરંતુ પોલીસે રાજ્યભરમાં વાહન ચેકિંગ પણ શરૂ કરી દીધું છે. દ્વારકા અને સોમનાથ દરિયા કિનારે આવેલા હોવાથી અહીં સુરક્ષામાં ખાસ વધારો કરવામાં આવ્યો છે. બનાસકાંઠો જિલ્લો પાકિસ્તાનની સરહદની નજીક આવેલો હોવાથી અંબાજીમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે. નોંધનીય છે કે, અંબાજી યાત્રાધામમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા આવે છે. બનાસકાંઠાના પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે અંબાજી મંદિરે એસઓજીની ટીમ અને સ્નાઇપરને સ્ટેન્ડ બાય કરી દેવામાં આવી છે. પોલીસ દ્વારા સતત વાહનોનું પણ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

## પહેલગામ હુમલા બાદ પર્યટકો અને ટૂર ઑપરેટર્સ મૂંઝવણમાં મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઘણી પરીક્ષાઓ પૂરી થઈ ગઈ હોવાથી ગુજરાતના સેંકડો પરિવારોએ વેકેશન માટે ફરવાનું આયોજન ઘણા સમય પહેલા કરી લીધું છે. પર્યટકોમાં પ્રિય એવા જમ્મુ-કાશ્મીરના પ્રવાસે જનારાઓની સંખ્યા પણ સેંકડોમાં હોય છે ત્યારે મંગળવારે પહેલગામમાં થયેલી આતંકવાદી હુમલાની ઘટનાએ પ્રવાસીઓ અને ટૂર ઑપરેટર્સને ચિંતા અને મુંઝવણમાં મૂકી દીધા છે. ટૂર ઑપરેટર્સનું માનીએ તો આવનારા સમયમાં ગુજરાતથી કાશ્મીરના પ્રવાસો પર તેની અસર જોવા મળશે. ગુજરાતીઓ સહિત હજાર જેટલા પ્રવાસીઓ પહેલગામમાં હાલ ફસાયેલા છે. સૂત્રો મુજબ ૬૦૦૦થી વધુ પ્રવાસીઓને હાલ રસ્તા મારફતે કટરા લાવવામાં આવ્યા છે. ટૂર મેનેજર્સ આ પ્રવાસીઓને મદદ કરવા તેમનાથી બનતા પ્રયત્નો કરે છે. તેમણે પહેલગામમાં ફસાયેલા ગુજરાતીઓ માટે બે દિવસ માટેની રહેવા અને ખાવાની ગોઠવણ કરી છે. પ્રજામાં આતંકી હુમલાનો ગભરાટ સ્પષ્ટ જોવા મળે છે. ઘણા ટૂર ઓપરેટર્સ પર ઉનાળા વેકેશન માટે કરાવેલી બુકિંગ કેન્સલ કરવાના કોલ્સ પણ આવી રહ્યા છે. પહેલગામની સાથે જમ્મુ અને કાશ્મીરના અન્ય પર્યટન સ્થળો જેવા કે શ્રીનગર, ગુલમર્ગ અને સોનમર્ગના પર્યટન પર પણ અસર થશે.

## પહેલગામ આતંકી હુમલામાં સુરતના બૅન્કકર્મીના મૃત્યુથી ચાર બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો

અમદાવાદ: જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૮ લોકોનાં મૃત્યુ થયાં હતાં. જેમાં ત્રણ ગુજરાતી પણ હતા. બુધવારે વહેલી સવારે ભાવનગરમાં રહેતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું મૃત્યુ થયું હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. આ બંને ગઈકાલથી ગુમ હતા. મંગળવારે સુરતના શૈલષભાઈ હિંમતભાઈ કળથિયાનું મોત થયું હતું. શૈલેષભાઈના પત્ની અને સંતાનોનો બચાવ થયો હતો. પરિવારજનોની નજર સામે જ શૈલેષભાઈ મોતને ભેટતાં પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. મૃતક અંગે મળતી માહિતી અનુસાર શૈલેષભાઈ ચાર બહેનોના એકના એક ભાઈ હતા. આતંકી હુમલામાં ભાઈનું મોત થયાના સમાચાર મળતાં જ બહેનોએ હૈયાફાટ રૂદન કર્યું હતું.

સુરતના વરાછાના ચીકુવાડી વિસ્તારની હરીકુંજ સોસાયટીના વતની અને મુંબઇ જ રહેતા તથા એસબીઆઇમાં નોકરી કરતા ૪૪ વર્ષીય શૈલેષભાઇ હિંમત કળથિયા તેમની પત્ની શિતલ, પુત્રી અને પુત્ર સાથે મુંબઇથી કાશ્મીર ફરવા માટે ગયા હતા. સરનવેલીમાં પહેલગામથી ઘોડા પર બેસીને કુદરતના સૌદર્યને નિહાળતા હતા તે દરમિયાન અંધાધૂંધ ગોળીબાર થયો હતો. જેમાં તેમનું મૃત્યુ થયું હતું. શૈલેષભાઈ ચાર બહેનોમાં એકના એક ભાઈ હતા. માતાના અવસાન બાદ પિતા બે વર્ષથી વતનમાં રહે છે. શૈલેષભાઈ એસબીઆઈમાં નોકરી કરતા હતા. જોકે, છેલ્લાં એક વર્ષથી મુંબઇની એસબીઆઈમાં કામ કરી ત્યાં જ પરિવાર સાથે રહેતા હતા. આ પહેલા નવ વર્ષ તેમણે વડોદરાની એસબીઆઈ શાખામાં નોકરી કરી હતી અને ત્યાં જ રહેતા હતા. મૃતક શૈલેષભાઈનો ૨૩ એપ્રિલના રોજ જન્મ દિવસ હતો. તેઓ પરિવાર સાથે જન્મ દિવસ ઉજવવા કાશ્મીર ગયા હોવાનું માનવામાં આવે છે. જોકે કમનસીબે જન્મદિવસના એક દિવસ પહેલા જ મોતને ભેટતા પરિવાર શોકમગ્ન થઈ ગયો હતો.

## ગુજરાતમાં ૭૦ સિનિયર સિવિલ ન્યાયાધીશની એડિશનલ ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ કેડરમાં બઢતી-બદલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત હાઇ કોર્ટ દ્વારા રાજ્યની વિવિધ જિલ્લા અને નગર કોર્ટમાં ફરજ બજાવતા ૭૦ જેટલા એડિશનલ ન્યાયાધીશોને ડિસ્ટ્રિક્ટ જજ તરીકે બઢતી આપી હતી. જ્યારે ૫૦ જ્યુડિશિયલ ઓફિસરની એડિશનલ સેશન્સ જજ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ બદલીઓ આગામી ૨૮ એપ્રિલ, ૨૦૨૫થી અમલમાં આવશે. હાઇ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા આદેશ અનુસાર ૬૫ ટકા પ્રમોશન ક્વોટા હેઠળના જુનિયર ન્યાયાધીશોને રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં એડિશનલ ડિસ્ટ્રિક્ટ ન્યાયધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગુજરાત હાઈ કોર્ટના રજિસ્ટ્રાર જનરલ દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશનમાં રાજ્યની વિવિધ કોર્ટના ૭૦ જ્યુડિશિયલ ઓફિસરોને ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ કેડરમાં બઢતી બદલીના કરાયેલા હુકમોમાં રાજકોટના બીજા એડિશનલ સિનિયલ સિવિલ ન્યાયાધીશ બીકે દાસોંદીની એડિશનલ ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ તરીકે બઢતી સાથ વડોદરા ખાતે, ત્રીજા એડિશનલ સિનિયર સિવિલ ન્યાયાધીશ જે એસ પ્રજાપતિને બઢતી આપીને મહેસાણાના સાતમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ ન્યાયાધીશ તરીકે બદલી કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજકોટના સાતમા સિનિયર સિવિલ ન્યાયાધીશ પી જે કાયસ્થને રાજકોટમાં જ ૧૬મા એડિશનલ ડિસ્ટ્રિક્ટ તરીકે બઢતી આપવામાં આવી હતી. આ ઉપરાંત અમરેલી, જૂનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર, બોટાદ, સુરેન્દ્રનગર, કચ્છ, જામનગર, મોરબી, ગીર સોમનાથ સહિતના જિલ્લાઓના ૧૫ જેટલા સિનિયર સિવિલ ન્યાયાધીશની બઢતી સાથે બદલીનો હુકમ થયો હતો.

## જૂનાગઢ માર્કેટ યાર્ડમાં કેસર કેરીની ધૂમ આવક: આગામી દિવસોમાં ભાવ ઘટશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢ માર્કેટ યાર્ડમાં હાલ કેસર કેરીની ધૂમ આવક થઈ રહી છે, તેમ છતાં ભાવ આસમાને છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૪૧૭ ક્વિન્ટલ કેરીની આવક નોંધાઇ હતી અને એક મણ કેરીનો ઊંચો ભાવ ૨૮૦૦, જ્યારે નીચો ભાવ ૧૦૦૦ રૂપિયા નોંધાયો હતો. માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની અને અન્ય કેરીની સૌથી વધુ આવક ૧૮ એપ્રિલના રોજ ૧૮૮૩ ક્વિન્ટલની નોંધાઈ હતી. જૂનાગઢ જિલ્લામાં કેસર કેરીનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. આ વખતે આંબામાં મધીયો રોગે દેખા દેતાં સામાન્ય કરતા કેરી થોડી મોડી આવે એવી શક્યતા સેવાઈ રહી હતી, પરંતુ અમુક આગોતરા આંબાઓ પર કેરી આવવા લાગતાં માર્કેટમાં આવી રહી છે.

માર્કેટિંગ યાર્ડના વેપારી સૂત્રોના જણાવ્યા મુજબ આ વર્ષે કેસર કેરીનું સમયસર જ આગમન થયું છે. જો કે, નિયમિત કેરીની આવક થતા હજુ થોડા દિવસ લાગશે. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ આગામી દિવસોમાં કેસર કેરીની આવક વધશે અને ભાવ ઘટશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

## અમદાવાદના વેજલપુરમાં અવાજ નીચો રાખવાનું કહેતા ત્રણ જણે ધમાલ મચાવી

અમદાવાદ: અમદાવાદમાં દિન પ્રતિદિન અસામાજિક તત્ત્વોનો આતંક વધતો જોવા મળે છે. હજી વસ્ત્રાલમાં થયેલ અસામાજિક પ્રવૃત્તિઓ શાંત થયાને થોડા દિવસો થયા છે ત્યાં શહેરના વેજલપુર વિસ્તારમાંથી ઘટના સામે આવી છે. લાકડી અને ચપ્પા સાથે ત્રણ માણસો જુહાપુરાના સંકલિત નગર વિસ્તારમાં ફરતા હતા. રહીશો દ્વારા તેમને અવાજ ન કરવાનું કહેતા, લાકડી અને ચપ્પા દ્વારા પ્રહાર કરવાનું શરૂ કર્યું હતું. સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થયો હતો જેના આધારે પોલીસે કેસ નોંધ્યો હતો. આ ઘટનાની મળતી વિગતો અનુસાર ત્રણ વ્યક્તિઓ, ફેઝાન એલીયાઝ પંડિત શેખ, મોહસિન એલીયાઝ હાઈટ અંસારી અને અરબાઝ દેસાઈ ૨૨ વર્ષીય ફરઝાન કુરેશીના ઘર નજીક મોટેથી વાતચીત કરતા હતા, જે વેલ્ડિંગની દુકાનમાં કામ કરે છે. મોહસિન ઘાંચીએ તેમને શાંત રેહવાનું કેહતા, અંસારી ભડક્યો અને સામે દલીલ કરવા લાગ્યો.

ફરઝાન ઘરની બહાર નીકળતા જ ત્રિપુટી તેને ધમકાવવા લાગી અને તેમાં એક વ્યક્તિએ ચપ્પુ બહાર કાઢતા મોહસિન ઘરમાં જતો ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો.

## ફિલ્મમાં રોલ આપવાના બહાને મહિલા સાથે છેતરપિંડી કરનાર સામે પોલીસ ફરિયાદ

અમદાવાદ: મૂળ રાજકોટની ૩૦ વર્ષીય મહિલાએ અમદાવાદ વાસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેણે નોંધાવેલી ફરિયાદ અનુસાર અહીંના રહેવાસી યુવકે તેને ફિલ્મમાં કામ આપવાના બહાને તેનું શારીરિક શોષણ કર્યું હતું અને તેની પાસેથી રૂ. ૨૦ લાખ જેટલી રકમ પણ પડાવી લીધી હતી, તેમ એક અહેવાલ જણાવે છે. મહિલાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર આ યુવક તેને મુંબઈમાં એક પાર્ટીમાં મળ્યો હતો અને પોતે ફિલ્મ નિર્માતા અને નિર્દેશક હોવાનો દાવો કર્યો હતો અને યુવતીને રોલ અપાવવાની ખાતરી આપી હતી. ત્યારબાદ બંનેમાં મિત્રતા વધી અને યુવતી ૨૦૨૩માં અમદાવાદ વાસણા વિસ્તારમાં ફ્લેટ ભાડે લઈ રહેવા આવી હતી. યુવક પણ તેની સાથે રહેતો હતો અને બંને વચ્ચે સંબંધો બંધાયા હતા. દરમિયાન યુવક પરિણીત હોવાથી તેણે છૂટાછેડા લઈ આ મહિલાને લગ્ન કરવાનું પણ વચન આપ્યું હતું. છૂટાછેડા માટે પૈસાની જરૂર છે કહી પહેલા રૂ. પાંચ લાખ લીધા હતા. જોકે થોડા સમય બાદ ફરી તે જ્યારે પોતાના ફ્લેટ પર આવી તો આરોપી અહીં તેની પત્ની અને સંતાન સાથે રહેતો હતો. આરોપીએ ફરી તેને ભોળવી લીધી હતી, પરંતુ મહિલાએ જ્યારે અમદાવાદ ખાતેના ફ્લેટનું ભાડું ભરવાનું બંધ કરી દીધું ત્યારે આરોપીએ તેમના ખાનગી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. મહિલાએ થોડા સમય પૈસા આપ્યા. મહિલાએ કરેલી ફરિયાદ અનુસાર તેણે લગભગ રૂ. ૨૦ લાખ જેટલી રકમ આરોપીને આપી છે. જોકે પોતે છેતરાઈ હોવાનું ભાન થતાં તેણે પૈસા આપવાનું બંધ કરી દીધું હતું અને પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

## ઉનાળા વેકેશનમાં ગુજરાતની મોજ માણવા એસટી નિગમની 'મન ફાવે ત્યાં ફરો' યોજના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉનાળાના વેકેશનમાં રાજ્યના નાગરિકો ગુજરાતની કલા-સંસ્કૃતિ-પ્રવાસન સ્થળોની મુલાકાત કરી શકે તેમજ ઉદ્યોગ એકમો સાથે સંકળાયેલા નાગરિકો ગુજરાતમાં પોતાના ઉદ્યોગને વિકસાવવા એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં ફરી શકે તે માટે ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમ દ્વારા 'મન ફાવે ત્યાં ફરો' યોજના શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા અનુસાર છેલ્લાં એક વર્ષમાં 'મન ફાવે ત્યાં ફરો' યોજનાનો સૌથી વધુ લાભ અમદાવાદ, રાજકોટ, મહેસાણા અને સુરતનાં મુસાફરોએ લીધો છે. જ્યારે છેલ્લાં પાંચ વર્ષમાં ૨,૫૮૦ મુસાફરોના પાસ ઇસ્યુ કરીને નિગમે રૂ.૨૧ લાખથી વધુની આવક મેળવી છે. યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ યોજના હેઠળ મુસાફરોએ એસ.ટીની લોકલ-એક્સપ્રેસ-ગુર્જરનગરી બસોમાં સાત દિવસ મુસાફરી માટે પુખ્તવયના નાગરીકો રૂ.૧,૫૯૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૯૩૫ ભરીને કરી શકે છે, જ્યારે બાળકો ૭ દિવસની મુસાફરી રૂ.૮૦૦ અને ૪ દિવસની મુસાફરી રૂ.૪૭૦ ભરી એસ.ટીની બસોમાં મુસાફરી કરી શકે છે. મુસાફરોએ લકઝરી-નોન એ.સી સ્લીપર કોચમાં સાત દિવસની મુસાફરી કરવા પુખ્તવયના નાગરિકોએ રૂ.૧,૮૭૦ અને ચાર દિવસની મુસાફરી કરવા રૂ.૧,૦૪૫ ચૂકવવાના રહેશે. જ્યારે બાળકોને ૭ દિવસની મુસાફરી કરવા રૂ.૯૩૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૫૨૫ ચૂકવવાના રહેશે.

એસી સીટર બસોમાં પુખ્તવયનાં નાગરિકો સાત દિવસ મુસાફરી રૂ.૩,૬૮૫ અને ૪ દિવસની મુસાફરી રૂ.૨,૧૪૫ ભાડું આપીને કરવાની રહેશે. બાળકોએ સાત દિવસ મુસાફરી રૂ.૧,૮૪૫ અને ચાર દિવસની મુસાફરી રૂ.૧,૦૭૫ ભાડું આપીને કરવાની રહેશે. વોલ્વો સીટર બસ માટે પુખ્તવયના નાગરિકો સાત દિવસનું ભાડું રૂ.૫,૬૧૦ અને ચાર દિવસની મુસાફરી રૂ.૩,૨૪૫ ચૂકવીને કરી શકે છે. જ્યારે બાળકોએ સાત દિવસની મુસાફરી રૂ.૨૮૦૫, ચાર દિવસની મુસાફરી રૂ.૧૬૨૫ ખર્ચીને કરવાની રહેશે.

## પીએઆઇ સૂચકાંકમાં ગુજરાતનો ડંકો! ૩૪૬ અગ્રણી અને ૧૩૭૮૧ વધુ સારું પ્રદર્શન કરતી પંચાયતો સાથે દેશમાં ટોચ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૨૪ એપ્રિલના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની પૂર્વ સંધ્યાએ, ભારત સરકારે જાહેર કરેલા પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ (પીએઆઈ)માં ગુજરાતે શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યની ૩૪૬ ગ્રામ પંચાયતોને અગ્રણી અને ૧૩૭૮૧ પંચાયતોને વધુ સારું પ્રદર્શન કરનારી શ્રેણીમાં સ્થાન મળ્યું છે, જે દેશમાં સૌથી વધુ છે.

આ સૂચકાંકમાં, તેલંગાણા ૨૭૦ અગ્રણી પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે વધુ સારું પ્રદર્શન શ્રેણીમાં મહારાષ્ટ્ર ૧૨,૨૪૨ પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું અને તેલંગાણા ૧૦,૦૯૯ પંચાયતો સાથે ત્રીજા ક્રમે રહ્યું. આ પીએઆઈ સૂચકાંકમાં દેશની ૨,૫૫,૬૯૯ ગ્રામ પંચાયતોમાંથી ૨,૧૬,૨૮૫ પંચાયતોએ માન્ય ડેટા રજૂ કર્યો હતો, જેમાંથી ૬૯૯ પંચાયતો 'અગ્રણી', ૭૭,૨૯૮ 'વધુ સારું પ્રદર્શન કરનારી' અને ૧,૩૨,૩૯૨ 'મહત્ત્વાકાંક્ષી' પંચાયતો હતી.

પંચાયત એડવાન્સમેન્ટ ઇન્ડેક્સ દેશની ૨.૫ લાખથી વધુ ગ્રામ પંચાયતોના ટકાઉ વિકાસ લક્ષ્યોને અનુરૂપ પ્રગતિને માપવા માટેનું એક વ્યાપક મૂલ્યાંકન સાધન છે. આ સૂચકાંક ગામડાંઓના પાયાના વિકાસનું મૂલ્યાંકન કરવા અને પંચાયતોની ભૂમિકાને મજબૂત બનાવવા તરફ એક મોટું અને ઐતિહાસિક પગલું માનવામાં આવે છે, જેમાં ગરીબી મુક્ત અને સારી આજીવિકા, સ્વસ્થ પંચાયત, બાળ-અનુકૂળ પંચાયત, જળ-પર્યાપ્ત પંચાયત જેવા નવ વિષયનો સમાવેશ થાય છે.

## કચ્છના શક્તિશાળી ભૂકંપ બાદ લોકો દહેશતમાં: ૨૦૦૧ની યાદો તાજી થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભૂકંપ ડેન્જર ઝોન-૫માં સમાવાયેલા કચ્છમાં ગત મંગળવારે રાત્રે ૧૧ અને ૨૬ કલાકે રિક્ટર સ્કેલ પર ૫.૦ની તીવ્રતા ધરાવતા શક્તિશાળી ભૂકંપના આવેલા આંચકાએ કચ્છીઓને ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧માં આવેલા વિનાશક ભૂકંપની યાદોને ફરી જીવંત કરી હતી. કચ્છમાં સમયાંતરે નાના-મોટા આંચકાઓ ધરતી ધ્રુજાવતા રહે છે, પણ મંગળવારની રાત્રે આવેલા આંચકાની અવધિ પ્રમાણમાં વધારે હોવાથી લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આંચકાની અનુભૂતિ કરનારા અને ૨૬મી જાન્યુઆરીના વિનાશક ધરતીકંપમાં માતાની છત્રછાયા ગુમાવનારા ભુજના ઉપલીપાળ રોડ પરની સાંકડી શેરીમાં રહેતાં નયનાબેન દર્શકભાઇ અંજારિયાએ જણાવ્યું હતું કે, રાત્રે જમ્મુ-કાશ્મીરમાં ફરવા આવેલા પર્યટકો પર આતંકીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાના સમાચાર ટેલિવિઝન પર જોઈ રહ્યા હતા ત્યારે અચાનક ઘર ધ્રુજવા લાગ્યું હતું. ટીવી કેબિનેટ પર રહેલી ફુલદાની જમીન પર પટકાતાં અમે તરત ઘરની બહાર દોટ લગાવી હતી. અમારી શેરીના અન્ય પાડોશીઓ પણ ગભરાટમાં પોતપોતાના ઘરોની બહાર દોડી આવેલા જોવા મળ્યા હતા. ૨૬મી જાન્યુઆરીના ભયાનક ભૂકંપની યાદ તાજી થતાં હું રાત્રે ઊંઘી શકી ન હતી તેમ નયનાબેને જણાવ્યું હતું. બીજી તરફ, ભુજના મુંદરા રિલોકેશન સાઈટ પર નવા બનાવેલાં મકાનમાં તાજેતરમાં રહેવા આવેલા વૃતાંક અને ખ્યાતિબેન વૈદ્યે જણાવ્યું હતું કે તેઓ ઊંઘવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ઘર ધ્રુજવા લાગ્યું હતું. અભેરાઈ પરની વસ્તુઓ નીચે પડવા લાગતાં તેમની નિંદ્રાધીન પુત્રી તિર્થાને બાથમાં લઈને ઘર બહાર નીકળી ગયા હતા.

આ શક્તિશાળી આંચકાની કચ્છમાં સર્વત્ર અનુભૂતિ થઇ હતી. અંજારના ભવ્યેશ બુચે પણ આ ભૂકંપની તેમને અનુભૂતિ થઇ હોવાનું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬મી જાન્યુઆરીના ગોઝારા ભૂકંપે કચ્છમાં પેરાપ્લેજીક દર્દીઓની સંખ્યા વધારી દીધી છે અને આવી વ્યક્તિઓ દરેક પળે ધરતીકંપની એ ગોઝારી ઘટનાને યાદ કરી રહ્યા છે.

## ખંભાળિયામાં ગ્રાહક સુરક્ષા કોર્ટ ન હોવાથી અરજદારો જામનગરના ધક્કાથી પરેશાન

અમદાવાદ: જામનગરમાંથી અલગ દેવભૂમિ દ્વારકા જિલ્લા બન્યાને લગભગ બાર વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં જિલ્લામાં હજુ સુધી ગ્રાહક સુરક્ષા કોર્ટની સ્થાપના કરવામાં આવી નથી. જેના કારણે જિલ્લાના ગ્રાહકોને તેમની ફરિયાદની નોંધણી અને કેસની કાર્યવાહી માટે છેક જામનગર સુધી લાંબા થવું પડે છે. જેનાથી લોકોના નાણાં અને સમયનો વ્યય થાય છે. સ્થાનિક આગેવાનો દ્વારા ઉચ્ચ કક્ષાએ તંત્રને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં જણાવાયું હતું કે વર્ષ ૨૦૧૩માં જામનગરમાંથી અલગ દેવભૂમિ દ્વારકા જિલ્લો બન્યો અને જિલ્લા કક્ષાની કોર્ટો પણ કાર્યરત છે તેમ જ જિલ્લા કક્ષાનું મોટું બિલ્ડિંગ પણ ઉપલબ્ધ છે. તેમ છતાં, ગ્રાહક સુરક્ષા ફોરમની કોર્ટની સ્થાપના કરવામાં આવી નથી. હાલમાં ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક જાગૃતિનું મહત્ત્વ વધ્યું હોય લોકો પોતાની સાથે થયેલી છેતરપિંડી અંગે ફરિયાદ કરવા પણ આગળ આવી રહ્યા છે, પરંતુ ઓખાથી લઈને ભાણવડ, દ્વારકા, ખંભાળિયા અને કલ્યાણપુર સુધીના તમામ અરજદારોને તેમની ફરિયાદ નોંધાવવા કે કેસની સુનાવણી માટે જામનગર ગ્રાહક સુરક્ષા કોર્ટમાં જવું પડે છે. આના લીધે તેઓને આર્થિક બોજો સહન કરવો પડે છે અને સમયનો પણ વ્યય થાય છે.આથી જિલ્લાના મુખ્ય મથક જામ ખંભાળિયામાં ગ્રાહક સુરક્ષા કોર્ટ શરૂ કરવાની માગ કરવામાં આવી છે. શહેરના સલાયા રોડ પર બનેલી નવી જિલ્લા કોર્ટ વિશાળ હોય અને તેમાં પૂરતી જગ્યા પણ ઉપલબ્ધ હોય, અન્ય કોર્ટની સાથે ગ્રાહક સુરક્ષા કોર્ટ પણ ત્યાં શરૂ કરી શકાય તેમ છે.

## ગોંડલના ચોરડી ગામે વેરહાઉસમાં ₹ ૭.૪૯ લાખની મગફળીની ચોરી મામલે પોલીસ તપાસ શરૂ

અમદાવાદ: રાજકોટ જિલ્લાના ગોંડલના ચોરડી ગામે એક વેરહાઉસમાંથી નાફેડની રૂ. ૭.૪૯ લાખની કિંમતની ૨૮૭ બોરી મગફળીની ચોરી થઈ હોવાની ફરિયાદ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. અજાણ્યા તસ્કરોએ ૧૯ એપ્રિલથી ૨૧ એપ્રિલની વચ્ચે વેરહાઉસના તાળા તોડીને આ ચોરીને અંજામ આપ્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ અંગે અરવિંદભાઈ રાકેશભાઈ મીણા કે જેઓ જસદણમા કેન્દ્રીય ભંડાર નિગમમાં સહાયક તરીકેના હોદ્દા પર ફરજ બજાવે છે તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર હરસિધ્ધી કેટરફીડ નામનું ગોડાઉન કંપનીએ ૧૧ મહિનાના ભાડા પેટે રાખેલ છે. આ ગોડાઉનમાં નાફેડ દ્વારા મગફળીની ખરીદી કરીને ભરવામાં આવી હતી. આ ગોડાઉનમાં સુપરવાઈઝર તરીકે વિરપુરના રવિભાઈ મકવાણા, સિક્યુરિટી તરીકે ગોમટાના પ્રજ્ઞેશભાઈ દઢાણીયા અને વિરપુરના પ્રફુલભાઈ ચાવડા, જીવરાજભાઈ ચાવડા નોકરી કરે છે. ગત ૨૧મીના રોજ દરવાજાનું તાળું તૂટેલું હોય અને મગફળી બહાર ઢોળાયેલી હોય આથી ગોડાઉનમાંથી મગફળીની ચોરી થયાનું માલુમ પડયું હતું. અને બાદમાં તપાસ કરવામાં આવતા ત્રણેય સ્ટેગમાંથી મળીને ૨૮૭ મગફળીની બોરીઓની ચોરી થયેલાનું જણાઈ આવ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે, જેમાં સ્થાનિક પોલીસ ઉપરાંત એલસીબીની ટીમ પણ જોડાઈ છે.

R.N.I. No. 1563/1957 ★
203 વર્ષ
# દૈનિક મુંબઈ સમાચાર
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 96 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 April 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26
ગુરુવાર, ૨૪ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
WE BUY OLD GOLD AT BEST RATE
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# પાકિસ્તાન પર 'સર્જિકલ સ્ટ્રાઈક'




## ભારતના પાંચ હુમલા

1. પાક સાથેનો સિંધુ જળ કરાર મોકૂફ
2. અટારી-વાઘા બોર્ડર બંધ
3. પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં અપાય
4. લશ્કરી સલાહકારોને પાછા મોકલાયા
5. પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકમાં સ્વદેશ પાછા જતા રહેવાનો હુકમ

નવી દિલ્હીઃ ભારતે જમ્મુ-કાશ્મીરમાંના ત્રાસવાદી હુમલા બાદ સિંધુ જળ કરાર પર રોક લગાવવાનો, અટારી-વાઘા બોર્ડર બંધ કરવાનો, પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં આપવાનો, ભારતસ્થિત પાકિસ્તાની લશ્કરી સલાહકારોને પાછા મોકલવાનો નિર્ણય લીધો હતો.

પાકિસ્તાને એક અઠવાડિયાની અંદર એલચીકચેરી ખાલી કરવી પડશે અને પાકિસ્તાનના રાજદૂતોને પાછા મોકલી દેવામાં આવશે. ભારતમાંના પાકિસ્તાનના નાગરિકોને ૪૮ કલાકમાં સ્વદેશ પાછા જતા રહેવાનો હુકમ કરાયો હતો.

સલામતીને લગતી કેબિનેટ કમિટી (સીસીએસ)ની બેઠક બાદ સરકારે આ જાહેરાત કરી હતી.

સરકારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ગુરુવારે સર્વપક્ષી બેઠક બોલાવી છે.

અગાઉ, પહલગામ આતંકવાદી હુમલાને પગલે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતા હેઠળ મળેલી સલામતીને લગતી કેબિનેટ કમિટી (સીસીએસ)ની બેઠકમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, વિદેશ પ્રધાન એસ. જયશંકર, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ હાજર રહ્યા હતા.

કેબિનેટ કમિટીની આ બેઠક અઢીકલાક ચાલી હતી.

ગૃહ પ્રધાન અમિત શાહે ભારપૂર્વક કહ્યું હતું કે દેશ આતંકવાદ સામે નમતું નહીં જોખે. જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદી હુમલાના જવાબદાર લોકોને બક્ષવામાં નહીં આવે. આતંકવાદી હુમલાનો ભોગ બનેલાઓને પુષ્પાંજલિ (જુઓ પાનું ૨) ▶▶

## બે ત્રાસવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : ભારતીય લશ્કરે બુધવારે કાશ્મીરની અંકુશરેખાની અડીને બારામુલ્લાના ઉડી નાલાના સરજીવન સામાન્ય ક્ષેત્રમાં ઘૂસણખોરી કોશિશ કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા અને તેમની ઘૂસણખોરીના પ્રયાસ નિષ્ફળ બનાવ્યા હતા. ભારતીય લશ્કરની ચિનાર કોર તરફથી બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે ક્ષેત્રના નિકટના જવાનોએ અજ્ઞાત આતંકવાદીને પડકાર્યા હતા. ત્યાર બાદ સુરક્ષા ચોકિયાતો અને ઘૂસણખોરો વચ્ચે ભારે અથડામણ થઈ. આ દરમિયાન બે આતંકવાદી માર્યા (જુઓ પાનું ૨) ▶▶

## પાકની સંડોવણીના પુરાવા મળ્યા

પહલગામઃ કાશ્મીરમાં મંગળવારે પર્યટકો પર થયેલા હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા મળ્યા છે.

પહલગામ હુમલાની તપાસ કરતી ભારતીય એજન્સીઓને ઘટના સ્થળ નજીક અદ્યતન શ્રેણીના સંચાર ઉપકરણો મળ્યાં છે અને એથી જાહેર થયું છે કે આતંકીઓને બધી જાતની મદદ મળતી હતી. તેઓ પાકિસ્તાન સ્થિત હેન્ડલરના સંપર્કમાં હતાં.

આ આતંકવાદી હુમલાના ડિજિટલ પુરાવા પાકિસ્તાન સાથે જોડાયેલા હોય તેવું લાગે છે.

ભારતીય ગુપ્તચર એજન્સીઓએ કહ્યું છે કે હુમલાના શંકાસ્પદ આતંકવાદીઓના ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ મુઝફ્ફરાબાદ અને કરાચીના ઘરો સુધી પહોંચી રહ્યા છે. આનાથી આ હુમલાના સરહદપાર જોડાણના પુરાવા મળે છે.

ગુનાના સ્થળેથી મળેલી સામગ્રીના ફોરેન્સિક વિશ્લેષણ અને બચી ગયેલા (જુઓ પાનું ૨) ▶▶

પહલગામમાં આતંક ૨ ૪ ૯ ૧૨

## કાશ્મીર ૩૫ વર્ષ બાદ સંપૂર્ણ બંધ રહ્યું

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલાના વિરોધમાં કાશ્મીર ૩૫ વર્ષ બાદ બુધવારે સંપૂર્ણ બંધ રહ્યું હતું, પહેલગામમાં નિર્દોષ પર્યટકો સહિત મહિલાઓ અને બાળકોની કરવામાં આવેલી હત્યાના વિરોધમાં જાહેર કરવામાં આવેલા કાશ્મીર બંધને તમામ સંસ્થાઓએ ટેકો જાહેર કર્યો હતો. શ્રીનગરમાં મોટાભાગની દુકાનો, વેપારી સંસ્થાનો, પેટ્રોલપંપ વગેરે બંધ રહ્યા હતા, એમ અધિકારીઓએ કહ્યું હતું.

હુમલાના વિરોધમાં અનેક રાજકીય પક્ષ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ, વેપારી સંસ્થાનો, સિવિલ સોસાયટી ગ્રૂપે કાશ્મીર બંધની હાકલ કરી હતી. શાસક નેશનલ કોન્ફરન્સ (એનસી), પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) અને અપના દલ સહિતના રાજકીય પક્ષોએ આ બંધને ટેકો આપ્યો હતો. કાશ્મીર યુનિવર્સિટીએ બુધવારની તમામ પરીક્ષાઓ મુલતવી રાખી હતી. માત્ર જીવનાવશ્યક (જુઓ પાનું ૨) ▶▶

## હુમલામાં મરનારના સગાંને ₹ દસ લાખ અપાશે

શ્રીનગર : બુધવારે પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા જનારના પરિવારને જમ્મુ અને કાશ્મીર સરકાર એક્સ ગ્રેસિયા તરીકે રૂ. દસ લાખ આપશે. જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઉમર અબદુલ્લાએ એક્સ પર પોસ્ટ મૂકીને લખ્યું હતું કે મંગળવારે પહલગામમાં તિરસ્કૃત આતંકવાદી હુમલાથી મને ઊંડો આઘાત લાગ્યો છે અને મારામાં આક્રોશ ઉદભવ્યો છે. નિર્દોષ નાગરિકો સામેના જંગલી અને અવિચારી કૃત્યનું આપણા સમાજમાં કોઈ સ્થાન નથી. અમે એને પ્રબળ રીતે ટીકા કરીએ છીએ. અમે આમાં ગુમાવેલા અમૂલ્ય જીવનનો શોક કરીએ છીએ.

મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે કોઈ પણ રકમ પોતાના વહાલાના ગુમાવાનું વળતર ન આપી શકે, પરંતુ જમ્મુ અને કાશ્મીર સરકાર ટેકા અને સહાનુભૂતિના (જુઓ પાનું ૨) ▶▶

## હુમલામાં ત્રણ ગુજરાતીનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે ત્રાસવાદીઓએ પર્યટકો પર કરેલા મોટા હુમલામાં માર્યા ગયેલા ૨૬ પ્રવાસીઓમાં ત્રણ ગુજરાતી પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. પહલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ લોકોમાં સુરતના શૈલેષ કળથિયા, ભાવનગરના યતીશ પરમાર અને તેમના પુત્ર સ્મિત પરમારનો સમાવેશ થાય છે. રાજ્યના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત વહીવટીતંત્ર મૃતદેહોને પરત લાવવા માટે કેન્દ્ર અને જમ્મુ અને કાશ્મીર સરકારના સંપર્કમાં છે. ગુજરાતના કુલ ત્રણ મૃતકો (જુઓ પાનું ૨) ▶▶

## ત્રણ હુમલાખોરના સ્કેચ જાહેર કરાયા


શ્રીનગર : દક્ષિણ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલામાં ૨૮ જણ માર્યા ગયા છે અને એમાં સંડોવાયેલા ત્રણ શકમંદના સ્કેચ સુરક્ષા દળોએ બુધવારે બહાર પાડ્યા હતા. ત્રણ પાકિસ્તાની આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલહાના સ્કેચ બહાર પાડવામાં આવ્યા છે. આ ત્રણેયના કોડનેમ મૂસા, યુનુસ અને આસીફ ફોજી છે અને પૂંચમાં અનેક આતંકવાદી બનાવોમાં તેઓ (જુઓ પાનું ૨) ▶▶

## રાજનાથે લશ્કરની ત્રણેય પાંખના વડા સાથે મંત્રણા કરી

નવી દિલ્હીઃ ૨૮ જણનો ભોગ લેનાર પહલગામ આતંકવાદી હુમલા બાદ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે બુધવારે લશ્કરની ત્રણેય પાંખના વડા સાથે મંત્રણા કરી હતી અને જમ્મુ-કાશ્મીરની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

સૂત્રોના જણાવ્યાનુસાર ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાણ, સેનાની ત્રણે પાંખના વડા, સંરક્ષણ સચિવ અને ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી.

જાણવા મળ્યા મુજબ (જુઓ પાનું ૨) ▶▶

સાંધાનું દર્દ-પીઠ દર્દ-ઘૂટણ દર્દ


"હવે હું મારા હાથ દર્દ વિના ઉપર-નીચે કરી શકું છું. આયુશક્તિના આર્થ્રોક્સ ઉપચાર હઠીલા જૂના સાંધાના દર્દ માટે ઉત્તમ છે."
ડૉ. ક્રિસ્ટોફ ગાર્નર, ન્યુરોલોજિસ્ટ, જર્મની

તમારા દર્દ સામે આયુશક્તિના સુરક્ષિત આર્થ્રોક્સ ઉપચાર
• સાંધાનું દર્દ • પીઠ દર્દ • ગરદન દર્દ • ઘૂટણનું દર્દ • ખભામાં જકડન
આયુશક્તિની આર્થ્રોક્સ™ સારવારથી તમને કયા લાભો થાય છે?
• ખભા, ગરદન, પીઠ અને સાંધામાં દર્દ અને જકડન ઓછું કરવામાં મદદરૂપ થાય છે
• સાંધાને લવચીકતા અને શક્તિ આપે છે, જેને લીધે વજન ઓછું કરવામાં મદદ થાય છે
• દર્દ વિના ઊભા રહી શકો, ચાલી અને દાદરા ચઢ-ઊતર, વજન ઊચકવું, કસરતકરી શકો છે
• દર્દ ઓછું થાય છે અને ઘૂટણ તથા નિતંબના સાંધાઓનું અવાજ કરવાનું પણ ઓછું થાય છે
આયુશક્તિ જાહેર કરે છે મફત આરોગ્ય સલાહ સેવા અને મર્મ શિબિર
તારીખઃ ૨૫, ૨૬ અને ૨૭ એપ્રિલ ૨૦૨૫
સમયઃ સવારે ૧૧ થી સાંજ ૦૭ સ્થળઃ તમામ આયુશક્તિ કેન્દ્રો પર
આંતરરાષ્ટ્રીય કેન્દ્રોઃ યુએસએ, યુરોપ, યુકે, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ
આયુશક્તિ કેન્દ્રોઃ મલાડ, વિલે પાર્લે, થાણે, ઘાટકોપર, દાદર, મીરારોડ, કોપરખૈરણે, ખારઘર, કેમ્પ્સ કોર્નર, ગોરેગાંવ, બોરીવલી, કલ્યાણ, મુલુંડ, ડોમ્બિવલી, અંધેરી, કોલાબા, ખાર રોડ, ચેમ્બુર, વસઈ, નાસિક, પુણે, સુરત, ઔરંગાબાદ, અહમદનગર, મગરપટ્ટા (પુણે), નોઇડા
ayushakti since 1987
આયુશક્તિની સારવાર સાથે, તમારી જાતને દોરી જાઓ સલામત અને સ્વસ્થ ભવિષ્ય તરફ
*પરિણામો વ્યક્તિગત રીતે અલગ અલગ હોઈ શકે છે *આયુશક્તિ ક્લિનિક્સના ડોક્ટરોની દેખરેખ હેઠળ કરવામાં આવતી તમામ સારવાર
• Website: www.ayushakti.com • Email ID: info@ayushakti.com
આયુશક્તિનાં ડોક્ટરની એપોઈન્ટમેન્ટ લેવા માટે ટોલ ફ્રી નંબર 18002663001 અથવા 7777001561 પર કોલ કરો



*શરતો લાગુ
સંપર્ક : ૭૦૨, મહાલક્ષ્મી ચેમ્બર્સ, બ્રીચ કેન્ડી, મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : 022-23519710 / 11 / 12 / 13 / 14
નીલ : 98218 90405 | ધવલ : 98219 21920 | નીરાલી : 9137601052 | જેસલ : 98331 00845

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પહલગામમાં હુમલો, હવે પાકિસ્તાનને જવાબ આપવો પડે

**જમ્મુ** અને કાશ્મીરમાં પહલગામ પાસેના આતંકવાદી હુમલાએ આખા દેશને ખળભળાવી દીધો છે. જમ્મુ અને કાશ્મીરમાં સ્થિતી સામાન્ય થઈ રહી હોવાનું સમજીને કાશ્મીરના સૌંદર્યની મજા માણવા ગયેલા પ્રવાસીઓ પર મંગળવારે બપોરે લગભગ ત્રણ વાગ્યે ત્રાટકેલા આતંકવાદીઓએ પ્રવાસીઓ પર અંધાધૂંધ ગોળીબાર કરીને બે વિદેશી પ્રવાસી સહિત ૨૬ લોકોનાં ઢીમ ઢાળી દીધાં. પહલગામના બૈસરન ખીણમાં બનેલી ઘટનામાં ૨૦ લોકો ઘાયલ પણ થયા છે અને તેમાં કેટલાક સ્થાનિક પણ છે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામ પાસેના બૈસરનમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા મોટા ભાગના હિંદુ છે અને જે અહેવાલો આવી રહ્યા છે એ જોતાં આ ટાર્ગેટ કિલિંગ છે એ સ્પષ્ટ છે. હુમલો થયો ત્યારે હાજર લોકોના કહેવા પ્રમાણે, આતંકવાદીઓએ પહેલાં એક પ્રવાસીને તેનું નામ પૂછ્યું અને એ હિંદુ હોવાની ખબર પડતાં તેના માથામાં ગોળી મારીને હત્યા કરી નાખી.

આ હુમલા દ્વારા આતંકવાદીઓએ ભારત સરકારને અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ સીધો પડકાર ફેંક્યો છે. એક બીજા પ્રવાસીને પણ નામ પૂછીને આતંકીઓએ ગોળી મારી દીધી અને તેની પત્નીએ પોતાને પણ ગોળી મારી દેવા કહ્યું તો કહ્યું કે, તને એટલા માટે છોડી રહ્યા છીએ કે જેથી તુ મોદીને આ હુમલા વિશે કહી શકે. આતંકવાદીઓએ એ પછી ત્યાં હાજર બીજા પ્રવાસીઓ પર બેફામ ગોળીબાર કરીને ઢગલાબંધ લાશો ઢાળી દીધી અને પછી ભાગી ગયા. લશ્કર-એ-તોયબા સાથે સંકળાયેલા રેઝિસ્ટન્સ ફ્રન્ટ નામના સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે.

પહલગામનો હુમલો ફેબ્રુઆરી ૨૦૧૯ પછી કાશ્મીરમાં થયેલો સૌથી મોટો આતંકવાદી હુમલો છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં પુલવામામાં થયેલા આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના ૪૭ જવાનો શહીદ થયા હતા. એ હુમલો પણ કાવતરું ઘડીને કરાયેલો ને આ હુમલો પણ કાવતરું ઘડીને કરાયો છે એ સ્પષ્ટ છે. આ હુમલા પાછળનો મુખ્ય ઉદ્દેશ જમ્મુ અને કાશ્મીરમાં ફરી અશાંતિ ઉભી કરીને તેને દેશના મુખ્ય પ્રવાહથી દૂર કરવાનો છે એ કહેવાની જરૂર નથી.

જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી હુમલા સાવ બંધ થયા નથી પણ ઘટ્યા ચોક્કસ છે. કાશ્મીરમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ પણ સફળતાપૂર્વક યોજાઈ ગઈ. ૨૦૧૯ના ઓગસ્ટમાં ભારત સરકારે જમ્મુ અને કાશ્મીરને ખાસ દરજ્જો આપતી બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી ત્યારે પાકિસ્તાન અને તેના પીઠ્ઠુ આતંકવાદીઓને લાગતું હતુ કે, કાશ્મીરની પ્રજા તેનો વિરોધ કરશે અને રસ્તા પર ઊતરી આવશે. પાકિસ્તાન અને તેના પીઠ્ઠુ આતંકવાદીઓની આ મેલી મુરાદ બર નથી આવી. બલકે, કાશ્મીરના લોકો કલમ ૩૭૦ની નાબૂદીને ભૂલીને શાંતિથી જીવી રહ્યા છે અને ભારત દ્વારા કરાતી ચૂંટણીઓમાં ભાગ પણ લઈ રહ્યાં છે તેથી આતંકવાદીઓના પેટમાં તેલ રેડાયું છે. ભારતના બીજા ભાગોમાંથી લોકો આવી રહ્યાં છે અને ટુરિઝમ પાછું ધમધમવા માંડ્યું છે. કાશ્મીરના લોકોને આ કમાણી અને શાંતિની લત ના લાગે એટલે આ હુમલો કરાયો છે. આતંકવાદીઓનો ઉદ્દેશ્ય કાશ્મીરના પર્યટનને નુકસાન પહોંચાડવાનો છે. આ હુમલા પછી આ વિસ્તારમાં પ્રવાસન પર ફરી અસર પડશે જ.

જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાને વખોડીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે, આ ઘૃણાસ્પદ કૃત્ય કરનારાંના ખરાબ ઇરાદા ક્યારેય સફળ થશે નહીં અને હુમલા માટે જવાબદાર લોકોને છોડવામાં નહીં આવે. મોદી પોતે કે મોદી સરકાર શું કરવા માગે છે એ ખબર નથી પણ આ આતંકવાદી હુમલા પછી આખા દેશની લાગણી એક જ છે કે, આતંકવાદીઓને અને તેમને પોષનારાને જડબાતોડ જવાબ મળવો જોઈએ. આતંકવાદીઓ સામે એવાં આકરાં અને નક્કર પગલાં લેવા જોઈએ કે તેમની સાત પેઢી યાદ કરે અને ભવિષ્યમાં ફરી આ હુમલો કરવાની હિંમત જ ના કરે.

જમ્મુ અને કાશ્મીર ભારતનું રાજ્ય છે અને ભારતના રાજ્યમાં આતંકવાદીઓ ઘૂસીને ધોળે દિવસે ભારતનાં નાગરિકોને મારી નાખે તેનો જવાબ ભારતે એ જ ભાષામાં આપવો જોઈએ. આતંકવાદીઓને પોષનારાને પણ એ જ ભાષામાં જવાબ આપવો જોઈએ. આતંકવાદીઓએ ધોળા દિવસે હુમલો કરીને આપણા નાગરિકોને માર્યા છે તો ભારતે પણ આખી દુનિયાની સામે એ જ રીતે ધોળે દિવસે આતંકીઓનો સફાયો કરીને જવાબ આપવો જોઈએ, રાતના અંધારામાં કરાતી સર્જિકલ સ્ટ્રાઈક્સથી નહીં. ભારત બદલાયું છે તેનો અહેસાસ ફિલ્મો કે વેબ સિરીઝમાં જ નહીં પણ વાસ્તવિક રીતે પણ થવો જોઈએ.

આ હુમલા પાછળ પાકિસ્તાન છે એ કહેવાની જરૂર નથી. આ સંજોગોમાં ભારતે સૌથી પહેલો પાઠ પાકિસ્તાનને ભણાવવો જોઈએ અને તેનાં જે પરિણામો ભોગવવાનાં થાય એ ભોગવવાની સૌએ તૈયારી રાખવી પડશે. દેશપ્રેમ ખાલી સોશિયલ મીડિયા પર બતાવવાની લાગણી નથી. તેના માટે ભોગ આપવો પડે છે ને એ ભોગ આપવા તૈયાર રહેવું પડશે. ઈઝરાયલમાં દેશની રક્ષા માટે લોકો ભોગ આપી રહ્યાં છે, યુક્રેનમાં દેશદાઝને ખાતર લોકો ભોગ આપી રહ્યા છે. જરૂર પડે તો આપણે પણ એવો ભોગ આપવા તૈયાર રહેવું પડે.

પહલગામના હુમલા પછી આપણે ત્યાં એવા મેસેજ વાયરલ થયા છે કે, સોશિયલ મીડિયા પર ચોક્કસ સમુદાયના કેટલાક લોકો આ હુમલાથી ખુશખુશાલ છે. મેસેજની સાથે જ્ઞાન પણ પિરસાઈ રહ્યું છે કે, દેશની બહારના દુશ્મનો કરતાં દેશની અંદર રહેલા ગદ્દારો વધારે ખતરનાક છે.

આ વાત સાવ સાચી છે પણ આ હુમલા માટે દેશમાં રહેલા ગદ્દારો પર દોષનો ટોપલો ઢોળીને કે તેમને સજા આપવાના ઝનૂનમાં દેશના બહારના દુશ્મનોને કશું ના કરવું એ બાયલાગીરી કહેવાય. આતંકવાદીઓને ભારતમાંથી કોણ મદદ કરે છે એ આપણને ખબર નથી પણ બહારથી કોણ મદદ કરે છે એ ખબર છે. આ સંજોગોમાં આપણું ટાર્ગેટ એ બહારના દુશ્મનો હોવા જોઈએ ને તેમના પર ભીષણ હુમલો કરીને તેમની કમર જ તોડી નાખવી જોઈએ. તેમની એવી હાલત કરી નાંખવી જોઈએ કે, આતંકવાદીઓને તો છોડો પણ પોતાને મદદ કરવાને લાયક જ ના રહે. જેમની મર્દાનગી ઉછાળા મારતી હોય એ બધાએ મર્દાનગી પાકિસ્તાન સામે બતાવવી જોઈએ, આ દેશના મુસ્લિમો સામે નહીં.

આ બહારના દુશ્મનોને ખતમ કરવા એટલે જરૂરી છે કે, આ દેશમાં રહીને ગદ્દારી કરનારા આતંકવાદીઓનાં હાથોમાં એક-૪૭ નથી પકડાવતા કે લોકોનાં ઢીમ નથી ઢાળવા માટે ગોળીઓ પણ નથી આપતા. એ બધું બહારથી જ મળે છે એટલે આતંકીઓને એકે-૪૭ ને ગોળીએ આપનારા હાથને પહેલાં કાપવો જરૂરી છે. અંદરના ગદ્દારો સાથે તો ગમે ત્યારે લડી લેવાશે ને સાફ પણ કરી દેવાશે ને બહારથી મદદ મળતી બંધ થશે એટલે આપોઆપ ગદ્દારી પણ બંધ થઈ જશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૨૪-૪-૨૦૨૫,
વરુથિની એકાદશી, શ્રી વલ્લભાચાર્ય જયંતી,

- ભારતીય દ્દિનાંક ૪, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૬મો,માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર શતભિષા સવારે ક. ૧૦-૪૮ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં ક. ૨૭-૨૫ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૨, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૧૩, રાત્રે ક. ૨૧-૨૬
- ઓટઃ બપોરે ક. ૧૫-૦૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૪૭ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – એકાદશી. વરુથિની એકાદશી (સક્કરટેટી), શ્રી વલ્લભાચાર્ય જયંતી, પંચક.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. ગુરુ-રાહુ દેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, વરુણ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, પરદેશગમનનું પસ્તાનું, સર્વશાંતિ પૂજા, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, રાજ્યાભિષેક, શ્રી સત્યનારાયણ, વિઠ્ઠલ-રુકમિણી, શ્રી રામમંદિર આદિ અનેક મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા, કળશ, પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, વસ્રો, આભૂષણ, દેવદર્શન, અન્નપ્રાશન, નામકરણ, માલ લેવો, દુકાન-વેપાર, નોકરી, વાહન, સવારી, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, રત્ન ધારણ, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટો કરવાનો સ્વભાવ, ચંદ્ર-રાહુ યુતિ નિષ્ફળતાનો ભય, શુક્ર-શનિ યુતિ મર્યાદિત લાગણીવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ યુતિ (તા. ૨૫), શુક્ર-શનિ યુતિ (તા. ૨૫)
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અલ્લાહ રહીમ-કરીમ છે જે દુશ્મનો પર પણ દયાની નજર રાખે છે

**માનવસ્વભાવને** બયાં કરતી એક શાયરના લા'જવાબ, અર્થપૂર્ણ શેરનો સરળ ગુજરાતીમાં અર્થ એવો થાય છે કે, રોજીરોટી માટે પરેશાન અને માયુશ (હતાશ) થવાની જરૂર નથી. રબની કુદરત તો એવી છે કે, બાળક દુનિયામાં કદમ મૂકે તે પહેલાં માની છાતીમાં તેની ખોરાકીની વ્યવસ્થા તે કરી આપતો હોય છે.

* બેશકઃ અલ્લાહ મોટી શાનવાળો અને કુદરતવાળો છે.

પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવ્યું છે કે – ખુદાની શાન (ભવ્યતા) તો જુઓ, કે તે જ્યારે કોઈ વસ્તુ વજૂદ (અસ્તિત્વ)માં લાવવા માગે છે તો કહી દે છે કે થઈજા તો તે જ વખતે વજૂદમાં આવી જાય છે.

હઝરત શેખ સા'દી સાહેબની મુનાજાત (ફરિયાદ) એવી છે કેઃ-

*અય કરીમે કે અઝ ખઝાનએ ગૈબ*
*ગિબરો તરસાં વઝીફાં ખુરદારી*
*દોસ્તાં રા કુજા કુની મહરૂમ*
*તુ કે બા દુશ્મનનાં નઝરદારી*

અર્થાત્ઃ અય ખુદા! જ્યારે તું એવો કરીમ – રહીમ (દયાળુ, ઉદાર ઈશ્વર) છે કે જે દરેકને પોતાના (ગૈબી) (છુપા) ખજાનાથી રોજી આપે છે અને દુશ્મનો પર રહમત (ઈશ્વરીદયા) ની નજર રાખે છે તો પોતાના દોસ્તો – ખુદાપરસ્તો, કે જે તારા ઈબાદત ગુજાર છે, તેને કેવી રીતે મહરૂમ (વંચિત) રાખશે?

આકાશ અને જમીન પર ખુદાની કુદરતની અસંખ્ય નિશાનીઓ મૌજુદ છે. અત્રે એમાંની અમુક વસ્તુઓનું વર્ણન તારવ્યું છે, કે જેની સાથે અરબસ્તાનના રણપ્રદેશમાં વસતા લોકો વિશેષ સંબંધ ધરાવે છે. તેઓ ઊંટો પર સવાર થઈ લાંબા લાંબા પ્રવાસ ખેડતા હતા અને તે સમયે તેઓ પાસે મુસાફરી માટે સર્વોત્તમ સાધન ઊંટ જ હતું. સાથે ઉપર આકાશ, નીચે ધરતી અને ચારેબાજુ પર્વતોની હારમાળા હતી. અલ્લાહની નેઅમત (ઈશ્વરની દેણગી) સમાન અત્રે દર્શાવેલ વસ્તુઓ પર વિચાર અને ચિંતન – મનન કરવા માટે ફરમાવવામાં આવ્યું. બીજી તો એવી અનેક વસ્તુઓ છે, પણ આપણે ફક્ત આ ચાર વસ્તુઓ પર ખુદાની કુદરત પર વિચાર કરીએ તો અલ્લાહતઆલાની દરેક ચીજ પર સંપૂર્ણ પ્રભુત્વ હોવું સમજમાં આવી જશે.

અરબસ્તાન અને બીજા એવા રેતાળ પ્રદેશોમાં સૌથી મોટું જાનવર ઊંટ જ છે. રણપ્રદેશ હોવાને કારણે અન્ય જાનવરો જેવા કે હાથી વગેરે ત્યાં હોતા નથી. બીજું એ કે ખુદાવંદે કરીમે આ વિશાળકાય જાનવરને એવું બનાવ્યું કે ત્યાંના ગરીબ અને બદુલોકોને પણ આવા જાનવરને પાળવામાં મુશ્કેલી પડતી નથી. કારણ કે તેને છોડી દેવામાં આવે તો પોતાનું પેટ જાતે ભરી લે છે. ઊંચા વૃક્ષોની ડાળીઓ અને પાંદડા પોતે ઊંચું હોવાને કારણે જાતે તોડી પોતાનું ગુજરાન ચલાવી લે છે. ઉપરાંત અરબસ્તાનના રણમાં પાણી એક દુષ્પ્રાપ્ય અને માઈલો સુધી અપ્રાપ્ય વસ્તુ છે. દરેક જગ્યાએ કોઈપણ સમયે પાણી મળવું મુશ્કેલ છે. અલ્લાહતઆલાએ ઊંટના પેટમાં એક કુદરતી ટાંકી એવી લગાવી આપી કે સાત આઠ દિવસનું પાણી પીને તે આ ટાંકીમાં સંઘરી શકવા શક્તિમાન હોય છે અને ધીરે ધીરે પોતાની પાણીની જરૂરિયાત એમાંથી તે પૂરી કરે છે. ઉપરાંત આટલા ઊંચા જાનવર પર સવાર થવા માટે સીડીની જરૂરત પડે. ખુદાતઆલાએ એના પગને ત્રણ વળાંકમાં વહેંચી આપ્યા છે. દરેક પગમાં બે ઘૂંટણ બનાવ્યા જેથી ઊંટ પગવાળીને બેસી જાય છે તો તેના ઉપર ચઢવું – ઉતરવું સરળ થઈ જાય છે. ઊંટ શ્રમ પણ સારો એવો વેઠી શકે છે. રણપ્રદેશમાં દિવસના તાપમાં મુસાફરી અત્યંત મુશ્કેલ બનતી હોય છે. અલ્લાહપાકે આ જાનવરને રાતભર ચાલવાની આદત (ટેવ)વાળું બનાવ્યું. ઉપરાંત તે એટલું ડાહ્યું જાનવર છે, કે એક બાળક પણ તેને દોરીને ચાલી શકે છે.

આમ અલ્લાહતઆલાએ જાનવરોમાં આ એક જાનવરનો કુરાન શરીફમાં ઉલ્લેખ ફરમાવી માનવજાતને તેની કુદરતનો પરિચય કરાવ્યો છે. તેના દરેક સર્જન પર ચિંતન-મનન કરવાની હિદાયત આપી છે. આ ચિંતન-મનન પણ ઈબાદતનો જ એક હિસ્સો હોવાનું ફરમાવ્યું છે. જેનો સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ એવો થાય છે કે,

'તે અલ્લાહ એ જ છે કે જેણે જમીનની તમામ ચીજો તમારા માટે પેદા કરી.

પછી આકાશ તરફ ધ્યાન આપ્યું, પછી તેમાંથી સાત આસમાન બનાવ્યા. અલ્લાહ તમામ ચીજોનો જાણનાર છે.' – કુરાન કરીમ, પ્રકરણ-૨, આયત (શ્લોક) ૨૯.

'આકાશ તથા પૃથ્વીનો આરંભ કરનાર અલ્લાહ જ છે અને જ્યારે તે કોઈ બાબતનો નિર્ણય કરે છે ત્યારે તે એટલું જ કહે છે 'કુન' (થા); એટલે તરત જ થઈ જાય છે.' – કુરાન કરીમ પ્રકરણ-૨, આયત ૧૧૭.

'હે રસૂલ! કહો, કે જે કાંઈ તમારા અંતઃકરણોમાં છે, તે ચાહો સંતાડો યા જાહેર કરો, અલ્લાહ તે સઘળું જાણે છે, અને જે કાંઈ આસમાનોમાં છે તથા જે કાંઈ જમીનમાં છે તે પણ જાણે છે. અલ્લાહ દરેક વસ્તુ પર સંપૂર્ણ કાબૂ ધરાવનાર છે – કુરાન કરીમ, પ્રકરણ-૩, આયત-૨૮.

**સાપ્તાહિક સંદેશઃ**

જે સંતાન પોતાના માતાપિતાને ખરેખર ખુશ કરે, એણે અલ્લાહને રાજી કર્યા અને જે સંતાન પોતાના માતાપિતાને નારાજ કરે, એણે ખરેખર અલ્લાહને નારાજ કર્યા.

**અસનાદ (સત્યવાદી)**
**હુઝુર અનવર (સલ.)**

## પહેલા પાનાનું ચાલુ

### બે ત્રાસવાદી ઠાર

ગયા હતા. લશ્કરે આતંકવાદીમાં મોટા પ્રમાણમાં હથિયાર, ગોળા, દારૂગોળો અને અન્ય યુદ્ધસંબંધી સામાન જપ્ત કર્યો હતો.

ચિનાર કોરે સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ 'એક્સ'માં લખ્યું હતું કે બે-ત્રણ અજ્ઞાત આતંકવાદીઓને બારામુલ્લાના ઉડી નાલાના સરજીવનના સામાન્ય ક્ષેત્રમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. એલઓસી પર સતર્ક જવાનોએ તેમને પડકારીને ગોળીબાર થયો હતો. સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે ભારે ગોળીબાર કર્યો હતો. આ દરમિયાન બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. ઓપરેશનમાં સુરક્ષા દળોએ ઘૂસણખોરીની કોશિશ વિફળ બનાવી હતી. દક્ષિણ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલામાં ૨૮ જણ માર્યા ગયા છે અને એમાં સંડોવાયેલા ત્રણ શકમંદના સ્કેચ સુરક્ષા દળોએ બુધવારે બહાર પાડ્યા હતા. ત્રણ પાકિસ્તાની આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલહાના સ્કેચ બહાર પાડવામાં આવ્યા છે. આ ત્રણેયના કોડનેમ મૂસા, યુનુસ અને આસીફ ફોજી છે અને પૂંચમાં અનેક આતંકવાદી બનાવોમાં તેઓ સંડોવાયેલા છે. હુમલામાં બચી ગયેલા લોકોની મદદથી આ સ્કેચ તૈયાર કરવામાં આવ્યા હતા. પેન્સિલથી બ્લેક એન્ડ વાઈટમાં દોરાયેલા સ્કેચ જોતા જાણ પડે છે કે આ યુવાનો છે અને તેમને દાઢી છે. પાકિસ્તાનસ્થિત પ્રતિબંધિત લશ્કરે તૈયબા આતંકવાદી સંગઠનના જૂથ 'ધ રેસિસ્ટન્સ ફ્રન્ટ' (ટીઆરએફ)એ મંગળવારે બપોરે હુમલાની જવાબદારી લીધી હતી. (એજન્સી)

### પાકિસ્તાન પર

આપ્યા બાદ સોશિયલ મીડિયા પરના સંદેશામાં કહ્યું હતું કે ભારે હૃદયે પહેલગામ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી છે. આ ઘૃણાસ્પદ હુમલાના દોષીઓને બક્ષવામાં નહીં આવે, એમ તેમણે કહ્યું હતું. કાશ્મીરના હુમલા બાદ ૧,૫૦૦થી વધુ લોકોની અટક કરાઈ હતી. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલે જણાવ્યું હતું કે ગૃહ મંત્રાલયે ત્રાસવાદીઓ અને તેઓને મદદ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની છૂટ સલામતી દળોને આપી છે. દક્ષિણ કાશ્મીરના મહત્ત્વના પર્યટક સ્થળ પહલગામમાં આતંકવાદીઓએ મંગળવારે કરેલા હુમલામાં ૨૮ જણનાં મોત થયા હોવા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હતા. જમ્મુ-કાશ્મીરની પોલીસે હુમલાખોર ત્રાસવાદીઓને પકડવા માહિતી આપનારને રૂ. ૨૦ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી હતી. (એજન્સી)

### ત્રણ હુમલાખોરના

સંડોવાયેલા છે. હુમલામાં બચી ગયેલા લોકોની મદદથી આ સ્કેચ તૈયાર કરવામાં આવ્યા હતા. પેન્સિલથી બ્લેક એન્ડ વાઈટમાં દોરાયેલા સ્કેચ જોતા જાણ પડે છે કે આ યુવાનો છે અને તેમને દાઢી છે. પાકિસ્તાનસ્થિત પ્રતિબંધિત લશ્કરે તૈયબા આતંકવાદી સંગઠનના જૂથ 'ધ રેસિસ્ટન્સ ફ્રન્ટ' (ટીઆરએફ)એ મંગળવારે બપોરે હુમલાની જવાબદાર છે. (એજન્સી)

### હુમલામાં ત્રણ

જેમાં બે ભાવનગરના અને એક સુરતના મૃતકનો સમાવેશ થાય છે. જ્યારે બે ઘાયલ થયા હતા. મૃતદેહોને પરત લાવવા માટે અમે કેન્દ્ર અને જમ્મુ અને કાશ્મીર સરકારના સંપર્કમાં છીએ અને હુમલામાં બચી ગયેલા અન્ય પ્રવાસીઓને પણ પાછા લાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સુરત શહેરના ચીકુવાડી વિસ્તારના રહેવાસી કળથિયા (ઉ.વ.૪૪) થોડા વર્ષો પહેલા મુંબઈ શિફ્ટ થયા હતા. મૃતકના પિતરાઈ ભાઈએ જણાવ્યું હતું કે તેઓ ચાર વર્ષ પહેલા નોકરી ટ્રાન્સફરને કારણે મુંબઈ શિફ્ટ થયા હતા. તેઓ તેમની પત્ની અને બે બાળકો સાથે પહેલગામ ગયા હતા. જ્યારે હુમલાની ઘટનામાં તેમના પત્ની અને બાળકો સુરક્ષિત હોવાની વિગતો છે. પહલગામ આતંકવાદી હુમલામાં ભાવનગર શહેરના કાળિયાબીડ વિસ્તારના રહેવાસી યતીશ પરમાર અને તેમના પુત્ર સ્મિત પરમારનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાવનગરના ૧૯ વ્યક્તિઓ ૧૬ એપ્રિલે કથાકાર મોરારી બાપુની કથામાં હાજરી આપવા માટે કાશ્મીર ગયા હતા.

### રાજનાથે

રાજનાથસિંહે સેનાને આતંકવાદવિરોધી ઑપરેશન્સની કામગીરીને વેગ આપવાનો આદેશ આપ્યો હતો. આતંકવાદીઓ મંગળવારે દક્ષિણ કાશ્મીરમાં આવેલા પર્યટકોના મુખ્ય સ્થળ પહેલગામમાં હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછાં ૨૮ જણ (મોટાભાગના પર્યટકો)નાં મોત થયાં હોવા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. મૃતકોમાં બે વિદેશી નાગરિક (યુએઈ અને નેપાળ) અને બે સ્થાનિક લોકોનો પણ સમાવેશ થતો હતો. ઘટનાને પગલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની સઉદી અરબની મુલાકાત ટૂંકાવી હતી અને બુધવારે સવારે તેઓ સ્વદેશ પાછા આવી ગયા હતા. મોદીએ કહ્યું હતું કે આ હુમલાના દોષીઓને બક્ષવામાં નહીં આવે અને વહેલામાં વહેલી તકે તેમને પકડી પાડી કડક સજા કરવામાં આવશે. ગૃહ પ્રધાન અમિત શાહ સુરક્ષાનાં પગલાં લેવા મંગળવારે સાંજે જ શ્રીનગર પહોંચી ગયા હતા. (એજન્સી)

### હુમલામાં મરનારના

પ્રતીક તરીકે દરેક કુટુંબના મૃતકના પરિવારને રૂપિયા દસ લાખ એક્સ ગ્રેસિયા તરીકે આપવામાં આવશે. મુખ્ય પ્રધાને એવી પણ જાહેરાત કરી હતી કે આતંકવાદી હુમલામાં ગંભીર રીતે ઘાયલ થનારને બે લાખ રૂપિયા અને નજીવી ઈજા જેમને થઈ છે તેમને એક લાખ રૂપિયા આપવામાં આવશે. ઉમરે કહ્યું હતું કે મૃતકોના મૃતદેહને આદર સાથે તેમના ઘરે મોકલવામાં આવશે.

### કાશ્મીર ૩૫ વર્ષ બાદ

વસ્તુઓની દુકાનો જ ખુલ્લી રહી હતી.

રસ્તા પર સરકારી વાહનોની પાંખી હાજરી જોવા મળી હતી તો ખાનગી વાહનોની અવરજવર સામાન્ય રહી હતી. ખાનગી સ્કૂલો બંધ રહી હતી. જોકે સરકારી શાળાઓ ચાલુ રાખવામાં આવી હતી.

અનેક સ્થળોએ શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

દક્ષિણ કાશ્મીરના પર્યટક રિસોર્ટ પહેલગામમાં આતંકવાદીઓએ મંગળવારે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઓછામાં ઓછાં ૨૮ જણ (મોટાભાગના પર્યટક)નું મોત થયું હોવા ઉપરાંત અનેક લોકો ઘાયલ થયા હતા.

ઘટનાને પગલે સમગ્ર કાશ્મીર ખીણ પ્રદેશમાં-ખાસ કરીને મહત્ત્વનાં પર્યટક સ્થળોએ સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

અનેક જગ્યાએ નવી ચૅક પૉસ્ટ ઊભી કરવામાં આવી હતી. સુરક્ષા દળો તમામ પર્યટક સ્થળોએ વાહનવ્યવહારની અવરજવર પર ચાંપતી નજર રાખી રહ્યા છે અને પહેલગામના બૈસરણ વિસ્તારમાં સઘન સર્ચ ઑપરેશન આરંભ્યું છે.

હુમલાના એક દિવસ બાદ તમામ પર્યટક સ્થળોએ વધારાનું સુરક્ષા દળ ગોઠવી દેવામાં આવ્યું છે. કાશ્મીરમાં આતંકવાદી હુમલાના વિરોધમાં લોકોએ સ્વેછીક રીતે જમ્મુમાં બંધ પાળ્યો હતો.

પહેલગામમાં આતંકવાદીઓના કાયરતાપૂર્ણ કૃત્યમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ વાતને ધ્યાનમાં રાખીને બુધવારે જમ્મુ અને કાશ્મીરની બધી શાળાઓ બંધ રાખવામાં આવી હતી.

આ સાથે, વિવિધ હિન્દુ સંગઠનો અને રાજકીય પક્ષોએ બુધવારે જમ્મુ અને કાશ્મીરમાં સંપૂર્ણ બંધનું આહ્વાન કર્યું હતું.

શ્રીનગરસ્થિત જમ્મુ અને કાશ્મીર હાઈ કોર્ટ બાર એસોસિએશને આ ઘટનાની સખત નિંદા કરી હતી, તેને નિર્દોષ નાગરિકો અને પ્રવાસીઓ પર "કાયર અને હેવાની હુમલો" ગણાવ્યો હતો અને બુધવારે કોર્ટની કાર્યવાહી સંપૂર્ણ રીતે બંધ રાખી હતી.

જમ્મુ, જમ્મુ અને કાશ્મીર હાઈ કોર્ટ બાર એસોસિએશન, જમ્મુએ પણ પીડિતો સાથે એકતા દર્શાવતા ૨૩ એપ્રિલે કોર્ટ કાર્યવાહી સંપૂર્ણ બંધ રાખવાની જાહેરાત કરી હતી.

એક દુર્લભ સર્વસંમતિના પ્રદર્શનમાં, તમામ મુખ્ય રાજકીય પક્ષો, સામાજિક સંગઠનો અને નાગરિક સમાજ જૂથોએ જમ્મુ બંધનું એલાન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ટ્રાન્સપોર્ટ યુનિયનો અને વેપારીઓના સંગઠનોએ તેમનો સંપૂર્ણ ટેકો આપ્યો છે, જેના કારણે સમગ્ર જમ્મુમાં સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો.

જાહેર પરિવહન રસ્તાઓથી દૂર રહ્યા હતા, અને આતંકવાદના ગુનેગારો સામે અને શોકગ્રસ્ત પરિવારોના સમર્થનમાં પ્રતીકાત્મક વિરોધ તરીકે સંપૂર્ણ ચક્કા જામ (રસ્તા નાકાબંધી) જાહેર કરવામાં આવ્યું હતું.(એજન્સી)

### પાકની સંડોવણીના

લોકો પાસેથી મળેલી માહિતીના આધારે ગુપ્તચર સૂત્રોએ જણાવ્યું છે કે આતંકવાદીઓએ હુમલો કરવા માટે લશ્કરી હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આનો અર્થ એ થયો કે હુમલાખોરો સંપૂર્ણપણે તાલીમ પામેલા હતા અને તેમની પાસે જરૂરી બધાં શસ્ત્રો હતાં.

ભારતીય એજન્સીઓને ઘટના સ્થળની આસપાસ અદ્યતન શ્રેણીના સંદેશાવ્યવહાર ઉપકરણો મળ્યાં છે. આ સૂચવે છે કે આતંકવાદીઓને બહારથી લોજિસ્ટિકલ સપોર્ટ અને સહયોગ મળી રહ્યો હતો.

ગુપ્તચર એજન્સીઓનો દાવો છે કે હુમલો કરનારા આતંકવાદીઓ પાકિસ્તાનમાં બેઠેલા કાર્યકરો સાથે સીધા સંપર્કમાં હતા.

પાકિસ્તાનના મુઝફ્ફરાબાદ અને કરાચીમાં પહલગામ હુમલાના શંકાસ્પદોના ડિજિટલ કનેક્શન મળી આવ્યા છે, જે સરહદ પારના આતંકવાદી સંબંધોના પુરાવાને મજબૂત બનાવે છે.

પાકિસ્તાને આ ઘટનાનો ઇનકાર કર્યો છે અને કહ્યું છે કે તેનો તેની સાથે કોઈ સંબંધ નથી. અહેવાલ મુજબ, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા સાથે પાકિસ્તાનનો કોઈ સંબંધ નથી. અમારે આની સાથે કોઈ લેવાદેવા નથી. અમે તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરીએ છીએ. તેમણે કહ્યું કે પહેલગામ ઘટના સાથે અમારો કોઈ સંબંધ નથી.

સુરક્ષા સંસ્થાનાં સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના મંગળવારે થયેલાં ત્રાસવાદી હુમલામાં સામેલ બે સ્થાનિક ત્રાસવાદીની ઓળખ બિજબેહરાના આદિલ ઠાકુર અને ત્રાલના આસિફ શેખ તરીકે થઈ છે.

પહેલગામમાં લશ્કર-એ-તોયબા (એલઇટી) ના ચાર આતંકવાદીઓના એક જૂથે, જેમાં બે સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે, એકે-૪૭ રાઇફલથી સજ્જ અને બોડી કેમેરા પહેરેલા હતા, તેમણે પ્રવાસીઓમાં હિન્દુઓને અલગ કરીને ગોળીઓ મારી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પાકિસ્તાની આતંકવાદીઓ પશ્તુન પૃષ્ઠભૂમિના હોય તેવું લાગે છે.

સૂત્રોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે હુમલામાં સામેલ ચારેય આતંકવાદી પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તોયબાના છે, જોકે ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) એ જવાબદારી લીધી છે. તેમણે કહ્યું કે ટીઆરએફ એ લશ્કર-એ-તોયબાનો એક મોરચો છે, જેનો ઉપયોગ હુમલાને એક સ્વદેશી જૂથના કાર્ય તરીકે દર્શાવવા માટે કરવામાં આવે છે.સુરક્ષા દળોએ આતંકવાદીઓના જૂથને શોધવા માટે મોટા પાયે શોધખોળ શરૂ કરી છે. ખાસ દળોને પણ તહેનાત કરવામાં આવ્યા છે.

# વિલે પાર્લે દેરાસર

# ડિમોલિશન કરનારની બદલી કેમ? ઈજનેરોનો વિરોધ

## લઘુમતી પંચ સામે આજે ફરી સુનાવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને તોડી પાડવાની કાર્યવાહી કરનારા અધિકારીના બદલી કરવાના વિરોધમાં બુધવારે સુધરાઈના એન્જિનિયરો અને કર્મચારીઓએ યુનિયનના નેતૃત્વમાં કે-પૂર્વ ઓફિસમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા અને ફરજ બજાવનારા અધિકારીઓની રાજકીય દબાણ હેઠળ બદલી કરવા સામે નારાજગી દર્શાવીને ભવિષ્યમાં ડિમોલિશનની કાર્યવાહી દરમ્યાન કમિશનરને જાતે જ હાજર રહેવું એવી માગણી પણ કરી હતી. અનધિકૃત બાંધકામ તોડી પાડનારા કે-પૂર્વ વોર્ડના આસિસ્ટન્ટ કમિશનર નવનાથ ઘાડગેની બદલી કરવાના વિરોધમાં મ્યુનિસિપલ એન્જિનિયર્સ અસોસિયેશન મુંબઈ અને મ્યુનિસિપલ મજદૂર યુનિયને બુધવારે કે-પૂર્વ ઓફિસ પર મોર્ચો કાઢ્યો હતો. યુનિયનના એક્ઝિક્યુટિવ પ્રેસિડન્ટ રમેશ ભૂતેકર-દેશમુખે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ બાદ અધિકારીઓ ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરી કરતા હોય છે. જો કોર્ટના આદેશનું પાલન કરીએ તો રાજકીય દબાણ હેઠળ આવીને અધિકારીઓની બદલી કરી નાખવામાં આવે છે અને જો કોર્ટના આદેશનું પાલન નહીં કરીએ તો કોર્ટ ઠપકો આપે છે. આવી પરિસ્થિતિમાં અધિકારીઓ કામ કેવી રીતે કરવું? આ પ્રકરણમાં લઘુમતી પંચે પણ દખલ દીધી છે. જે પ્રકરણ કોર્ટમાં હોય તેના પર લઘુમતી પંચ દખલ દઈ શકતી નથી એવો અગાઉનો જ હાઈ કોર્ટના આદેશ છે, છતાં આ પ્રકરણમાં લઘુમતી પંચે પાલિકાના અધિકારી સામે ગુનો નોંધવાનો નિર્દેશ આપ્યો હતો, જે અમાન્ય છે. રાજકીય દબાણ હેઠળ વશ થઈને ફરજ બજાવનારા અધિકારીઓની આ રીતે જ બદલી કરવામાં આવવાનો સિલસિલો ચાલુ જ રહેવાનો હોય તો હવે પછી ડિમોલિશનની કાર્યવાહી દરમ્યાન કોર્ટે જાતે જ આગળ આવવું અથવા તો પાલિકા કમિશનરે જાતે જ ડિમોલિશન દરમ્યાન સાઈટ પર હાજર રહેવું એવી અમારી માગણી છે. આ દરમ્યાન દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મંગળવાર બાદ ગુરુવારે ફરી એક વખત લઘુમતી પંચ સમક્ષ ફરી સુનાવણી થવાની છે, જેમાં સંબંધિત અધિકારી દ્વારા કોર્ટના બુધવારે, ૧૬ એપ્રિલના થનારી સુનાવણીની રાહ નહીં જોતા ઉતાવળે દેરાસરને તોડી પાડવામાં આવ્યું હતું અને જે રીતે ભગવાનની મૂર્તિ સહિત દેરાસરને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું તેના પર આગળ સુનાવણી થશે.■

# ગેરકાયદે બાંધકામ તોડવા કે નહીં?

## સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવાના પાલિકાના આદેશ પછી અધિકારીઓની અવઢવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક તરફ સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરીને અનધિકૃત બાંધકામ તોડી પાડનારા અધિકારીઓની રાજકીય દબાણ હેઠળ પાલિકા પ્રશાસન દ્વારા બદલી કરી નાખવામાં આવે છે. તો બીજી તરફ પ્રશાસન દ્વારા શહેરમાં રહેલા ગેરકાયદે બાંધકામને સુપ્રીમ કોર્ટે નક્કી કરેલી ગાઈડલાઈનનું પાલન કરીને આકરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. તેથી અધિકારીઓને શું કરવું એવો સવાલ સતાવી રહ્યો છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગેરકાયદે બાંધકામ તોડી પાડનારા અધિકારીની માત્ર ૧૫ દિવસમાં બદલી કરી નાખવામાં આવી છે તેની સામે અધિકારીઓમાં નારાજગી વ્યાપી ગઈ છે ત્યારે પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ બુધવારે ગેરકાયદે બાંધકામ સંદર્ભમાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરીને કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કામગીરીનું વીડિયો રેકોર્ડિંગ કરવું તથા સુપ્રીમ કોર્ટની અન્ય ગાઈડલાઈનનું પાલન કરવું. ગેરકાયદે બાંધકામ સામે કોઈ પણ પ્રકારની બેદરકારી રાખવી નહીં અને જ્યારે પણ તે બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી કરવાની હોય ત્યારે પાલિકાના જુદા જુદા વિભાગ સહિત પોલીસ સહિત જુદી યંત્રણા સાથે સમન્વય સાધવો એવો નિર્દેશ પણ તેમણે આપ્યો હતો. ■

# કોસ્ટલ રોડ પર વરલીમાં હેલિપેડ બનાવવાની યોજના

મુંબઈ: મુંબઈમાં ટ્રાફિક જામની સમસ્યા નિવારવા અને નાગરિકોને આરામદાયક અને ઝડપી પરિવહન વિકલ્પ આપવા આકાર પામેલા કોસ્ટલ રોડને હવે આકાશ માર્ગે પણ જોડવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે. બીએમસીના કોસ્ટલ રોડ વિભાગે વરલી જેટ્ટી ખાતે હેલિપેડ બનાવવા માટેની શક્યતાઓનો અભ્યાસ કરવા માટે ભારત સરકારના સાહસ પવન હંસ લિમિટેડને સલાહકાર તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હેઠળના મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટેશન પ્લાનનો એક ભાગ છે.

માર્ચમાં હેલિપેડ યોજના વિશે સૌપ્રથમ અહેવાલ આવ્યા બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બીએમસીને કોસ્ટલ રોડ પર તેને બનાવવા વિશે વિચારણા કરવા કહ્યું હતું. બીએમસીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, " તે એક સરકારી ઉપક્રમ છે, તેથી પ્રોજેક્ટ માટે પવન હંસને સીધી સલાહકાર તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. તેના માટે વહીવટકર્તાની પરવાનગી લેવામાં આવી રહી છે." વરલી ડેરીની સામે કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે બનાવેલી કામચલાઉ જેટ્ટી પર હેલિપેડ સ્થાપવાની યોજના છે. શરૂઆતમાં બે જેટ્ટી હતી, એક અમરસન્સ ગાર્ડન પાસે જે તોડી પાડવામાં આવી હતી અને બીજી વરલીમાં. ■


25 Protecting Lives, Securing Future | SBI Life Apne liye. Apno ke liye.

## એસબીઆઈ લાઈફ-સ્માર્ટ પ્લેટિના સુપ્રીમ:

### તમારા પરિવારના ભવિષ્ય માટે નાણાકીય આત્મવિશ્વાસનું નિર્માણ કરો

પ્રત્યેક માતા-પિતા તેમના બાળકને શ્રેષ્ઠ રીતે-તક, સુરક્ષા અને તેમના સ્વપ્ન પૂર્ણ કરવા સાથે સ્વતંત્રતા સાથેનું ભવિષ્ય આપવાની ઇચ્છા રાખે છે. જો કે, આ સપનાઓ પૂર્ણ કરવા માટે મજબૂત પાયા નિર્માણ આવશ્યક છે અને જીવનમાં આવતી અનિશ્ચિતતાઓ વચ્ચે, નાણાકીય સ્થિરતા એક મહત્ત્વપૂર્ણ આધાર બની શકે છે.

અને આ માટે જ ગેરંટીડ ઇન્કમ પ્લાન્સ કામમાં આવે છે - તે નાણાકીય વૃદ્ધિની નિશ્ચિતતા પ્રદાન કરે છે અને તે સૌથી મહત્ત્વપૂર્ણ વસ્તુનું રક્ષણ કરે છે: જે તમારા બાળકનું ભવિષ્ય છે. SBI લાઇફ - સ્માર્ટ પ્લેટિના સુપ્રીમ જે એક વ્યક્તિગત, નોન-લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ લાઇફ ઇન્શ્યોરન્સ સેવિંગ્સ ઉત્પાદન છે જે લાઈફ કવરેજ અને નિયમિત ગેરંટી સાથેની આવક દ્વારા તેના સપનાઓને વાસ્તવિકતામાં બદલવામાં પણ સહાયતા કરે છે.

**એસબીઆઈ લાઈફ - સ્માર્ટ પ્લેટિના સુપ્રીમના મુખ્ય લાભો:**

★**નાણાકીય સુરક્ષા:** તેની પ્રીમિયમ ચુકવણી સફળતાપૂર્વક પૂર્ણ થયા પછી, આ યોજના બાળક માટે એક સ્થિર આવક જે જીવનમાં થતાં ખર્ચ અને શિક્ષણ માટે થતાં આવશ્યક ખર્ચને આવરી બાળકને નાણાકીય સ્થિરતા પ્રદાન કરે છે.

★**સ્થિરતા:** બજારમાં થતી વધઘટ નાણાકીય બાબતોને અસર કરી શકે છે અને પરિવારો માટે શાળા, કૉલેજ અને લગ્ન કરવા જેવા જીવનના મુખ્ય લક્ષ્યો માટે આગામી આયોજન કરવું મહત્ત્વપૂર્ણ છે. આ યોજનાથી સતત વળતર મળે છે જે સુરક્ષિત ભવિષ્ય માટે સહાયતા કરી શકે છે.

★ **સુગમતા:** દરેક પરિવારની અનન્ય નાણાકીય જરૂરિયાતો હોય છે અને એસબીઆઈ લાઈફ-સ્માર્ટ પ્લેટિના સુપ્રીમ તેની ઓળખ કરીને પ્રીમિયમ ચુકવણીની મુદત, પૉલિસીની મુદત, ચુકવણી અવધિ અને આવક આવર્તન સાથે અનેક વિકલ્પો પ્રદાન કરે છે. પૉલિસી ધારકો માસિક, અર્ધ-વાર્ષિક અથવા વાર્ષિક પ્રીમિયમ ચૂકવવાનું પસંદ કરી શકે છે અને વાર્ષિક, અર્ધ-વાર્ષિક, ત્રિમાસિક અને માસિક ચુકવણી મેળવી શકે છે જેથી ખાતરી કરી શકાય કે યોજના તેમના ચોક્કસ નાણાકીય લક્ષ્યો સાથે સુસંગત છે.

આ માત્ર વીમો જ નથી; તે એક એવી પ્રતિબદ્ધતા કે, ગમે તેવા સંજોગો હોય, તમારા બાળકનું ભવિષ્ય - લક્ષ્યો સુરક્ષિત રહેવા જોઈએ અને તેમની આકાંક્ષાઓ પૂર્ણ કરી શકે, કારણ કે નાણાકીય આયોજનના મૂળમાં સ્થિર વળતર જ જરૂરી નથી - તે એક પ્રેમ છે જે આપણને તેમના માટે ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ માટે પ્રેરિત કરે છે. આજે જ પ્રથમ પગલું ભરો, જ્યારે તમે આત્મવિશ્વાસ સાથે યોજના બનાવો છો, ત્યારે તમે તમારા પરિવારને સૌથી એક ભવ્ય અને કિંમતી ભેટ આપો છો જે તેમની સુરક્ષા અને માનસિક શાંતિ સાથેનું ભવિષ્ય છે.


# લાખો રૂપિયાની વીજચોરી બદલ ૧૪ જણ સામે ગુનો

થાણે: થાણેમાં ૧૨ લાખ રૂપિયાથી વધુની વીજ ચોરીના આરોપસર પોલીસે ૧૨ વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

ભિવંડીના કોનગાંવ વિસ્તારમાં નિરીક્ષણ દરમિયાન મહારાષ્ટ્ર રાજ્ય વીજળી વિતરણ કંપની લિમિટેડના અધિકારીઓને વીજ પુરવઠા લાઇનમાં ઘણા ગ્રાહકોએ છેડછાડ કરી હોવાની જાણ થઈ હતી. તેમાંથી ઘણા લોકોએ વીજળીના થાંભલા સાથે જોડાયેલા વાયરમાંથી સીધી વીજળી મેળવવા માટે વીજળી મીટરને બાયપાસ કર્યા હોવાનું જાણવા મળ્યું હતું. શાંતિ નગર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ઓક્ટોબર ૨૦૨૨ થી ડિસેમ્બર ૨૦૨૪ વચ્ચે ૧૨.૨૧ લાખ રૂપિયાની વીજળી ચોરી થઈ હોવાનો આરોપ છે. ■

# સુધરાઈના પોકળ દાવા: મુંબઈમાં વરસાદી પાણી ભરાવાનાં ૮૬ સ્થળ વધ્યાં

## પહેલા ૩૮૬ જગ્યાએ પાણી ભરાતાં હતાં, પણ આ વર્ષે સંખ્યા વધીને ૪૫૩ થઇ છે

મુંબઈ: મુંબઈમાં વરસાદમાં પાણી ભરાવાની જગ્યા ઓછી થવાના બદલે વધી ગઇ છે. ગયા વર્ષે મુંબઈમાં આવા પૂરગ્રસ્ત વિસ્તારો ૩૮૬ હતા તે હવે વધીને ૪૫૩ થયા છે. ગયા વર્ષે આમાંથી ૬૦ જગ્યા પર નિયંત્રણ મેળવવામાં આવ્યો નહોતો, હવે તેમાં વધારો થયો છે અને નિયંત્રણ મેળવવામાં આવ્યો ન હોવાના વિસ્તારોની સંખ્યા ૮૬ થઇ ગઇ છે. તેથી ગયા વર્ષની સરખામણીમાં આ વખતે પાણી ભરાવાની જગ્યામાં ૧૬નો વધારો થયો છે. તેથી પાલિકાના તમામ દાવાઓ પોકળ સાબિત થયા હોવાનું જણાઇ રહ્યું છે.

મુંબઈમાં ગયા વર્ષે ૩૮૬ પૂરગ્રસ્ત વિસ્તારો જણાઇ આવ્યા હતા જેમાંથી ૩૨૬ વિસ્તારની પૂરની સ્થિતિ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી જ્યારે ૬૦ જગ્યાએ પ્રયાસ નિષ્ફળ ગયા હતા.

આ વર્ષે પાલિકાએ પૂરગ્રસ્ત વિસ્તારોની સંખ્યા વધીને ૪૫૩ પર પહોંચી ગઇ છે અને તેમાંથી ૩૬૯ પર નિયંત્રણ મેળવવામાં આવ્યો હોવાનો દાવો કર્યો છે. તેથી હજી પણ મુંબઈમાં ૮૬ એવી જગ્યા છે જ્યાં પાણી ભરાવાની શક્યતા વધુ છે. ■






Congratulations

JAGRUTI VORA

ADVOCATE

HIGH COURT & NOTARY

Mob. 9619710770

Heartiest congratulation to our partner on being appointed as NOTARY PUBLIC by Govt of India.

VPVLEGAL advocates and solicitors

512, Hubtown Solaries, N. H. Phakde Marg, Andheri - East, Mumbai - 69

C-202, Angelina, Sarojini Road, Vile Parle - West, Mumbai - 56

3, Shantikunj, Lajpatrai Road, Vile Parle - West, Mumbai - 56



50 વર્ષથી ભરોસાપાત્ર!

જૂનું તે સોનું




ધૌતી યોગ®

પાવડર અને ગોળીઓ

આજે જ રાત્રે લો, સવારે OK!

ધૌતિ યોગ ગોળીઓ ધૌતિ યોગ પાવડર જેટલી જ અસરકારક છે

પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી, મસા (પાઇલ્સ) વગેરે સમસ્યાઓમાં અસરકારક !

9422011723 બધી તબીબી અને આયુર્વેદિક દુકાનો અને Amazon પર પણ ઉપલબ્ધ છે.

મસા (પાઇલ્સ), ફીશરથી થતી બળતરા અને લોહી પડતું હોય તો ધૌતી યોગ ક્રીમનો ઉપયોગ કરો.



ડેડીકેટેડ ફ્રેટ કોરીડોર

**ડિકેટેડ ફ્રેઇટ કોરિડોર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ.**


(ભારત સરકારનો એક ઉપક્રમ)

**પ્રેસ નોટ**

**૨૫.૦૪.૨૦૨૫** થી નવા ઉમ્બરગાંવથી નવા પાલઘર સ્ટેશનો સુધી માલગાડીઓ ચલાવવા માટે UP અને DOWN **DFCCIL** ટ્રેક (સમાંતર થી IR ટ્રેક) કાર્યરત થવાને કારણે, સ્થાનિક જનતાને તેમની સલામતી માટે **DFCCIL** ટ્રેકથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. **DFCCIL** ટ્રેક દ્વારા અતિક્રમણ પર સખત પ્રતિબંધ છે.

**મુખ્ય મહાપ્રબંધક/ મુંબઈ/ઉત્તર/ડીએફસીસીઆઈએલ**


**દુ:ખદ અવસાન**



**શ્રી સુધીર તનસુખલાલ મર્ચન્ટ**

૮૧ વર્ષ

પ્રિય પત્ની જ્યોતિ મર્ચન્ટના પતિ, પુત્રી રેશ્મા અને પુત્ર રાહુલ મર્ચન્ટના પિતા, અભિજીત અને પાયલના સસરા, અને નાતિ યુવરાજના પ્યારા નાનાજી, ૨૨મી એપ્રિલ ૨૦૨૫ના રોજ મુંબઈમાં સદગતિ પામ્યા છે. તેઓ ગણદેવીના લાડ વાણિયા સમાજના હતા. તેમની ઇચ્છા મુજબ કોઈ પણ ક્રિયાકર્મો કરાશે નહીં.

પ્રભુ તેમની આત્માને શાંતિ આપે. ૐ શાંતિ


# બેરોજગારોના દસ્તાવેજો સાથે બોગસ કંપની ને બૅન્ક ખાતાં ખોલાવનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નોકરી અપાવવાની લાલચે બેરોજગારો પાસેથી મેળવેલા દસ્તાવેજોને આધારે બોગસ કંપની અને બૅન્ક ખાતાં ખોલાવનારા બે જણની માલવણી પોલીસે ધરપકડ કરી હતી. સાયબર ફ્રોડથી નાગરિકો પાસેથી પડાવેલાં નાણાં આ બૅન્ક ખાતાંમાં જમ થતાં હતાં. મલાડની એક યુવતીને તેના બૅન્ક ખાતામાં ચાર મહિનામાં ૩.૪૨ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન થયા બાદ જીએસટીની નોટિસ આવતાં પોલીસે આ રૅકેટનો પર્દાફાશ કર્યો હતો.

પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ અભિષેક પાંડે અને આકાશ વિશ્વકર્મા તરીકે થઈ હતી. મળેલી માહિતી અને મોબાઈલ ફોન ટ્રેસ કરીને બન્નેને મંગળવારે ગોરેગામથી તાબામાં લેવાયા હતા. તેમની પાસેથી ૨૦૪ સિમ કાર્ડ, વિવિધ બૅન્કની ૧૧૫ પાસબુક, ૨૭૧ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ, એક લૅપટોપ, પ્રિન્ટર અને મોબાઈલ ફોન્સ મળી અનેક પુરાવા મળ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ જરૂરિયાતમંદોને નોકરી અપાવવાની ખાતરી આપતા હતા. એ માટેની પ્રક્રિયા પૂરી કરવાને બહાને આરોપીઓ દસ્તાવેજો મેળવતા હતા. બાદમાં એ દસ્તાવેજોનો ઉપયોગ કરીને બોગસ ખાનગી કંપની રજિસ્ટર્ડ કરાવતા હતા અને એ કંપનીના નામે વિવિધ બૅન્કોમાં કરન્ટ એકાઉન્ટ ખોલાવતા હતા. મલાડના માલવણી વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની ફરિયાદીને તાજેતરમાં જીએસટી નોટિસ આવી હતી. એક બોગસ કંપની સાથે ફરિયાદીનું સરનામું લિંક હોવાથી યુવતીને નોટિસ મોકલવામાં આવી હતી. આ કંપનીના એક બૅન્ક ખાતામાં છેલ્લા ચાર મહિનામાં ૩.૪૨ કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શન થયાં હતાં. ■

**પંદરમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. કાંતીલાલ જીવરાજ શાહ**

સ્વર્ગવાસ: ૨૪/૦૪/૨૦૧૦

આપના પવિત્ર આત્માને પ્રભુ શાશ્વત સુખ અને શાંતિ અર્પે એવી પ્રભુ પાસે પ્રાર્થના કરીએ છીએ.

**આપનો પરિવાર**

# જેટી પ્રોજેક્ટ મુસીબતમાં

મુંબઈ: મુંબઈના ગેટવે ઓફ ઇન્ડિયા નજીક મહારાષ્ટ્ર મેરિટાઇમ બોર્ડ દ્વારા વિકસાવવામાં આવનાર પ્રસ્તાવિત પેસેન્જર જેટી પ્રોજેક્ટ સ્થાનિક લોકોના વિરોધને કારણે મુસીબતમાં મુકાઈ ગયો છે. સ્થાનિક લોકોના અભિપ્રાય અનુસાર આ પ્રોજેક્ટ પર્યાવરણ હેરિટેજ સાઇટ્સ સામે ખતરારૂપ ગણે છે.

૨૨૯ કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ સામે સ્થાનિક રહેવાસીઓનો વિરોધ છે અને તેમને વિવિધ પક્ષોના રાજકારણીઓનો ટેકો મળ્યો છે. જોકે રાજ્ય સરકારે તેમની ચિંતા દૂર કરવાનો પ્રયાસ કર્યો છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે જેટી અને ટર્મિનલ બિલ્ડિંગ આમજનતાના હિત માટે કામ કરશે. મુંબઈની શાન ગેટવે ઓફ ઈન્ડિયા ફેરી ટ્રાફિક માટેનું એક કેન્દ્ર છે. અહીંથી દરરોજ એલિફન્ટા કેવ્ઝ, તેમજ અલિબાગના પ્રવેશદ્વાર ગણાતા માંડવા સુધી ફેરી બોટ આવ જા કરે છે. (પીટીઆઈ)■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

પહલગામમાં આતંક

# મહારાષ્ટ્રમાં ઠેર ઠેર વિરોધઃ લોકો રસ્તા પર ઊતર્યા

નાગપુરઃ શિવસેના (યુબીટી)ના કાર્યકરોએ બુધવારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા પ્રદર્શનો શહેરના વરાયટી ચોકમાં કર્યા હતા અને કેન્દ્ર સરકાર પર 'તેને રોકવામાં નિષ્ફળ' રહેવાનો આરોપ લગાવ્યો હતો. પ્રતીકાત્મક વિરોધમાં, કાર્યકરોએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના ફોટાવાળા પ્લેકાર્ડ સામે બંગડીઓ તોડી હતી. સાથે તેઓએ ''પાકિસ્તાન મુર્દાબાદ'' ના નારા લગાવ્યા હતા. નગર સેના (યુબીટી) ના વડા નીતિન તિવારીએ જણાવ્યું હતું કે કલમ ૩૭૦ રદ કર્યા પછી વડા પ્રધાન મોદી અને શાહે જમ્મુ અને કાશ્મીરને હિંસાથી મુક્ત કરવાની વાત કરી હતી, જે થયું નથી. તેમણે દાવો કર્યો હતો કે પુલવામા હુમલાના ગુનેગારોની હજુ પણ ધરપકડ કરવામાં આવી નથી. તેમણે ઉમેર્યું હતું કે મંગળવારનો પહલગામમાં થયેલ હુમલો, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા, તે મોદી સરકારની નિષ્ફળતા દર્શાવે છે. નાશિકમાં, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) એ વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ અને તેના વડા પ્રધાનના ફોટાને ચપ્પલથી ફટકાર્યા અને બાદમાં તેમને બાળી નાખ્યા હતા.

રાજ્ય એમએનએસ મહાસચિવ દિનકર પાટીલે જણાવ્યું હતું કે, ''બધા રાજકીય પક્ષોએ સાથે આવવું જોઈએ અને આતંકવાદ સામે એક થવું જોઈએ. સરકારે પણ આત્મનિરીક્ષણ કરવું જોઈએ કે આ હુમલો કેવી રીતે થયો.''

આ વિરોધ પ્રદર્શન દરમિયાન મહારાષ્ટ્ર એમએનએસના ઉપપ્રમુખ સલીમ શેખ, જિલ્લા પ્રમુખ અંકુશ પવાર, શહેર પ્રમુખ સુદામ કોમ્બડે અને અન્ય લોકો હાજર હતા. (પીટીઆઈ)



મુંબઈમાં લોકોએ મોટાપાયે વિરોધ પ્રદર્શન કર્યા હતા. (અમય ખરાડે)

# મોદી સરકાર આતંકવાદી હુમલાના સૂત્રધારોને શોધી કાઢશે જઃ ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે 'વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર ટૂંક સમયમાં પહલગામ આતંકવાદી હુમલાના માસ્ટરમાઇન્ડ્સને શોધી કાઢશે અને તેમને કાયદાની સામે લાવશે.' અહીં પત્રકારો સાથે વાત કરતા ફડણવીસે કહ્યું હતું કે, આતંકવાદીઓએ પ્રવાસીઓને તેમનો ધર્મ પૂછ્યા પછી ગોળીબાર કર્યો તે અત્યંત ઘૃણાસ્પદ છે. મૃતકોમાંથી છ જેટલા મહારાષ્ટ્રના હતા. 'વડાપ્રધાન મોદી પહલગામ આતંકવાદી હુમલાના માસ્ટરમાઇન્ડ્સને શોધી કાઢશે અને તેમને કાનૂનની સામે લાવશે,' એમ તેમણે કહ્યું હતું. ગૃહ પ્રધાનનો હવાલો પણ સંભાળતા ફડણવીસે ભારપૂર્વક જણાવ્યું હતું કે 'હુમલો ભારતીયો પર હતો અને નિર્દોષ નાગરિકોના નરસંહાર પર કોઈ રાજકારણ ન થવું જોઈએ.' તેમણે ખાતરી આપી કે આખો દેશ કાશ્મીરના લોકો સાથે છે. ગયા વર્ષે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી પછી નવી સરકારના શપથ લીધા પછી થયેલા આતંકવાદી હુમલા અંગેના પ્રશ્નના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે, 'એ સાચું છે કે જ્યારે ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) (વહીવટનો) હવાલો સંભાળતા હતા ત્યારે આવો હુમલો થયો ન હતો, પરંતુ અમે (કેન્દ્રશાસિત પ્રદેશની) સરકાર સાથે છીએ અને આ ભારતીયો પર હુમલો હતો.' પુણેમાં પત્રકારો સાથે વાત કરતા એનસીપી (એસપી)ના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને સર્વપક્ષી બેઠક બોલાવવા અને પહલગામ હુમલા પછી જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિ વિશે લોકોને માહિતગાર કરવા વિનંતી કરી હતી.

### ફડણવીસે મહારાષ્ટ્રના પીડિતોના પરિવારજનો સાથે વાત કરી, મદદનું આશ્વાસન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા નિશાન બનાવવામાં આવેલા રાજ્યના લોકોના પરિવારો સાથે વાત કરી છે અને તેમને તમામ મદદની ખાતરી આપી છે. આ ઉપરાંત, મહારાષ્ટ્ર સરકારે નાગરી ઉડ્ડયન મંત્રાલયને આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા રાજ્યના પાંચ વ્યક્તિઓના મૃતદેહને પરત લાવવા માટે એક ખાસ ફ્લાઇટની વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી, એમ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના કાર્યાલય દ્વારા બુધવારે એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

મંગળવારે રાત્રે એક્સ પર એક પોસ્ટમાં ફડણવીસે જણાવ્યું હતું કે તેમણે નાગપુર અને પુણેના કેટલાક પ્રવાસીઓના પરિવારો સાથે વાત કરી હતી, જેઓ આતંકવાદી હુમલામાં ઘાયલ થયા હતા અને તેમને તમામ મદદની ખાતરી આપી હતી. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા હુમલામાં રાજ્યના પાંચ પ્રવાસીઓનાં મોત થયા છે.

જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર તરફથી (મહારાષ્ટ્રના પ્રવાસીઓની) યાદી મળ્યા પછી, ટૂંક સમયમાં બધાને પાછા લાવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, એમ જણાવવામાં આવ્યું હતું.

# ચાના સ્ટોલ પાછળ છુપાઈ જતા પનવેલનો પાટીલ બચ્યો

પનવેલઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં મંગળવારે આતંકીઓએ પ્રવાસીઓ પર કરેલા હુમલામાં માર્યા ગયેલાઓમાં મહારાષ્ટ્રના છ લોકોનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના પનવેલના સુબોધ પાટીલ અને માણિક પાટીલ બંને ગઈ કાલે ૪૦ જણના ગ્રુપ સાથે આ હુમલામાં ઝડપાયા હતા. એક પર્યટકને આતંકવાદીઓએ ઉર્દૂ ભાષામાં પુસ્તક ન વાંચી શકવાને કારણે મારી નાખ્યો હતો.

સુબોધ પાટીલ ચાના સ્ટોલમાં છુપાયો હતો ત્યારે ગોળી ગરદનને સ્પર્શી નીકળી ગઈ હતી. ધનંજય જાધવ અને પૂજા મોરે જાધવ પાટીલને બુધવારે હોસ્પિટલમાં મળ્યા હતા અને તેમની પૂછપરછ કરી હતી. તેમનો પરિવાર આજે કાશ્મીર પહોંચી રહ્યો છે. અમે આ પ્રવાસીઓના સંબંધીઓના સંપર્કમાં છીએ' એમ ધનંજય જાધવે જણાવ્યું હતું.આ દરમિયાન આતંકી હુમલામાં ઇજાગ્રસ્ત પ્રવાસીઓને ભારતીય લશ્કરની પહેલગામ સ્થિત હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ધનંજય જાધવ અને પૂજા મોરે જાધવે આઈસીયુમાં ઈજાગ્રસ્ત પ્રવાસીઓની મુલાકાત લીધી હતી. પનવેલના સુબોધ પાટીલે સમગ્ર ઘટનાનું વર્ણન કરતા જણાવ્યું હતું કે 'મારી ગરદનને સ્પર્શી ગોળી નીકળી ગઈ ત્યારે હું એક ચાના સ્ટોલમાં છુપાયો હતો. રૂવેરૂવાં થથરી જાય એવો એ અનુભવ હતો.' દરમિયાન કાશ્મીરના રહેવાસીઓ અને પુણેના પ્રવાસીઓ ધનંજય જાધવ અને પૂજા ધનંજય જાધવે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં મોરચો કાઢી વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાજ્ય સરકારે મૃતકોના પરિજનો માટે ૫ લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તો માટે ૫૦ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે મહારાષ્ટ્રમાંથી ફસાયેલા પ્રવાસીઓને પાછા લાવવા માટે એક ખાસ વિમાનનો ઉપયોગ કરવામાં આવશે અને તેનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. એનઆઈએ હવે પહેલગામમાં થયેલા આતંકી હુમલાની તપાસ કરી રહી છે. આ વિસ્તાર પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે.

# હૉટેલ માલિકની સતર્કતાને લીધે બુલઢાણાનાં પાંચ બચ્યા

બુલઢાણાઃ કાશ્મીરના પહલગામમાં વેકેશન માણી રહેલા મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના પાંચ સભ્યોનો પરિવાર આતંકી હુમલાથી અજાણ હોવાથી ફરવા માટે બહાર નીકળવા જઇ રહ્યો હતો, પરંતુ તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમની હોટેલના માલિક અને સ્ટાફે તેમને બહાર જતા અટકાવ્યા હતા.

એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા બુલઢાણાના રહેવાસી નિલેશ જૈને જણાવ્યું હતું કે તે અને તેમના પરિવારના ચાર સભ્યો સોનમર્ગ, ગુલમર્ગ અને શ્રીનગરની ત્રણ દિવસની ટૂર પૂર્ણ કર્યા બાદ મંગળવારે પહલગામની એક હોટેલમાં રોકાયા હતા. 'મંગળવારે બપોરે અમે ફરવા માટે હોટેલની બહાર નીકળવાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ફાયરિંગ ચાલુ છે એમ કહી હોટેલના માલિક અને અન્ય કર્મચારીઓએ અમને બહાર જતા અટકાવ્યા હતા. જાણ થયા બાદ અમે બહાર ન જવાનો નિર્ણય કર્યો હતો. (પીટીઆઈ)

# દક્ષિણ મુંબઈમાં અતિજોખમી ઈમારતોની સંખ્યા હવે ૯૫

મુંબઈઃ દક્ષિણ મુંબઈની અંદાજે ૧૪,૦૦૦ ઇમારતનું સ્ટ્રકચરલ ઓડિટ કરવાનો નિર્ણય મ્હાડાના મુંબઈ ઇમારત સમારકામ અને પુનર્રચના વિભાગે લીધો છે. પ્રથમ તબક્કામાં ૧,૦૦૦ ઇમારતનું સ્ટ્રકચરલ ઓડિટ કરાઇ રહ્યું છે અને અત્યાર સુધી ૬૬૬ ઇમારતની તપાસ પૂરી થઇ છે, જ્યારે ૫૪૦ ઇમારતનો ઓડિટ રિપોર્ટ પણ મળી ગયો છે. એક મહિનામાં અતિજોખમી સેસ ઇમારતની સંખ્યા ૭૫ પરથી ૯૫ પર પહોંચી ગઇ છે.

અતિજોખમી જાહેર કરાયેલી ઇમારતોને હવે ૭૯-એ હેઠળ નોટિસ ફટકારવામાં આવી રહી છે. આ નોટિસ હેઠળ માલિક અને રહેવાસીઓને પુનર્વિકાસનો પ્રસ્તાવ રજૂ કરવા માટે છ મહિનાનો સમય આપવામાં આવે છે.

આજ દિવસ સુધી અંદાજે ૧૪,૦૦૦ ઇમારત જોખમી છે અને તેનો પુનર્વિકાસ જરૂરી છે. આ સંખ્યા બહુ જ મોટી હોવાથી માલિક, રહેવાસી પુનર્વિકાસ માટે આગળ આવતા ન હોવાથી આખરે ઇમારતના પુનર્વિકાસ માટે નવાં ધોરણો બનાવવામાં આવ્યાં છે.

બીજી તરફ અતિજોખમી ઇમારતોનું સ્ટ્રકચરલ ઓડિટ કરીને તેનો પુનર્વિકાસ ઝડપથી કરાવવાનો નિર્ણય વિભાગે લીધો છે. કેટલાક મહિના પહેલા જ ૧૦૦૦ ઇમારતના સ્ટ્રકચરલ ઓડિટનું કામ શરૂ કરી દેવાયું ગતું.

માર્ચમાં ૫૫૭ ઇમારતની તપાસ પૂર્ણ થઇ હતી અને તેમાંથી ૪૩૮નો રિપોર્ટ પણ મળ્યો હતો જેમાં અંદાજે ૭૫ અતિજોખમી ઇમારત મળી આવી હતી. ૧૫મી એપ્રિલ સુધી સ્ટ્રકચરલ ઓડિટ કરાયેલી ઇમારતોની સંખ્યા ૫૫૭થી ૬૬૬ પર પહોંચી છે અને ૫૪૦ના રિપોર્ટ પ્રાપ્ત થયા છે.

# સમાજમાં ભાગલા પડાવવા માટે પહલગામમાં હિન્દુઓને લક્ષ્ય બનાવાયાઃ બાવનકુળે

મુંબઈઃ મહારાષ્ટ્રના પ્રધાન અને ભાજપના રાજ્યએકમના વડા ચંદ્રશેખર બાવનકુળેએ બુધવારે જણાવ્યું હતું કે હિન્દુઓને જાણી જોઈને આતંકવાદીઓ દ્વારા લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા, કેમ કે તેઓ લોકોમાં ભાગલા પડાવવા માગે છે. તેમણે રાજકીય પક્ષો અને નાગરિકોને આ મુદ્દે રાજકારણ કરવાથી દૂર રહેવાની સલાહ આપી હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## જીવનભર કાશ્મીર

પૂર્વઆયોજિત ગણાવ્યો હતો. ડેલસેનો મૃતદેહ બુધવારે સાંજે ન્યૂ પનવેલ તેના નિવાસસ્થાને લાવવામાં આવ્યો હતો. ડેલસેના બે સંબંધીઓ મૃતદેહ લેવા માટે જમ્મુ-કાશ્મીર ગયા હતા. જરૂરી ઔપચારિકતા પૂર્ણ કરીને તેઓ અને અન્ય પીડિતો મુંબઈ માટે રવાના થયા હતા.

## આતંકવાદીઓ

પક્ષો અને સંગઠનોએ બધા મતભેદોથી ઉપર ઉઠીને તેની નિંદા કરવી જોઈએ. સરકારે તમામ પીડિતો અને તેમના પરિવારોને મદદ કરવા માટે જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ. અને, આ હુમલા માટે જવાબદાર લોકોને સજા કરવા માટે સરકારે ટૂંક સમયમાં યોગ્ય પગલાં લેવા જોઈએ,' એમ તેમણે કહ્યું હતું.

હું માનું છું કે કેન્દ્ર સરકાર આ દિશામાં યોગ્ય પગલાં લેશે એવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

## પુણેનો સંતોષ

ફોન આવતા રહ્યા', એમ તેણે કહ્યું હતું. 'પહલગામથી અમે કારમાં ગયા હતા. ટટ્ટુ અમને પસંદ નહોતા. હું, મારી પત્ની, મારો મિત્ર અને તેની પત્ની એમ અમારું ચાર જણનું ગ્રુપ હતું. એક કલાક પહેલા જ અમે ત્યાંથી નીકળી ગયા. અમારો નિર્ણય અમારો જીવ બચાવશે એ વિશે અમને કંઇ ખબર જ નહોતી. અમે હોટેલમાં પહોંચ્યા બાદ ત્યારે અમને હુમલાની ખબર પડી હતી', એમ સંતોષે જણાવ્યું હતું.

## કાશ્મીર ટૂર

પોતાની ટૂર મુલતવી રાખી છે. મુંબઈમાં પણ ઘણા લોકોએ પોતાની ટૂર રદ કરી છે અથવા તો મુલતવી રાખી છે. ટૂર ઓપરેટરો દ્વારા પણ તેમને કાશ્મીરના ટૂરના બદલે અન્ય જગ્યાએ ફરવાના પેકેજની ઓફર કરવામાં આવી છે.

એક ટૂર ઓપરેટરે જણાવ્યું હતું કે અમારી પાસે ૧૮ જણનું બે ગ્રુપ હતું જેઓ પહલગામ, સોનમાર્ગ, ગુલમર્ગ અને શ્રીનગર એક અઠવાડિયા સુધી ફરવા જવાના હતા, પરંતુ હવે તેઓએ તેમની બૂકિંગગ રદ કરાવી છે. અન્ય ઓપરેટરે જણાવ્યું હતું કે અમે લોકોને તેમની કાશ્મીરની ટ્રિપ કેન્સલ કરાવવા કહ્યું છે. અમે લોકોને એક્સટેન્શન પોલિસી પણ આપી છે. જે લોકો એપ્રિલ અંતમાં અથવા મે મહિનામાં કાશ્મીર ફરવા જવાના હતા તેઓ હવે થોડા સમય પછી ફરવા જઇ શકે છે અથવા તેઓ તે જ પેકેજમાં અન્ય સ્થળે પણ ટ્રિપ કરી શકે છે.

## સારાં પુણ્ય

તેના ગ્રુપ સાથે કાશ્મીર ફરવા ગઇ હતી.

'તેનું ગ્રુપ પહલગામમાં હતું. કામને કારણે તેનો અને મારો બે દિવસથી કોઇ સંપર્ક થયો નહોતો. મેં મંગળવારે બે વાગ્યે તેને ફોન કર્યો ત્યારે તેણે કહ્યું કે અહીં આતંકવાદીઓએ ગોળીબાર કર્યો છે અને તે સુરક્ષિત છે', એમ તુષારે જણાવ્યું હતું. તે બોલતી વખતે કાંપી રહી હતી. તેણે પછી ફોન કટ કરી દીધો. પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેના અવાજ પરથી મને જણાઇ રહ્યું હતું, એમ તેણે વધુમાં જણાવ્યું હતું. ભારતીય લશ્કરી દળે બહુ મદદ કરી હોવાનું નેહાએ કહ્યું હતું. હવે તેમનું ગ્રુપ કટડા તરફ જવા રવાના થયું છે અને ત્યાર પછી તેઓ વૈષ્ણો દેવીના દર્શને જશે, એમ તુષાર વાઘુલાડેએ કહ્યું હતું.

## પીડિતો માટે

અવશેષોના પરિવહનની વિગતો પણ શેર કરી. સંજય લેલે અને દિલીપ ડેસાલેના મૃતદેહોને એર ઈન્ડિયાની ફ્લાઇટમાં મુંબઈ લાવવામાં આવશે, હેમંત જોશી અને અતુલ મોનેને પણ બીજી ફ્લાઈટમાં મુંબઈ લાવવામાં આવ્યા હતા. પુણેના રહેવાસી કૌસ્તુભ ગણબોટે અને સંતોષ જગદાળેને શ્રીનગરથી સાંજે અલગ ફ્લાઇટમાં પુણે લાવવામાં આવશે એમ જણાવવામાં આવ્યું હતું. મુંબઈમાં વ્યવસ્થાનું સંકલન કરવા માટે મિનિસ્ટરો આશિષ શેલાર અને મંગલપ્રભાત લોઢા મુંબઈ એરપોર્ટ પર હાજર હતા, જ્યારે મિનિસ્ટર માધુરી મિસાળને પુણે એરપોર્ટ પર જવાબદારીઓ સોંપવામાં આવી હતી. મિનિસ્ટર ગિરીશ મહાજન પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા અને મહારાષ્ટ્રના બાકીના ફસાયેલા પ્રવાસીઓને મદદ કરવા માટે શ્રીનગર રવાના થયા હતા. રાજ્ય સરકાર અન્ય ફસાયેલા પ્રવાસીઓના સુરક્ષિત પરત ફરવા અને પીડિતોના પરિવારોને જરૂરી તમામ સહાય પૂરી પાડવા માટે જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર અને નાગરી ઉડ્ડયન મંત્રાલય સાથે સંકલન સાધીને કામ કરી રહી હોવાનું જણાવવામાં આવ્યું હતું.

## ડોમ્બિવલી

મહાત્મા ફુલે રોડ પર પાંડુરંગ વાડીમાં એક સંયુક્ત પરિવારમાં રહેતા હતા. આતંકવાદી હુમલામાં તેમના પુત્રને પણ હાથમાં ગોળી વાગી હતી.

ડોમ્બિવલી (પશ્ચિમ) ના ઠાકુરવાડી વિસ્તારના રહેવાસી મોને, જે મુંબઈમાં એક વર્કશોપમાં એન્જિનિયર તરીકે કામ કરતા હતા, તેમની સાથે તેમની પત્ની અને પુત્રી પણ પહેલગામની યાત્રા પર હતા. સ્થાનિક ભાજપ અને શિવસેનાના નેતાઓએ શોકગ્રસ્ત પરિવારોનો સંપર્ક કરીને તેમને જરૂરી તમામ સહાયની ખાતરી આપી છે. (પીટીઆઈ)

## મદદ કરવા માટે

કર્યો હતો. જગદાળે પાંચ સભ્યોના જૂથનો ભાગ હતા, જેમાં તેમની પત્ની પ્રગતિ, પુત્રી આશાવરી, કૌસ્તુભ ગણબોટે અને સંગીતા ગણબોટે પણ સામેલ હતા, જેઓ મંગળવારે પહેલગામ ગયા હતા. પુણેમાં માનવ સંસાધન વ્યાવસાયિક, ૨૬ વર્ષીય આશાવરીએ જણાવ્યું હતું કે તેના પિતા અને કાકાને આતંકવાદીઓએ ગોળી મારી દીધી હતી જ્યારે તેઓ બેતાબ વેલીમાં 'મિનિ સ્વિટ્ઝર્લેન્ડ' નામના એક સ્ટોપ પર હતા. 'આસપાસ ઘણા પ્રવાસીઓ હતા, પરંતુ આતંકવાદીઓએ પુરુષ પ્રવાસીઓને નિશાન બનાવ્યા હતા, તેઓ હિન્દુ છે કે મુસ્લિમ તે જાણવા માટે. નજીકની ટેકરી પરથી 'સ્થાનિક પોલીસ જેવા કપડાં પહેરેલા લોકો' દ્વારા ગોળીબાર કરાતા અમે તાત્કાલિક નજીકના તંબૂમાં રક્ષણ માટે દોડી ગયા હતા. છ થી સાત અન્ય પ્રવાસીઓ પણનજીકના ટેકરી પરથી 'સ્થાનિક પોલીસ જેવા કપડાં પહેરેલા લોકો' દ્વારા ગોળીબારનો અવાજ સાંભળ્યો. (પ્રવાસીઓ) સાથે દોડી ગયા. આતંકવાદીઓ અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે થયેલા ગોળીબારથી રક્ષણ માટે અમે બધા જમીન પર સૂઈ ગયા,' એમ કહેતા આશાવરીએ ઉમેર્યું કે, આતંકવાદીઓનું જૂથ પહેલા નજીકના તંબુમાં આવ્યું અને ગોળીબાર કર્યો.

''મારા કાકા મારી બાજુમાં હતા. આતંકવાદીઓએ તેમના પર ચારથી પાંચ ગોળીઓ ચલાવી. તેમણે ઘટનાસ્થળે હાજર અન્ય ઘણા પુરુષોને ગોળી મારી દીધી. મદદ કરવા માટે કોઈ નહોતું. પોલીસ કે સેના પણ ૨૦ મિનિટ પછી પહોંચી,''તેણે કહ્યું. ''ગોળીબાર શરૂ થયા પછી, અમે અન્ય પ્રવાસીઓ સાથે દોડી ગયા. બાદમાં, ભારતીય સેના ઘટનાસ્થળે પહોંચી અને અમને બચાવ્યા,'' તેણીએ ઉમેર્યું.

## અતુલ મોને

હાજરી નહીં હોય એ વાત મન માનવા તૈયાર નથી. એક પ્રતિભાશાળી અને મૈત્રીપૂર્ણ સ્વભાવ ધરાવતા સહ કાર્યકરની સ્મૃતિઓ જ હવે શેષ રહી છે. દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં મંગળવારે એક મુખ્ય પર્યટન સ્થળ પર આતંકવાદીઓએ હુમલો કરતા અનેક લોકો મૃત્યુ પામ્યા હતા. મોટાભાગના પર્યટકો હતા. અનેક લોકોને ઈજા પણ થઈ હતી. બ્રિટિશરોના સમયના પરેલ સ્થિત પ્રવૃત્તિથી ધમધમતા મધ્ય રેલવેના વર્કશોપમાં બુધવારે ગમગીનીનું વાતાવરણ હતું. મોનેના સહકર્મચારીઓ અને સ્ટાફના અન્ય સભ્યોએ તેને અકાળ અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો. શ્રદ્ધાંજલિ આપવા ફૂલોથી શણગારેલો મોનેનો ફોટોગ્રાફ વર્કશોપના મુખ્ય પ્રવેશદ્વાર પાસેના ટેબલ પર મૂકવામાં આવ્યો હતો. રેલવે કર્મચારી યુનિયનોએ આતંકી હુમલાને વખોડતા અને મોનેને શ્રદ્ધાંજલિ આપતા બોર્ડ લગાવ્યા હતા. (પીટીઆઈ)

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાંગલપુરના અ.સૌ. ભાવના રાજેશ ગોગરી (ઉં.વ. ૫૪) તા. ૨૨-૪-૨૫ના અવસાન પામેલ છે. ચંચલબેન પ્રેમજીના પુત્રવધૂ. રાજેશના પત્ની. મોસમ, જૈનમના માતા. હેમલતા હરીલાલના પુત્રી. વિપુલના બેન. પ્રા.: શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં. કરસન લધુ હોલ, દાદર (વે.), ટા. ૨ થી ૩.૩૦.

લુણીના રતનબેન ગલિયા (ઉં.વ. ૭૮) તા. ૨૧/૪/૨૫ના અવસાન પામેલ છે. ઉમરબાઇ વેલજી ચનાના પુત્રવધૂ. રામજી (બચુ)ના પત્ની. રાજેશ, વિભાના માતા. વેજબાઇ શામજી પુંજાની પુત્રી. બચુબેન, અમૃત, જવેરી, સં. પક્ષે ચિરંતનાશ્રીજી મ.સા., નાના ભાડિયા કંકુ વસંત, ભુજપુર મધુરી હરિલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : રામજી ગલિયા, બી-૧૦૦૧, ન્યુ ગગનગીરી, દેવીદાસ ક્રોસ લેન, દેવીદાસ રોડ, બોરીવલી (વેસ્ટ).

બિદડાના લક્ષ્મીચંદ મોરારજી વીરા (ઉં.વ. ૮૦) તા. ૨૨-૪-૨૫ના અવસાન પામ્યા છે. પાનબાઈ મોરારજી નાંગશીના પુત્ર. ચેતના (ચંચળ)ના પતિ. વિપુલ, મનીષાના પિતા. કસ્તુર ટોકરશી, વિમળા શાંતીલાલ, જયંતીલાલ, જયવંતી કાંતીલાલ, વસંત, નરેન્દ્ર, વેલબાઈ ટોકરશી, કાંતાબેન કલ્યાણજી, ગાંગજી મેઘજીના ભાઈ. બિદડા સાકરબેન ખીમજી પેથાણીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપુલ વીરા, ૮, હંસ લક્ષ્મી, આરઆરટી રોડ, મુલુંડ-વે.

મોટા લાયજાના ગં.સ્વ. રંજન (રતનબેન) નાનજી ગડા (ઉં.વ. ૮૦) તા. ૨૨-૪-૨૦૨૫નાં અવસાન પામેલ છે. સ્વ. ખીમઇબાઇ તેજશી ઠાકરશી ગડાના પુત્રવધૂ. સ્વ. નાનજી તેજશીના પત્ની. જીતેન્દ્ર, હીનાના માતોશ્રી. સ્વ. હાંસબાઇ દામજી કેશવજી સાવલાના પુત્રી. સ્વ. કાંતીલાલ, સ્વ. નેમચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : જીતેન્દ્ર ગડા, રૂમ નં. ૭/૮, બીહારી ચાલ, કાજુપાડા, કુર્લા (વે.).

સાડાઉના નરેશ ડો. જેઠાલાલ સંગોઈ (ઉં.વ. ૬૮) તા. ૨૨-૪-૨૫ના અવસાન પામ્યા છે. મણીબેન ડો. જેઠાલાલ સંગોઇના પુત્ર. નિતાબેનના પતિ. નિરવ, સન્નીના પિતા. સરલા, જયેન્દ્રા, પ્રવિણા, રેખાના ભાઇ. શેરડીના દેવકાંબેન આણંદજી હરીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. સરલા દામજી શાહ, ૬૦૩, જીવન શાંતી કો.ઓ.સો., ડો. મુઝ રોડ, તલાવપાળી, દીપક બિલ્ડીંગ પાસે, થાણા (વે).

મુન્દ્રાના પ્રવિણચંદ્ર શાહ (નંદુ) (ઉં.વ. ૭૯) તા. ૨૨-૪-૨૫ના અવસાન પામેલ છે. મીઠાંબેન ગોપાલજીના પુત્ર. જયેશ, બીના, ભાવનાના પિતા. કિશોર, ગુણવંતી, કુસુમબેનના ભાઇ. લાછબાઇ/સાકરબાઇ ધનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રવિણચંદ્ર શાહ, એ-૪૭૧, તિલક વૈશાલી બિલ્ડીંગ નં. ૧૪, સહ્યાદ્રી ગ્રાઉન્ડની સામે, તિલક નગર, ચેમ્બુર (વે).

**પાટણ જૈન**

ખડાખોટડીના પાડાના, સ્મિતાબેન ઝવેરી (ઉં.વ. ૭૦) વિજયભાઈ કાલિદાસભાઈ ઝવેરીના પત્ની. રીમા રીતેશ વીરા, મેઘા રોનક રેલીયા અને સ્મૃતિ વિજયભાઈ ઝવેરીના માતા. સિયા અને જયંતના નાની. કાલિદાસ છોટાલાલ ઝવેરીના પુત્રવધૂ. મોતીલાલ પ્રભુદાસ શાહની દીકરી તા. ૨૩ એપ્રિલ ૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, ગુરુવાર, તા. ૨૪ એપ્રિલ ૨૦૨૫, ૧૦ થી ૧૨, ભારતીય વિદ્યાભવન ચોપાટી ખાતે રાખેલ છે.

# પારસી મરણ

એરવદ નવલ જહાંગીરજી જીજીના તે ગુલ નવલ જીજીનાના ધણી. તે મરહૂમો ઓસ્તી રતનબઈ તેમ જ એરવદ જહાંગીરજી જીજીનાના દીકરા. તે મરહૂમ ખુર્દ વૉહુમનના પિતાજી. તે મરહૂમો તેહમીના તથા હોમી ફ. ચાચાના જમાઈ. તે મરહૂમ દોલત હોમી ચાચા અને રૂસી હોમી ચાચાના બનેવી. તે મરહૂમ ધન રૂસી ચાચાના નરણવહી (ઉં.વ. ૯૫) રે.ઠેઃ સાયરસ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, ફ્લેટ નં. ૫, પહેલો માળ, ગાવઠાના લેન નં.૧, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ પટેલ અગયારી અંધેરી પશ્ચિમ મુંબઈ. તા. ૨૪-૦૪-૨૦૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે.

દોલી હોમી ભરૂચા તે મરહૂમ હોમી બેહરામજી ભરૂચાના વિધવા. તે મરહૂમો ઓ આયમાય તથા એરવદ બેહરામજી પંથકીના દીકરી. મરહૂમ મની એરચશાહ હોડીવાલાના બહેન. એરવદ ખુશરૂ બહાદુરશાહ પંથકીના માસી. હોમી જાલેજર ભાગલ્યા, કેટાયુન હોશી બલસારા, યાસમીન જેહાંગીર સીગનપોર્યા, બખતાવર હોશી ઈટાલ્યા તથા મરહૂમ મની બહાદુરશાહ પંથકી તથા મરહૂમ મર્ઝબાન જાલેજર ભાગલ્યાના કઝીન બહેન. તે મરહૂમ પીરોજશાહ (જીના) ભાગલ્યા, મરહૂમ જાલેજર ભાગલ્યા, મરહૂમ બાનુ ભાગલ્યાના બહેનના દીકરી. (ઉં.વ. ૮૯) રે.ઠેઃ ફ્લેટ નં. ૯૦૬/એ, ધી બ્રિજ કોરનર, ૯૦ ફીટ રોડ, કેનેરા બેંક સામે, મહાવીર નગર, મુંબઈ-૪૦૦૦૬૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૪-૨૦૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે વાડિયા બંગલી ડુંગરવાડી.

ઓસતી હોમાય મીનું આઈબરા તે મરહૂમ એરવદ મીનુંના ધન્યાની. તે મરહૂમો પીલું ફીરોજશા ગનદેવીયાના દીકરી. તે સાઈરસ, રુઝબેના માતાજી. તે જેસમીન ને ઝરીરના સાસુ. તે દીનુ, હુતોકશી ને મરહૂમ મહીયરના બહેન. તે બેહનાઝ ને અનાહીતાના બપઈજી. (ઉં.વ. ૮૯) રે.ઠેઃ બી-૧૦૩, જયરાજ નગર કો.હા.સો., અંબાદી રોડ, ગોકુલ પ્ર.ક સામે, માનવ મંદિર કોમ્પ્લેક્સ, વસઈ (વે), મહારાષ્ટ્ર -૪૦૧૨૦૨.

# હિન્દુ મરણ

**ઘોઘારી લોહાણા**

મૂળગામ મોટાદડવા નિવાસી હાલ કાંદિવલી, ગં.સ્વ. વિજ્યાગૌરી પલાણ (ઉં.વ. ૮૨) ૨૨/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દુર્લભજી નાનજી પલાણના ધર્મપત્ની. દિલીપ, નયના, ભાવના, મનીષા, આશા, નીતાના માતુશ્રી. દર્શના, જતીન, ઈલેશ, સંજીવના સાસુ. અરવિંદ છગનલાલ સૂચકના બહેન. પ્રિયંકા, નિયતી, સંકેત, નમ્રતા, પ્રીત, આલોકના દાદી-નાની. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

ઊના નિવાસી હાલ ડોંબીવલી, નગીનદાસ પાનાચંદ દામાણીના ધર્મપત્ની અ.સૌ. હંસાબેન દામાણી (ઉં.વ. ૭૧) ભાવનાબેન સુનિલ ગાંધી, મોહીની કિરણ શાહ, યોગેશના માતૃશ્રી. રીટાના સાસુ. ધવલ, હાદીકાના દાદી. આકાશ. નેહા પાર્થ, શ્રુતિના નાની તા. ૨૨/૪/૨૫ના મંગળવાર શ્રીજીચરણ પામેલ છે.

**ઝાલાવાડી સઈ સુથાર**

રાણપુર હાલ મલાડ, સ્વ. દામોદરદાસ હરગોવિંદદાસ પાટડીયા (ઉં.વ. ૯૩) તા. ૨૧-૪-૨૫ સોમવારના શ્રીજીચરણ પામ્યા છે. તે શૈલેશ, પુની, રૂપા, રંજન, સોનું, સ્વ. પ્રવિણાબેનના પિતા. ધવલ, ધનરાજના દાદા. ધ્યાની, હાર્દિક, ધર્મેશ, કૃણાલ, વૈશાલીના નાના. ભૂપેન્દ્ર, સુરેશ, રમેશ, કૌશિકકુમાર, બિંદુબેન, તેજલના સસરા. કાનજીભાઈ, ડાહ્યાભાઈ, રમેશભાઈ, વિનુભાઈ, તુલસીભાઈના જમાઈ. બેસણું (પ્રાર્થનાસભા) તા. ૨૪-૪-૨૫ ગુરુવારના ૪થી ૬. લક્ષ્મીનારાયણ મંદિર હોલ, મકરાની પાડા, કાઠિયાવાડી ચોક, મલાડ ઈસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન રણછોડદાસ ઠક્કર (પાંધી)ના પુત્રવધૂ શ્રી કમલકાંત રણછોડદાસ ઠક્કર (પાંધી)ના ધર્મપત્ની. અ.સૌ. રેખાબેન કચ્છ ગામ (બિદડા) હાલે માટુંગા (ઉં.વ. ૮૨) સ્વ. કંકુબેન ભગવાનજી રવાણીના સુપુત્રી. ગામ (ભુજ) તે તા. ૨૨-૪-૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. જયદીપ, સ્મિતા, દિવ્યેશ, ચંદ્રેશના માતુશ્રી. ગં.સ્વ. અલ્પા, શ્રી મહેશભાઈ દામજી ચંદારાણા, ભાવના તથા રશ્મિના સાસુજી. અમીષા, મિહિર, હાર્દિક, ઝીલના દાદી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪ એપ્રિલ-૨૦૨૫ના ૬.૦૦થી ૭.૦૦. રામબાગ. લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

અ.સૌ. ચિત્રા વિજય આશર (ઉં.વ. ૫૩) તે ગં.સ્વ. સરિતા દિનેશ આશરના પુત્રવધૂ. તે અ.સૌ. ભૈરવી મનોજ આશરના ભાભી. ગં.સ્વ. પ્રમિલા પાંડુરંગ કાકડેના પુત્રી. સ્વ. પ્રકાશ પાંડુરંગ કાકડે, અ.સૌ. શોભા અવિનાશ ઠાકર તથા રાજેશ પાંડુરંગ કાકડેના બહેન. ચિ. ચાર્મી અને પ્રિયંકાના મામી. ઓમ અને નિનાદના ફઈ. મંગળવાર, તા. ૨૨-૪-૨૫ના નિવાસસ્થાને શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. નિરૂપમાબેન જોબનપુત્રા (ઉં.વ. ૭૫) તે કચ્છ ગામ અટડાવાળા હાલ (મલાડ), મંગળવાર, તા. ૨૨-૪-૨૫ના રામશરણ પામેલ છે. તે ચંદુલાલ દેવજી જોબનપુત્રાના ધર્મપત્ની. સ્વ. રાધાબેન દેવજી નરશી જોબનપુત્રાના પુત્રવધૂ. તે અનિલ અને તન્વીના માતુશ્રી. તે અદિતિ અને અમિતકુમાર મૂળજીભાઈ ઠક્કરના સાસુમા. તે સ્વ. મંજુલાબેન રામજીભાઈ ઠક્કર (કોટેચા)ના સુપુત્રી. તે દર્શના દાદીમા અને ઉત્સા અને હેઝલના નાનીમા. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૪-૪-૨૫ને ૫.૦૦થી ૭.૦૦. પ્રાર્થનાસભા સ્થળ ઓરિસ સેરીનીટી બેંકવેટ હોલ, ઈકોડેક, કાંચપાડા, સીલ્વર ઓક હોટેલની બાજુમાં, મલાડ (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય બ્રાહ્મણ**

હાલ મુંબઈ, સ્વ. શશીકાંત જોષી અને સ્વ. શાંતાબેન જોષીનાં પુત્ર પંકજ જોષી (ઉં.વ. ૭૦) શનિવાર, તા. ૧૯-૪-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સીમાબેનનાં પતિ. લતાબેન, મુકુંદભાઈનાં ભાઈ. ચિ. અભિષેક અને અ.સૌ. વિધિનાં પિતા. નીરજનાં સસરા અને બોબીના મામા. પ્રાર્થનાસભા :- સંન્યાસ આશ્રમ વિલેપાર્લા (૫) ખાતે તા. ૨૫-૪-૨૫, શુક્રવારે સાંજે ૫થી ૭ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# હું હારીને સંસારથી નિવૃત્ત નથી થઈ મેં સંન્યાસનો માર્ગ પસંદ કર્યો છે



નામઃ મમતા કુલકર્ણી-યામાઈ મમતા નંદ ગિરી
સમયઃ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫
સ્થળઃ પ્રયાગરાજ
ઉંમરઃ ૫૨ વર્ષ

પ્રયાગરાજનો મહાકુંભ ૧૪૪ વર્ષ પછી થયો છે. આવનારાં વર્ષોમાં અનેક પેઢીઓ આવો મહાકુંભ નહીં જોઈ શકે. કેટલાંય પુણ્યો કર્યા હોય ત્યારે આવા અનેક ગ્રહોના સમ્મિલન સમયે સંન્યાસ લેવાનો સુયોગ થાય! આ ધરતી પર કેટલાય લોકો જન્મે છે, પોતાનું જીવન જીવે છે અને મૃત્યુ પામે છે... ભારતના ૧૪૦ કરોડ લોકોમાંથી હું કેટલી ભાગ્યશાળી છું કે મને આવો સુયોગ મળ્યો!

બ્રાહ્મણ પરિવારમાં જન્મ થયો ત્યારે મારી બે નાની બહેનો અને હું મારી મમ્મી સાથે નિયમિત ગણેશ ઉત્સવમાં દર્શન કરવા જતાં. મંગળ અને ગુરૂવારે અમારા ઘરે આરતી થતી. મારી મા રોજ શ્રદ્ધાપૂર્વક પૂજા કરતી અને અમને સૌને તિલક કરીને સ્કૂલે મોકલતી. આ સંસ્કાર કદાચ મારામાં સાવ નાની વયે પડ્યા હશે, જે અંતે સંન્યાસ સ્વરૂપે મારો મોક્ષ બનીને મારા તમામ પૂર્વજન્મના પુણ્યફળ સ્વરૂપે આજે ઊગી નીકળ્યા.

મારા પિતા મુકુંદ કુલકર્ણી ટ્રાન્સપોર્ટ ઈન્સ્પેક્ટર હતા. અમારા ઘરમાં કોઈ દિવસ બેઈમાનીનો પૈસો આવ્યો નથી. મહેનત અને પ્રામાણિકતા મને વારસામાં મળ્યા છે. મારા પિતાને ઘણા લોકો સાથે બનતું નહીં કારણ કે, એ સ્પષ્ટ વક્તા અને તેજસ્વી બ્રાહ્મણત્વ ધરાવતા એક શુદ્ધ વ્યક્તિ હતા. કેટલીકવાર એમને લાંચ આપવાની કોશિશ કરવામાં આવી છે, પરંતુ એમણે એવા લોકોને ઘરની બહાર કાઢી મૂક્યા હતા એ મેં મારી નજરે જોયું છે. ત્રણ દીકરીઓ હોવા છતાં અમને કોઈ દિવસ 'ભાઈ' નહીં હોવાનો અહેસાસ થયો નથી. મારા પિતાએ અમને બધું જ કરવાની છૂટ આપી. મારી બંને બહેનો મૈથિલી અને મૌલિની પણ ખૂબ તેજસ્વી અને સ્પોર્ટ્સમાં આગળ હતી. અમે ત્રણેય બહેનો સેન્ટ જોસફ'સ સ્કૂલમાં ભણતાં હતાં. સ્કૂલમાં કોન્વેન્ટનું વાતાવરણ હોવા છતાં ઘરમાં શુદ્ધ મરાઠી બોલવાનો આગ્રહ રાખવામાં આવતો. ખાસ કરીને, મારી આજી (દાદી) દીકરીઓને સનાનત ધર્મના અને બ્રાહ્મણત્વના સંસ્કાર આપવા વિશે ખૂબ સજાગ હતી. મને રસોઈ શીખવવામાં આવી-મારી બંને બહેનો પણ ખૂબ સારી રસોઈ બનાવે છે. ઘરના બધા કામ દીકરીઓ શીખે જ મારી આઈનો એવો આગ્રહ રહેતો. મેં કદી નહોતું વિચાર્યું કે, હું ફિલ્મ લાઈનમાં જઈશ, અભિનેત્રી બનીશ! જોકે, સ્કૂલના સમયમાં હું અનેક નાટકોમાં ભાગ લેતી. કવિતા વાંચન, વતૃત્વ સ્પર્ધામાં મેં ઘણા મેડલ જીત્યા છે.

અનેક સફળ ફિલ્મો પછી આજે જ્યાં ઊભી છું ત્યાંથી પાછી વળીને જોઉં છું તો મને સમજાય છે કે, મારી સાચી દિશા તો આ જ હતી! નિર્વાણ, સંન્યાસ, મોક્ષ...

લગભગ દરેક નિર્વાણનો રસ્તો અનેક કાંટાળા રસ્તામાંથી પસાર થાય જ છે. ભગવાન બુદ્ધ મહાવીર કે રામ સુધી જો પરિસ્થિતિને સમજવાનો પ્રયાસ કરીએ તો આપણને સમજાય કે, શુદ્ધતા સુધી પહોંચવા માટે અગ્નિમાંથી પસાર થઈએ તો જ અશુદ્ધતાઓ બળે. મારી અશુદ્ધતા પણ સમય સાથે ધીરે ધીરે સળગતી રહી. દરેક પરીક્ષામાંથી પસાર થતી વખતે હું થોડી વધુ શુદ્ધ થઈને બહાર આવી. દરેક કસોટીએ મને સંયમ અને શાંતિ શીખવ્યા.

સંન્યાસ લેતી વખતે મારા અભિષેકની ક્ષણોએ હું રડતી હતી. મારી આંખોમાંથી આપોઆપ આંસુ વહેતાં હતાં. સોશિયલ મીડિયા પર આ દૃશ્ય જોઈને ઘણા લોકોએ પોતાની પ્રતિક્રિયા આપી. કેટલાક લોકોએ એવું લખ્યું કે, આ પસ્તાવાના આંસુ હતાં! શેનો પસ્તાવો? મેં કશું ખોટું કર્યું જ નથી તો પસ્તાવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. હું હારીને સંસારથી નિવૃત્ત થઈ નથી. મેં સંન્યાસનો માર્ગ પસંદ કર્યો છે. મારી જાતે અને મારી મરજીથી હું નિર્વાણના માર્ગે નીકળી છું. આપણે અન્ય સંન્યાસીઓ વિશે તો આવું કશું કહેતા નથી, પરંતુ હું ફિલ્મ એક્ટ્રેસ હતી એટલે સૌને આવી પ્રતિક્રિયા આપવાની ઈચ્છા થઈ, ખરું? વિનોદ ખન્નાએ પણ સંન્યાસ લીધો હતો-ફિલ્મ લાઈન છોડી હતી ત્યારે લોકોને લાગ્યું હતું કે આ એક પબ્લિસિટી સ્ટંટ છે, પરંતુ એ અનેક વર્ષો સુધી ઓશો આશ્રમમાં રહ્યા. સાવ સામાન્ય જીવન જીવ્યા, પછી ઓશોના નિર્વાણ પછી એમણે આશ્રમ છોડ્યો અને પોતાના સાંસારિક જીવનમાં પાછા ફર્યા. એવું બનતું હોય છે. મને પણ લોકોએ પૂછ્યું, 'ફિલ્મ લાઈનમાં પાછા ફરશો?' મેં ઉત્તર આપ્યો, 'ના! એનો તો પ્રશ્ન જ ઊભો થતો નથી. હવેનો માર્ગ મારા આત્માની મુક્તિનો માર્ગ છે.'

૨૩ વર્ષ સુધી મેં કઠોર તપસ્યા કરી છે. લોકોને એવી ગેરસમજ છે કે સંન્યાસ લેવાની પ્રક્રિયાના સમયે જ્યારે હું રડતી હતી ત્યારે હું દુઃખી હતી! કેટલાક લોકોને એવો પ્રશ્ન પણ થયો કે મેં આવું કેમ કર્યું? સનાતન ધર્મ શા માટે? મેં ભગવાં વસ્ત્રો કેમ પહેર્યા? લોકોને લાગ્યું કે, મને આ નિર્ણય કર્યા પછી ખૂબ જ પસ્તાવો થાય છે કે મેં આવું કેમ કર્યું? તેમને લાગતું હશે છે કે, મેં સંન્યાસનો માર્ગ પસંદ કરીને મોટી ભૂલ કરી છે... એવું કશું છે જ નહીં. હું આદર અને અનુગ્રહથી ગદગદિત છું. મારા ગુરૂએ મને દીક્ષા આપવા માટે પસંદ કરી એ મારા ગુરૂની કૃપા છે. દીક્ષા આપતાં પહેલાં એમણે ૪ દિવસ સુધી મારી સાથે શાસ્ત્રાર્થ કર્યો છે. ચાર જગતગુરૂઓએ મારા બ્રહ્મચર્યની, મારી તપસ્યાની, મારા સંયમની પરીક્ષા કરી છે, એ પછી એમણે મને સંન્યાસની પરવાનગી આપી છે. ૨૩ વર્ષ સુધી ધ્યાન કરનાર વ્યક્તિ માટે આ સૌથી મોટો એવોર્ડ છે અને હકીકતમાં, જ્યારે મારા પર અભિષેક થઈ રહ્યો હતો, ત્યારે ખુશીના આંસુ વહી રહ્યા હતા! હું વારંવાર ભગવાનનો આભાર માનું છું કે એમણે મને આ ક્ષણનું સુખ આપ્યું. ગઈકાલે શુક્રવાર હતો, એ દિવસે અર્ધ નારેશ્વરનું પ્રત્યક્ષ સ્વરૂપ આવીને મને મહામંડલેશ્વર બનવાનું આમંત્રણ આપે, તો મારે બીજું શું જોઈએ?

લતા નાયકના લક્કી કમ્પાઉન્ડમાંથી પોતાનું જીવન શરૂ કરનાર આચાર્ય મહામંડલેશ્વર ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીને ૨૦૧૫-૧૬ના ઉજ્જૈન કુંભમાં મહામંડલેશ્વર બનાવવામાં આવ્યા હતા. એમણે મને આમંત્રણ આપીને કિન્નર અખાડાના મહામંડલેશ્વર બનવાનો આદર આપ્યો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠીનું જીવન પણ એક મિસાલ છે. એમણે પોતાના કિન્નર હોવાના સત્યનો સ્વીકાર કરીને વિશ્વમાં કિન્નરોને સન્માન અપાવવાનું કામ કર્યું. પીએચડીની ડિગ્રી લઈને એ ડોક્ટર લક્ષ્મી નારાયણ ત્રિપાઠી બન્યાં. હું જ્યારે એમને પહેલીવાર મળી ત્યારે હું ફિલ્મી દુનિયા છોડી ચૂકી હતી. મારા જીવનના અનેક ઊબડ-ખાબડ રસ્તાઓમાંથી પસાર થઈ રહી હતી. દુબઈમાં એકલી રહેતી હતી અને મારી જિંદગીને ગોઠવવાનો અથાગ પ્રયાસ કરી રહી હતી.

આ લગભગ ૨૦૧૮ની વાત છે. ડો. લક્ષ્મી નારાયણ ત્રિપાઠી સાથે મુલાકાત થઈ ત્યારે એમણે કહ્યું, 'તમે જે જીવ્યા છો એ ખરેખર અદ્ભુત છે. ફિલ્મી દુનિયાની ગ્લેમર અને ઝાકઝમાળમાંથી તમે એક સંન્યાસીની જેવું જીવન વ્યતીત કરી રહ્યા છો. તમને સન્માન મળવું જોઈએ.' એમણે કિન્નર અખાડામાં વાત કરી. એમની ભલામણથી મને કિન્નર અખાડામાં પ્રવેશ મળ્યો. પહેલાં સંન્યાસ અને પછી પિંડદાનની વિધિ કરવામાં આવી. સૌને જાણીને નવાઈ લાગશે કે, કિન્નર અખાડામાં સંન્યાસ લેતા પહેલાં દરેક વ્યક્તિએ પોતાના પરિવાર અને સ્વયં પોતાનું પિંડદાન કરી દેવું પડે છે. દુનિયા સાથેના એના તમામ સાંસારિક સંબંધો એ પિંડદાનથી પૂરા થાય છે. અર્થ એવો પણ કાઢી શકાય કે એમના એક જન્મનું મૃત્યુ થયું અને હવે એમનો બીજો જન્મ થયો જેમાં હવે એમણે એક સંન્યાસી જેવું વિશુદ્ધ જીવન વ્યતીત કરવાનું છે. પોતે જ પોતાના મૃત્યુ પછીનું પિંડદાન કરીને પોતાના જ પહેલા જન્મ સાથેનો સંબંધ પૂરો કરવો પડે છે...

...તો જ, બીજા જન્મમાં, સંન્યાસની સ્થિતિમાં પ્રવેશી શકાય છે. હવે તમે જ મને કહો, જે વ્યક્તિએ પોતે જ પોતાનું પિંડદાન કરી દીધું હોય, પોતે જ પોતાના એક જન્મનું મૃત્યુ સ્વીકારી લીધું હોય, પોતાના પરિવારજનો સાથેના સંબંધનો આનંદ અને અનુગ્રહપૂર્વક વિચ્છેદ કર્યો હોય એ વ્યક્તિ સંન્યાસ લેતી વખતે રડે? પસ્તાય? શા માટે?

હું તો મારા ઈશ્વરનો, મારા ગુરૂનો અને મારા પૂર્વજન્મના પુણ્યોનો, મારી માનો આભાર માનું છું કે મને આ જન્મમાં જીવતાં જ મારું પિંડદાન કરવાની તક મળી, એટલું જ નહીં સંન્યાસીની તરીકે મેં મારા નવા જીવનનો આજે પ્રારંભ કર્યો છે... (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@
bombaysamachar.com

# ભારતીય ટપાલ ટિકિટ પર પ્રથમ મહિલાઃ મીરાંબાઈ



*મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ;*
*દૂસરા ન કોઈ, સાધો, સકલ લોક જોઈ...*

આ પંક્તિ સાંભળતાં જ મીરાંબાઈનું સ્મરણ થાય. કૃષ્ણદીવાની મીરાં, પ્રેમદીવાની મીરાં અને રાજસ્થાનની રાધા એવી મીરાં. સોળમી સદીમાં વ્રજ, હિંદી અને ગુજરાતી ભાષામાં પદોની રચના કરનાર મીરાં. ગુજરાતી ભાષાની પ્રથમ ભક્ત કવયિત્રી એવી મીરાં...કૃષ્ણભક્તિમાં લીન થઈને રાજરાણીમાંથી જોગણ બની ગયેલી મીરાં એક, અદ્ભુત અને અદ્વિતીય હતી. એટલે જ ભારતીય ટપાલખાતાએ આઝાદી પછી ૧૯૪૭માં ટપાલ ટિકિટ બહાર પાડવાનું શરૂ કર્યા પછી ૧ ઓક્ટોબર ૧૯૫૨ના રોજ ટિકિટ પરની પ્રથમ સ્ત્રી તરીકે સંત મીરાંબાઈને સ્થાન આપ્યું. બે આનાની આ ટપાલ ટિકિટ પર મથાળે અંગ્રેજીમાં ૧૫-૧૬મી સદી અને એની નીચે હિન્દી ભાષામાં 'મીરા' એવું લખાણ જોવા મળે છે !

સંત મીરાંબાઈના જીવનચરિત્ર માટે કોઈ ઐતિહાસિક આધાર મળતો નથી. ગુજરાતી વિશ્વકોશ અનુસાર મીરાં અંગે કેટલીક જનશ્રુતિઓ જ ઉપલબ્ધ છે. આધાર કહો કે પ્રમાણ કહો, જે કંઈ સુલભ છે તે મીરાંનાં પદો. મીરાંનાં પદો અને એમાંથી મીરાંનું જે વ્યક્તિત્વ પ્રગટ થાય છે એના આધારે મીરાંના ચરિત્ર વિશે અનુમાનો કરાતાં રહ્યાં છે.

એવું કહેવાય છે કે મીરાંનો જન્મ ૧૪૯૮માં રાજસ્થાનના જોધપુરમાં મેડતા નજીક આવેલા કુડકીમાં થયેલો. રાઠોડ વંશના વૈષ્ણવ ધર્મી કુટુંબમાં. માતા વીર કુમારી. પિતા રતનસિંહ ઉદયપુરના સ્થાપક રાવ રાઠોડના વંશજ હતા. મીરાં એમની એકમાત્ર લાડકી દીકરી હતી. મીરાં માત્ર ત્રણ વર્ષની હતી ત્યારે ઘેર પધારેલા સાધુએ કૃષ્ણની એક મૂર્તિ રતનસિંહને આપેલી. એ મૂર્તિ મીરાંના મનમાં વસી ગઈ. લગભગ એક વર્ષ પછી મીરાં ચાર વર્ષની થઈ ત્યારે મહેલના ઝરૂખામાંથી એક વરઘોડો પસાર થતો જોયો. ઘોડા પર વરરાજા સાફો બાંધીને બેઠેલો. કપાળે કંકુનો ચાંદલો, હાથમાં કલગી અને શ્રીફળ. માથે છત્રી. એ જોઈને નાનકડી મીરાંએ મા સાથે વાત કરી. વરરાજા એટલે કોણ એમ પૂછ્યું. માએ હસીને કહ્યું, જે પરણવા જાય એ વરરાજા.. મીરાંએ કહ્યું, મારો વર કોણ ? એટલે માએ કૃષ્ણની મૂર્તિ ભણી ઈશારો કરતાં કહ્યું કે, આ તારો વર... ત્યારથી મીરાંએ કૃષ્ણને મનોમન પતિ માની લીધા

થોડા સમય પછી માતા વીર કુમારીનું મૃત્યુ થયું. દાદા દુદાજીએ મીરાંનું લાલનપાલન કર્યું. રાજકુંવરીને અનુરૂપ મીરાંનું ઘડતર કર્યું. જોકે દુદાજી પોતે વૈષ્ણવ ભક્ત હતા. સવારસાંજ ભગવાનને શણગાર કરીને સજાવતા. એ જોઈને મીરાંની કૃષ્ણભક્તિ ઘેરો ગુલાલ બની ગઈ. ૧૫૧૫માં દાદાનું અવસાન થયું. પિતા રતનસિંહ રાજકાજમાં વ્યસ્ત હોવાથી મીરાં કૃષ્ણને શરણે હતી પણ રતનસિંહે ૧૫૧૬માં મેવાડના સિસોદિયા વંશના રાજકુટુંબમાં રાણા સંગ નામે જાણીતા સંગ્રામસિંહ અને કનવરબાઈના પતવી પુત્ર ભોજરાજ સાથે મીરાંને પરણાવી. એ સાસરે કૃષ્ણની મૂર્તિ પણ લેતી ગઈ.

કૃષ્ણને વરી ચૂકેલી મીરાં પતિ ભોજરાજ સાથે વાતચીતનો વ્યવહાર રાખતી, પણ એમને પતિ તરીકેનું સ્થાન આપી ન શકી. એ તો કૃષ્ણની ભક્તિ કરતી, ભજનો ગાતી અને નૃત્ય કરતી. પહેલાં તો ભોજરાજ પોતાની અવહેલનાથી અકળાયેલા, પણ પછી મીરાંની કૃષ્ણભક્તિ જોઈને એમણે મહેલમાં જ કૃષ્ણ મંદિરનું નિર્માણ કરાવેલું. જોકે લગ્નનાં પાંચ વર્ષ પછી ૧૫૨૧માં ભોજરાજનું મૃત્યુ થયું. ત્રેવીસ વર્ષની વયે મીરાંએ વૈધવ્ય વેઠવાના દા'ડા આવ્યા. પણ મીરાં તો જળકમળવત. કૃષ્ણ ભક્તિમાં તલ્લીન થઈ ગઈ.

છ વર્ષ વીતી ગયાં. ૧૫૨૭માં બાબર સામેના યુદ્ધમાં સંગનો પરાજય થયો. સંગ બાબર પાસેથી ચંદેરી જીતવા જતો હતો ત્યાં ઈરીચ પાસે કોઈએ એને વિષ આપ્યું અને એનું અવસાન થયું. મીરાંના પિતા રતનસિંહનું પણ આ ગાળામાં અવસાન થયું. ૧૫૨૧માં ભોજરાજના અવસાન અને ૧૫૨૭માં સંગના અવસાન વચ્ચેનો સમયગાળો મીરાંના જીવનમાં માત્ર ને માત્ર કૃષ્ણભક્તિનો હતો. પણ આ જ અરસામાં રાજમાતા રતનબાઈનું પણ અવસાન થયું. કુટુંબનો કારભાર મીરાંને માથે આવ્યો. કાર્યભાર સંભાળવાની સાથે મીરાંએ રાજસ્થાની ભાષામાં કેટલાંક પદોનું સર્જન કરેલું.

એક વર્ષ પછી ૧૫૨૮માં સંગની પત્ની જોધપુરની ધનબાઈનો પુત્ર રતનસિંહ મેવાડના રાજપદે બિરાજ્યો. જનશ્રુતિમાં એમ છે કે રતનસિંહે પ્રથમ નાગપ્રેષણ અને પછી વિષપ્રેષણ દ્વારા મીરાંના જીવનનો અંત લાવવાના પ્રયત્નો કરેલાં. નાગ ફૂલહાર થયો અને વિષ ચરણામૃત થયેલું. મીરાં કૃષ્ણભક્ત હતી એથી કૃષ્ણે આ ચમત્કાર કરેલો એવું કહેવાય છે, પણ નિરંજન ભગતનું માનવું એવું છે કે સ્ત્રીહત્યાના પાપનો ભય હોવાથી અનુચરોએ વિષધર નાગ નહીં, પણ પુષ્પમાળા અને વિષ નહીં પણ કોઈ પીણું મીરાંને આપ્યું હશે. અને રતનસિંહના કોપથી બચવા માટે નાગ ફૂલહાર થયો અને વિષ ચરણામૃત થયું એવું ઉપજાવી કાઢ્યું હશે.

મીરાંએ ૧૫૩૨માં ચોત્રીસ વર્ષની વયે મેવાડનો ત્યાગ કર્યો. પોતાના પિયર મેડતા આવી. પણ જોધપુરનું રાજકુટુંબ એને મેડતામાં આશ્રય આપનાર કાકા વીરમદેવને ઉપદ્રવ કરે એ શંકાને કારણે મીરાંએ ૧૫૩૩માં મેડતા છોડ્યું અને કૃષ્ણભૂમિ વૃંદાવનમાં જઈ વસી. ત્રણ વર્ષ પછી, વ્રજ ભાષામાં કેટલાંક પદોનું સર્જન કર્યા પછી મીરાં વૃંદાવનથી દ્વારકા જઈ ઠરીઠામ થઈ. જનશ્રુતિમાં એમ છે કે ચમત્કારિકપણે મીરાં કૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયેલી અને ૧૫૪૭માં એના જીવન પર પરદો પડી ગયો. પરંતુ મીરાં દ્વારકા છોડ્યા પછી જીવનના અંતકાળ સુધી અજ્ઞાતવાસમાં રહી હોવાની શક્યતાઓ ઝાઝી છે. આ ગાળામાં એણે ગુજરાતીનાં ચારસો પદો સહિત મીરાંએ કુલ ૧૪૦૦ જેટલાં પદો રચ્યાં હોવાનું અનુમાન છે. મીરાંનું એકેએક પદ શૈલીસ્વરૂપમાં સર્વાંગ સંપૂર્ણ છે. એમાં કાવ્યમયતા અને કલામયતા છે. મીરાંએ પોતે જ તો કહ્યું છે કે, ખૂણે બેસીને મેં તો ઝીણું રે કાંત્યું, નથી રાખ્યું કંઈ કાચું રે....! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# તરુણોની પ્રામાણિકતા




'હા, કારણ કે તું મને ક્યારેય કોઈ મજા લેવા નથી દેતી. તું સવાલો એટલા બધા પૂછે છે કે સાચું બોલવા કરતાં ખોટું બોલી જવું સરળ લાગે !'.

શ્રીજીતા નાનપણથી જ અતિ પ્રામાણિક છોકરી. નાની-નાની વાતોમાં આસાનીથી ખોટું બોલતા શીખી ગયેલા અનેક ટીનેજર્સની જમાત વચ્ચે એ એકલી પ્રામાણિકતાના ઝંડા ફરકાવતી ઊભી રહેતી. અંગ્રેજીમાં જેને 'બ્રુટલી ઓનેસ્ટ' કહેવાય એ પ્રકારની માનસિકતા શ્રીજીતાના વ્યક્તિત્વ પર ધીરે-ધીરે કબ્જો જમાવવા લાગેલી.

શ્રીજીતાના પેરેન્ટ્સ તો દીકરીની આ લાક્ષણિકતા માટે ગર્વથી ફુલ્યા નહોતાં સમાતાં . સાથોસાથ પોતે પણ દીકરી સાથે વાતચીતનો વ્યવહાર ખુલ્લો રાખ્યો છે એવો આત્મસંતોષ પણ ખરો. 'અમારું સંતાન સાચું કહી દેવા ટેવાયેલું છે' એ વિચારે ગદગદ્ રહેતાં પેરેન્ટ્સ એવાં લીના-મહેશને આંચકો ખાવાનો વારો ત્યારે આવે છે જ્યારે શ્રીજીતા સોળમાં વર્ષમાં પ્રવેશે છે. શ્રીજીતાને સોળે શાન આવે કે ન આવે પણ ખોટાનો આશરો લઈ ધાર્યું કરવાનું ભાન આવી ગયેલું. એની અંદરના આવા બદલાવ ખૂબ ઝડપથી પરંતુ સહજતાપૂર્વક સપાટી પર આવવા લાગ્યા હતા. પેરેન્ટ્સના તો મૂંઝારાનો પાર નહોતો. અત્યાર સુધી કહ્યાગરી શ્રીજીતા એમના માટે કજિયાખોર કોયડો બની ગયેલી. છેલ્લા થોડા સમયથી એમની વચ્ચે ગેરસમજણની ભુલભુલામણી આપમેળે રચાતી રહી હતી.

આ બધું શરૂ થયું એની પાછળ કારણભૂત માત્ર એક સાદો સહજ સવાલ હતો. એક દિવસ સ્કૂલથી પાછા ફરતા શ્રીજીતાને વાર લાગી. ઘેર આવતાવેંત લીનાએ પૂછ્યું, 'કેમ મોડું થયું? આજે સ્કૂલથી છૂટીને ક્યાં ગઈ હતી?' જવાબમાં શ્રીજીતા થોડું અચકાયને બોલી, 'શાન્વીને ત્યાં સ્ટડી માટે ગઈ હતી.' શ્રીજીતાનો જવાબ આમ તો સામાન્ય હતો, છતાં લીનાના મગજને કંઈક ખટક્યું. પણ એ આગળ વધુ કંઈ બોલી નહોતી.

થોડા દિવસ બાદ શાન્વીની મમ્મી મળી ગઈ ત્યારે લીનાને વાતો-વાતોમાં ખ્યાલ આવ્યો કે શ્રીજીતા એ દિવસે શાન્વીના ઘેર નહી, પરંતુ નવા ખુલેલા કાફેમાં ક્લાસમેટ્સ સાથે ગયેલી.

લીનાના પગ તળે જમીન ખસકી ગઈ જાણે. શ્રીજીતા ખોટું બોલી એ વાત એનાથી કોઈ હિસાબે પચે એમ નહોતી. સાંજે ઘરમાં જોરદાર ચર્ચા ચાલી. 'તું અમારી પાસે ખોટું બોલવા લાગી'? આટલું બોલતાં ગુસ્સે થયેલી લીનાના અવાજમાં ભારોભાર વસવસો વર્તાતો હતો.

શ્રીજીતાના આ જવાબે લીનાના મગજ પર હથોડાની જેમ વાગ્યો. જોકે એને એ સમજાય ગયું હતું કે શ્રીજીતા કોઈ વાત છુપાવવા માટે ખોટું નથી બોલી, પણ પોતાને કોઈ કંટ્રોલ કરશે એ વાતે એણે કદાચ સાચું ના કહ્યું હોય એમ બને.

લીના એ જે વિચાર્યું એ ખોટું પણ નહોતું. ટીનએજર્સ ઘણાં બધાં કારણોને લીધે જૂઠનો સહારો લેતા થઈ જાય છે. સજા થવાનો ભય, સ્વતંત્રતા મેળવવાની ખેવના, મિત્રોનું દબાણ અથવા તો પેરેન્ટ્સને નિરાશ ના કરવાની ભાવના,વગેરેનાં કારણ ટીનેજર્સને ખોટું બોલવા તરફ ધકેલે છે. શ્રીજીતાના કિસ્સામાં પેરેન્ટ્સના પડછાયામાંથી બહાર નીકળવાનું અને એમની વચ્ચે ગેરસમજણ ઊભી ના થવા દેવાની વૃત્તિ હતી, પણ લીના આ બધી વાત સમજવા છતાં હકીકતને નહોતી સ્વીકારી શકતી તો બીજી તરફ, શ્રીજીતા હવે ફરીથી લીનાના ઢાંચામાં ઢળવા તૈયાર નહોતી. પરિણામે મા-દીકરી વચ્ચે દિવસ આખો કંકાસ થયે રાખતો. બન્ને ચર્ચા, આક્ષેપો, રડવાનું, ગુસ્સે થવાનું ચોવીસેય કલાક ચાલુ રહેતાં અંતે શ્રીજીતાના પપ્પાએ નિર્ણય લીધો કે પોતે આ અંગે દીકરી સાથે વાત કરશે.

શ્રીજીતા પપ્પા પાસે રોઈ પડી : 'પપ્પા, મમ્મી હજુ પણ મને બાળક સમજે છે. મારી રીતે કોઈ નિર્ણયો લેવા નથી દેતી. એ સતત મારી પર નજર રાખતી ફરે છે. હું શું કરું છું ને ક્યાં જાઉં છું. શું પહેરું છું ને શું જોઉં છું એના સીસીટીવી કેમેરા મારી આસપાસ ફરતા રહે છે. મારી પર આવું સતત મોનિટરિંગ ચાલુ રાખવાથી એને શું મળશે?'

ખેર, શ્રીજીતાને તો થોડું પંપાળી, મમ્મીને સમજાવવાનું પ્રોમિસ આપી પપ્પાએ વાત આટોપી લીધી. મનોમન નક્કી કર્યું કે આ વાત લીનાને કરવી જ રહી.

મહેશ પાસેથી શ્રીજીતાની ફરિયાદો સાંભળતા લીનાનું તો ઘડીક જાણે હૃદય બેસી ગયું. જોકે થોડી સમજાવટ પછી એની આંખો ઉઘડી. એને અહેસાસ થયો કે, વિશ્વાસ એ ટુ-વે ટ્રાફિક જેવો હોવો જોઈએ. જો એ ઇચ્છતી હોય કે શ્રીજીતા જૂઠું ના બોલે તો પોતે પણ દીકરી પર ભરોસો મૂકતા શીખવું પડશે. એને એવો વિશ્વાસ અપાવવો પડશે કે પોતે ગમે ત્યાં જાય એ પોતાને કહીને જઈ શકે છે. કોઈપણ પરિસ્થિતિમાં પોતાના નિર્ણય દીકરી પર થોપવાને બદલે ધીરજ રાખતા શીખવું જરૂરી છે.

એડોલેસન્સ એટલે કે કિશોરાવસ્થા એવો ગાળો છે કે જેમાં ટીનએજ મન બાળપણની પરતંત્રતા અને એડલ્ટહુડની સ્વતંત્રતા વચ્ચે સમતોલન રાખી શકતા નથી. આવા સમયે જૂઠ એમની પાસે આધાર બની અડીખમ ઊભું રહે છે.

સમય જતા એ મા-દીકરી વચ્ચે અસત્ય આટોપાયું. લીનાએ વર્તન સુધાર્યું. શ્રીજીતા હવે જૂઠ બોલવાનું દબાણ નહોતી અનુભવતી, કારણ કે, એને વિશ્વાસ આવી ગયો હતો કે પેરેન્ટ્સ પોતાના પર ભરોસો મૂકી શકે છે. ધીમે-ધીમે એ અંગત વાતો શેર કરતી થઈ. એટલુંજ નહીં, પોતાની અમુક ભૂલો પણ સ્વીકારવા લાગી. સામે પક્ષે લીના-મહેશને પણ શીખ મળી કે, ટીનએજનું અસત્ય હંમેશાં કંઈ એમનું અપમાન કરવા કે વાત ના માનવા માટે નથી હોતું. એ બસ લાગણીઓની મૂંઝવણો વચ્ચે સહારો આપવા આવી ચડતું હોય છે.

વખત વીતતા શ્રીજીતા અને લીના વચ્ચેનું જોડાણ વધતું ગયું. થોડા સમયથી તણાવગ્રસ્ત રહેતું ઘરનું વાતાવરણ હળવું ફૂલ રહેવા લાગ્યું. લીના વિચારતી કે, શ્રીજીતાની ટીનએજ સફર સામાન્ય નથી રહેવાની, પણ અસત્યથી પર રહી શકે તોય ઘણું. અને શ્રીજીતાને ફરી પોતાની પ્રામાણિકતાવાળા ટેગ સાથે સંતોષભરી નજરે જોઈ રહેતી. ■

# મહાભારતનું કોકડું ઉકેલાશે ખરું?

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

આ મહાભારતનું કોકડું કહો કે યુદ્ધ, ક્યાં ક્યાં જાળ પાથરીને બેઠું છે! ભાગ્યે જ કોઈ આ યુદ્ધની જાળમાંથી બહાર નીકળી શકે છે. એક પણ ક્ષેત્ર (ફિલ્ડ), એક પણ ઘર, એક પણ માણસ, પશુ - પંખી કે પછી ઘરબાર છોડીને સાધુત્વ ગ્રહણ કરેલાઓનાં તન તેમજ મનમાં એક મહાભારત યુદ્ધની લિંક પડેલી જ હોય છે. ભૂલમાં પણ જાણે - અજાણ્યે આ લિંક ઉપર ક્લિક થઈ જાય કે તરત જ મહાભારત યુદ્ધની વ્યૂહરચના રગેરગમાં ઝંકૃત થવા માંડે છે. કદાચ માતાના ગર્ભમાંથી જ બાળક એના અંશ લઈને જન્મે છે. ઘરમાં જેવા સમાચાર આવે કે, 'સાંભળો છો? હું મમ્મી અને તમે પપ્પા બનવાના છો.'

બસ, પછી પૂછવું જ શું?

'જો ડાર્લિંગ, જે પણ આવે. પણ એ બેબી કે બાબો રૂપે- રંગે અને તાકતવર તો મારા જેવો જ કે જેવી જ આપણે બનાવીશું.'

એટલે તરત મમ્મી ઉવાચ, 'ના ભઈ, દીકરી હોય તો એ પણ મારા જેવી અને દીકરો હોય તો એ પણ મારા જેવો મળતાવડો અને હોશિયાર હું બનાવીશ. તમારી જેમ નરસિંહ મહેતા તો નહીં જ બનાવું.'

આ કથા સાસુમા બહાર ઊભા રહી સાંભળતાં હોય તો એ તુર્ત જ પોતાનું પોત પ્રકાશતાં સીધા દીકરા-વહુના રૂમમાં (ઘૂસી જવાનો અબાધિત અધિકાર ધરાવતાં હોય એમ) ધસી જઈને કહેશે, 'અમારાં કુટુંબમાં તો દાદા ને દાદી જ એના પૌત્રને સંસ્કાર અને શિક્ષણ આપે તેમજ એને કેવો બનાવવો એ નક્કી કરે... સમજી વહુ?'

મહાભારતનું પહેલું મૂળિયું, પહેલો ખટરાગ કે પહેલી જીભાજોડી કે પછી પહેલો જંગે ગર્ભ સંસ્કાર રૂપે આપવી શરૂ થઈ જાય.

વહુ જરા ખસીને બાથરૂમમાં જઈને માને ખુશખબર આપતાં ફોન ઉપર બોલવા લાગી: 'જો મમ્મી, તું નાની બનવાની છે, પણ ખુશ થવાની આ ઘડી નથી. જો, ધ્યાનથી સાંભળી લે. આ અમારા ઘરમાં ઠેર ઠેર મંથરા તત્ત્વ ફેલાઈ ચૂક્યું છે એટલે મારા પક્ષે તમારે સતર્ક રહેવાનું છે. હું થોડા દિવસમાં માંદી પડવાનો ઢોંગ કરીશ એટલે તમે લેવા આવજો.' પછી તારે ત્યાંનો ડોક્ટર એટલે આપણા દાક્તર કાકા (પિતરાઈ કાકા) કહેશે કે 'કમજોરી ઘણી છે. એટલે અંત સુધી સૂતાં સૂતાં જ બાળકને સાચવવું પડશે. કામ તો થશે જ નહીં. કોઈ માનસિક સ્ટ્રેસ તો જરા પણ ચાલશે નહીં. દિવસમાં સાત વખત હું લખી આપું તે જ્યૂસ, ફ્રૂટ ને ગરમ ખોરાક આપવો પડશે. પછી તું જોજે. મારી હાહુ તો એમ હો કામ કરવામાં મંદ ગતિ છે, ને મારા આવ્યાં પછી માળા લઈને બેઠાં બેઠાં ખાય છે તો થોડો રેચ તો આપવાનો જ છે. મારી માવજત કરવામાં સાસુમા પોતે જ ઢીલાં થઈ જશે અને અમને પિયર ભેગાં કરી દેશે.'

મહાભારતનો પહેલો કોઠો આવો હોય તો વિચારો કે આગલા કોઠા કેવા કેવા હશે? પછી તો સાસુમા પક્ષે નણંદબા, જેઠાણી, દેરાણી અને વહુના પક્ષે આખો પિયર પક્ષ. આ બધામાં જેનું નામ પાડવાની હોડમાં મહાભારતનાં મંડાણ થયાં છે, એ વિચારતો હશે કે હજી બહારની દુનિયા તો મેં જોઈ નથી, પણ આ ઘરની દુનિયા જોયા પછી તો હે પ્રભુ! મને લાગે છે કે આના કરતાં તો મને માના ઉદરસ્થ જ રાખી મૂકે!



જોકે પછી કુંવરનું નામ પાડવાનું હોય એટલે એણે તો વાજતે ગાજતે બહાર આવ્યે જ છૂટકો. કાશ! મારા પપ્પા સજીધજીને, ઘોડે ચડીને, અગ્નિની સાક્ષીએ સાત ફેરા ફરીને, ફટાકડા ને આતશબાજી કરીને, પૈસાનું પાણી કરીને, વરરાજા બનીને મમ્મીને પરણવા ગયા જ ન હોત તો...? કેવું સારું થાત! પણ ના, મહાભારત જેના ઘરમાં રચાવાનું હોય છે, તે ઘરમાં યુદ્ધનો પાયો આપોઆપ નખાઈ જતો હોય છે.

પેલું કહ્યું છે ને કે થવા કાળ તો થઈને જ રહે છે. લખેલા લેખ ભલા કોણ ભૂંસી શકે? નસીબમાં હોય તેને કોણ મિથ્યા કરી શકે? આ નવ મહિનાના મહાભારતનું, કાશ! લાઇવ ટેલિકાસ્ટ થયું હોત કે પછી 'એ નવ મહિના' નામની ઓફબિટ ફિલ્મ બની હોત તો સુપરડુપર હીટ થઈ હોત. અમને લઈને મમ્મી પિયરમાં ખાટલેથી પાટલે... અને પપ્પા રોજ નોકરી- પિયર- સાસરું, એમ ત્રણ દિશાનાં ચક્કર કાપી કાપીને અને ત્રણે પક્ષનાને હસતાં મુખે જવાબ આપતાં ને સમજાવતાં સમજાવતાં શરીરથી અડધા થઈ ગયા અને મમ્મીજી જુઠાણાને સાચું કરવાની ઍક્ટિંગ કરવામાં ખાટલે પડી પડીને તેમજ દિવસમાં દસ વાર પૌષ્ટિક આહારને આરોગી આરોગી ચોમેરથી દસ ગણા વધી ગયાં!

આ નવ મહિનામાં ફોઈબાએ મારાં સો - સવાસો નામનું લિસ્ટ તૈયાર કરી દીધું હતું. અને 'નામ તો ફોઈ જ પાડે.' એમ કહી પપ્પાને રોજ જ 'બાયડીનો થઈ ગીયો છે' એમ કહી કહી હેરાન કરી દીધા. મમ્મી અને નાના-નાની પણ ચારસો જેટલાં નામો લખીને તૈયાર બેઠાં હતાં. આ બેઉ પક્ષની નામ પાડવા અંગેની ચડસાચડસી જોઈને મારી હાલત યુદ્ધમાં ફસાયેલા પેલા અભિમન્યુ જેવી થતી ગઈ. મને પણ થયું, ચાલ, બધા જ યુદ્ધ લડે છે, ચક્રવ્યૂહ રચે છે અને મનમાની પણ કરે છે તો હું પણ મારી મનમાની કરી લઉં. એમ કરવાથી કદાચ બધાની આંખ ખૂલી જાય... અને અમે ડોક્ટરને જણાવી દીધું કે બહારના આવા કપટી વાતાવરણમાં અને ચાલબાજ માણસોની વસતિમાં આવવા તૈયાર નથી. બાળકના નામે બધા આટ આટલા સ્ટંટ ખેલે છે, એવી દુનિયા મને ખપની જ નથી.

બસ, પછી તો ડોક્ટરે એલાન કર્યું. 'બાળકનો વિકાસ જોતાં અમારે મોટી સર્જરી કરવી પડશે , કારણ કે બાળક બિલકુલ રિસ્પોન્સ કરતું નથી.'

(અહીંથી હવે ડોક્ટરનું મહાભારત શરૂ થાય છે. નવ મહિનામાં ડોક્ટર સમજી ગયા હતા કે 'બેની લડાઈમાં ત્રીજો ફાવે' એ કહેવત આ બંને લડાકુ પક્ષ અને હું સાચી પાડી બતાવશું.) ડોક્ટરે તો ઑપરેશન પહેલાં જ ગંભીર વાતાવરણ ઊભું કરી દીધું. જાતજાતની દવા અને ઇન્જેક્શનો પોતાની જ દવાની દુકાનમાંથી લેવડાવીને અને બીજા બે ઘરના જ ડોક્ટરો ઊભા રાખી એ બધાના બિલ ચડાવી ચડાવી મારા પપ્પાને ખંખેરી લીધા.

હું પણ શું કરું? મને મારી મમ્મીએ છેલ્લો કોઠો જ શીખવાડ્યો નહોતો. એટલે જાતે તો બહાર ક્યાંથી આવીએ? પણ આખરે ડોક્ટર મારા પપ્પાનું બિલ વધારતા ન રહે એટલે અમે બહાર આવવા માટે માની ગયા. બાકી અંદર શું ખોટું હતું? ■

# ઓલ ટાઈમ ફેવરિટ ધોતી

ફેશન
ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

ધોતી માત્ર પુરુષોમાં જ ફેવરિટ નથી પરંતુ મહિલાઓ પણ ધોતી પહેરવાનું પસંદ કરે છે. ધોતી એટલે કે જેમાં ૮ ઇંચનો યોક હોય અને યોક પછી સાઈડમાં કાઉલ સ્ટાઈલમાં સીવવામાં આવે. ધોતી પહેર્યા પછી કાઉલ ઈફેક્ટના હિસાબે પેહર્યા પછી હેવી લુક આપે છે. ધોતીની લેન્થ એન્કલ સુધી હોય છે અને તેનો પાયસો એક બીજાંને ઓવર લેપ કરે છે. ધોતી પહેર્યા પછી આ ઓવરલેપિંગ ઇફેક્ટ ફ્રન્ટમાં જ દેખાય છે જેને લીધે ઓવર ઓલ લુક ગ્રેસફુલ લાગે છે. ધોતી સાથે અલગ અલગ લેન્થના ટોપ્સ મિક્સ એન્ડ મેચ કરી શકાય. ધોતીમાં ઇન્ડિયન લુક તેમજ ઈન્ડો વેસ્ટર્ન એમ બન્ને લુક આપી શકાય. ધોતી અલગ અલગ ફેબ્રિકમાં બને છે. ઇવેન્ટને અનુરૂપ તમે ધોતીના ફેબ્રિકની પસંદગી કરી શકો.

ઇન્ડિયન વેર - ઇન્ડિયન વેર તરીકે પહેરવા માટે ધોતી એ એક બેસ્ટ ઓપ્શન છે. ધોતી સાથે કોઈ પણ સ્ટાઇલના ટોપ્સનું મિક્સ એન્ડ મેચ કરી શકાય. તમારા બોડી ટાઈપ મુજબ તમે ધોતી સાથે અલગ અલગ લેન્થના ટોપ્સ પહેરી શકો. જેમકે, જો તમારું શરીર સુડોળ હોય તો તમે ધોતી સાથે શોર્ટ લેન્થના ટોપ્સ પહેરી શકો.

જો તમારી ધોતી કોટન ફેબ્રિકમાં હોય તો તમે કોટન પ્રિન્ટેડ અથવા હેન્ડલુમ ફેબ્રિકમાંથી બનાવેલા ટોપ્સ પહેરી શકો. કે જેમાં મેટ ગોલ્ડ લેસ અથવા કોટનની લેસ મૂકી શકાય. ધોતી સાથે જે ટોપ્સ પહેરવામાં આવે તેમાં વધારે પેટર્નની જરૂર પડતી નથી. ધોતીને હિસાબે જ ટોપ્સ સિમ્પલ હોવા છતાં સ્ટાઈલિશ લાગે છે.જો લોન્ગ ટોપ્સ પહેરવા હોય તો ટોપ્સની સાઈડ સ્લીટ થોડી લાંબી રાખવી જેને લીધે ધોતીની સ્ટાઇલિંગ દેખાય. ધોતી સાથે એ સિમેટ્રિકલ હેમલાઇન પણ ખૂબ જ સુંદર લાગે છે.

ધોતી જો ફલોઈ ફેબ્રિકમાં બનેલી હશે તો તેનો ફોલ વધારે સારો દેખાશે. જો તમારું સુડોળ શરીર હોય તો તમે ધોતી સાથે શોર્ટ લેન્થના ફલેરી ટોપ્સ પહેરી શકો. એટલે કે, કેડિયા સ્ટાઇલ કે પછી પેપ્લમ ટોપ્સ.ધોતી સાથે એક સ્પેસિફિક પેટર્ન પણ સારી લાગે છે કે જેમાં કમર સુધી યોક અને પછી એ લાઈન સ્ટાઈલમાં ઘેરો હોય. સ્લીવ્ઝમાં તમે તમારી મનપસંદ વેરિએશન આપી શકો. જેમકે, સ્લીવલેસ, થ્રિ ફોર્થ કે પછી બેલ સ્લીવ્ઝ અથવા તો ફિટેડ ફૂલ સ્લીવ્ઝ. તમારા બોડી ટાઈપ મુજબ તમે સ્લીવ્ઝની લેન્થનું સિલેક્શન કરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો તમારે ધોતી પહેરવાની ટાળવી. જેમનો હિપનો ભાગ વધારે હશે તો તેમણે ખાસ કરીને ધોતી પહેરવાનું ટાળવું. તમારું શરીર વધારે ભરેલું લાગશે. અને તેમ છતાં તમારે ધોતી પહેરવી હોય તો, તમારે ખાસ કરીને ધોતી સાથે લોન્ગ ટોપ્સ પહેરવા કે જેના લીધે તમારા હિપ્સ કવર થઇ જાય. જેમનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને સિન્થેટિક ફેબ્રિકવાળી ધોતી પહેરવી કે જે વધારે ફૂલેલી ન લાગે. જેમનું શરીર હેવી છે તેઓ ધોતી સાથે શ્રગ પણ પહેરી શકે.

ઈન્ડો વેસ્ટર્ન વેર - ઈન્ડો વેસ્ટર્ન વેરમાં જો ધોતી પહેરવી હોય તો , ધોતીનું ફેબ્રિક સિલેક્ટ કરવામાં ખૂબ ધ્યાન રાખવું. જેમકે, ખાસ કરીને સિન્થેટિક ફેબ્રિકની પસંદગી કરવી. સિન્થેટિક ફેબ્રિકમાં પણ ઘણા ઓપ્શન આવે છે. કે જેમાં ટ્રાંસપેરન્ટ ધોતીનો પણ સમાવેશ થાય છે તેમજ શિમરવાળી ધોતી પણ આવે છે.

ઈન્ડો વેસ્ટર્ન ધોતી લુક ખાસ કરીને વેડિંગ ફંક્શનમાં પહેરી શકાય કે જેમાં મોટે ભાગે શિમર ફેબ્રિકનો ઉપયોગ થયો હોય. વેડિંગ ફંક્શનમાં પહેરતી ધોતીની એક ચોક્કસ પેટર્ન હોય છે.

જેમકે, ધોતી સાથે શોર્ટ ટોપ અને ટોપ પર સિલ્વર કે ગોલ્ડન કલરનું હેન્ડ વર્ક હોય અને તેની પર ટ્રાંસપેરન્ટ શ્રગ. શ્રગની લેન્થમાં પેટર્ન અનુસાર વેરિએશન આવે છે. શ્રગમાં પણ થોડું વર્ક હોય છે જેથી કરી ઓવર ઓલ લુક બેલેન્સ થાય. ઈન્ડો વેસ્ટર્ન લુક માટે ધોતી સાથે દુપટ્ટો અટેચ કરી એક હાલ્ફ સારી લુક પણ ક્રિએટ કરી શકાય. હાલ્ફ સારી લુક એટલે, કે જેમાં ધોતી સાથે જ દુપટ્ટો અટેચ કરેલો હોય છે અને ફેન્સી શોર્ટ ટોપ હોય છે. જો તમારી પાસે સિમ્પલ ધોતી, શોર્ટ ટોપ અને દુપટ્ટો હોય તો તમે તેને કમર બેલ્ટ સાથે પહેરી એક અલગ લુક આપી શકો.




જેમકે, ધોતી અને શોર્ટ ટોપ સાથે દુપટ્ટાને ગળામાં પાછળથી નાખી પહેરવો અને કમર પર બેલ્ટ પહેરવો જેથી કરી દુપટ્ટો સરકી ન જાય અને બેલ્ટ પહેરવાથી આખો લુક લોક થઇ જાય છે. તમે પ્રિન્ટેડ ધોતી સાથે પ્લેન ટોપ પહેરી શકો અથવા પ્લેન ધોતી સાથે પ્રિન્ટેડ ટોપ પહેરી શકો. અથવા તો આખો લુક પ્લેન અથવા તો પ્રિન્ટેડ પહેરી શકાય.

જો તમે યંગ યુવતી હોવ તો તમે સિન્થેટિક ફેબ્રિકમાં બનાવેલા ધોતી અને ફલેરી ટોપ્સ પહેરી શકો. જો તમે ઈન્ડો વેસ્ટર્ન વેર તરીકે ધોતી પહેરવા માંગતા હોવ તો તમે ધોતી સાથે હિલ્સ પહેરી શકો. અને જો તમે ધોતી કેઝ્યુઅલી પહેરવા માંગતા હોવ તો તમે ધોતી સાથે મોજડી પહેરી શકો. ધોતી સાથે વેસ્ટર્ન અને ઇન્ડિયન એમ બન્ને ટાઇપની જ્વેલરી મિક્સ એન્ડ મેચ કરી શકાય, ડીપેન્ડિંગ કે તમારે કયા ફંક્શનમાં જવાનું છે. ■

ફોકસ
ઝુબેદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# સ્ત્રીઓમાં પર્વ ઉજવણીનો ઉત્સાહ પુરુષ કરતાં વધુ કેમ હોય છે?



ઉત્સવોને આપણે ધાર્મિક રીતે જોઈએ કે સામાજિક રીતે, પરંતુ એક વાત ખૂબ જ સ્પષ્ટ છે કે સ્ત્રીઓ જે ઉત્સવમાંથી હટી જાય અને ઉત્સવ ઉત્સવ નથી રહેતો.

- આનંદનો કોઈપણ પ્રસંગ હોય,

* મેળાવડો હોય,
* કોકટેલ પાર્ટી હોય કે
* જ્ઞાતિભોજન, લગ્નપ્રસંગ હોય કે ધાર્મિક ઉત્સવ!
* એ ઉત્સવને દીપાવે છે સ્ત્રી.

- પુરુષ કદાચ આનંદને સ્ત્રી જેટલી મોકળાશથી માણી શકતો નથી અથવા તો એને આનંદ શું એની ખબર જ નથી એવું આપણા દેશના બધા

* પર્વો,
* ઉત્સવો,
* તહેવારો,
* મેળાઓ,
* મેળાવડાઓ જોયા પછી લાગતું હતું.

- પરંતુ હવે તો વિશ્વવિખ્યાત માનસશાસ્ત્રીઓ એવા તારતમ્ય પર આવ્યા છે જે આનંદની અનુભૂતિ કરવા-કરાવવામાં સ્ત્રી જેટલી મુક્ત વિચાર ધરાવે છે એટલા પુરુષો પછાત છે. પછી એ તરણેતરનો મેળો હોય કે ફાઈવ સ્ટાર હોટલની પાર્ટી.

- આ તહેવારો જો હજી ટકી રહ્યા હોય તો એનું કારણ સ્ત્રી છે. નહીં તો પુરુષોએ આ તહેવારોને પણ પંદરમી ઑગષ્ટ અને ૨૬મી જાન્યુઆરી જેવા સોગીયા બનાવી દીધા હોત.

- માણસજાતને ઉત્સવ પ્રિય છે, પણ કોઈપણ પ્રસંગને સ્ત્રી જ ઉત્સવમાં ફેરવી શકે છે.

- સાવ નાનકડી વાત લઈએ તો ઘરમાં બાળકનો બર્થ ડે હોય તો બાપ એ દિવસ કઈ રીતે ઉજવવાનું કહેશે અને મા કેવી યોજના કરશે એ અલગ અલગ કાગળ પર લખાવો.

- બાપ લખશે-

* સવારે સંતાનને મીઠું મોઢું કરાવવું,
* બપોરે સરસ લંચ,
* સાંજે બાળકોની પાર્ટી અને પછી
* ફેમિલી સાથે ક્વાએટ ડિનર.

- મા લખશે-

* સવારે સંતાનને ખૂબ સરસ રીતે તૈયાર કરીશ.
* પછી બધા વડીલોને પગે લાગવાનું કહીશ.
* પછી એને ભાવતી ચીજ નાસ્તામાં આપીશ.
* પછી એના મિત્રો સાથે રમવા મોકલીશ.
* બપોરે લંચ વખતે કુટુમ્બ ખાનગી ઉત્સવ લંચ લેશે, એ વખતે અમે બધા એને ભેટ આપીશું,
* પછી સાંજે પાર્ટી. એમાં બધા જ ખૂબ સરસ રીતે તૈયાર થાય, આનંદપૂર્વક ભાગ લે...!

- જોયું ને? લખાણમાં આટલો ફેર હોય તો ઉજવણીમાં કેટલો ફરક પડી જાય એ કહી શકશોને?

- એક રશિયન કહેવત છે કે તમે પુરુષોને કોઈ પણ આનંદ આયોજનની જવાબદારી સોંપો એમાં બેફામ બનવાનું જ વિચારશે. પણ સ્ત્રી એ જ પ્રસંગને કાયમી યાદમાં બદલી નાખવાનું વિચારશે.

- અમેરિકામાં પણ કહે છે ને કે મેઈલ બીઝ ફેસ્ટિવિટી ટુ ઍન્ડ... બટ ફિમેલ મેઈક ઈટ ગો...

- આપણે ત્યાં પણ યુગો યુગોથી એવું જ શું નથી બનતું આવ્યું.

* મહાભારતમાં કૌરવ-પાંડવ ભેગા થઈને આનંદમાં તો જુગાર જ રમતા હતા ને?
* રામાયણમાં રાવણની ઉત્સવપ્રિયતાનો અંત તો સીતા જ હતી ને?

- એની સામે આપણી દિવાળી,
- ઈસમાઈલી અને પારસીભાઈઓના નવરોજ,
- મુસ્લિમ બિરાદરોની ઈદ,
- શીખોની નાનક જયંતી કે
- ખ્રિસ્તીઓની નાતાલ જુવો.
- તમને આ બધા જ ઉત્સવોમાં પુરુષ મોખરે દેખાશે અને આનંદની વહેંચણી કરવામાં સ્ત્રી!
- કારણ સ્ત્રીને

* સૌન્દર્ય,
* કલા,
* સંસ્કૃતિ,
* સંસ્કાર,
* સભ્યતા બધા સાથે ગર્ભનાળનો સંબંધ છે.

- એની ઋજુતા,
- એની ઉત્સવપ્રિયતા,
- એની સૌન્દર્ય ઉપાસના બધું જ સર્જનાત્મક છે.
- હા,
- જ્યારે પણ એનો ખોટો ઉપયોગ થાય છે ત્યારે દોષિત શોધવા જવો પડતો નથી.
- ઉત્સવની સ્ત્રીઓ આતુરતાપૂર્વક રાહ જોતી હોય છે એના અનેક કારણ છે જેમાના કેટલાંક કારણો પર રોશની પ્રસ્તુત લેખના આવતા અંકના બીજા ભાગમાં વાંચીશું.

અને ઉમંગનો
માનવ દેહ ગણાય છે. ■

આજની ટૂંકી વાર્તા

# અટેચમેન્ટ

અજય ઓઝા
feedback@bombaysamachar.com



**તારાં બાળકો સારી સ્કૂલમાં ભણે છે, મનીષકુમાર આટલું તારું ધ્યાન રાખે છે, કોઈ વાતની તકલીફ નથી તારે. તું એકલી નથી પડી નિશુ, તારી પાસે તો જીવનનાં કેટલાં બધાં સુખો છે**

'રહેવા દે મા, એ બધું તને નહીં સમજાય.' માના સવાલને ટાળવા હું બોલી.

એની વિમાસણને અટકાવવા માટે મેં વાત આગળ ચલાવી,

'સારું થયું મા, તું આવી, નહીંતર અહીં હું તો સાવ એકલી જ પડી ગઈ છું.' બોલી શકાય એટલી હળવાશથી મેં કહ્યું.

'તારે તો લહેરે છે. આવડા મોટા શહેરમાં આવડો મોટો બંગલો કોને મળે? હળવાફૂલ શરીરને સોફા પર ટેકવતાં આખા બંગલામાં ચોતરફ નજર ફેરવી ખુશીની ચમક સાથે મા બોલી, 'આટઆટલી સુખ-સાહ્યબી બીજા કોઈને સપનામાં પણ ન મળે. નિશુ, તું ખરેખર બહુ ભાગ્યશાળી છે.'

હું હસી ને માની નજીક આવી. એ કહે, 'તારાં બાળકો સારી સ્કૂલમાં ભણે છે, મનીષકુમાર આટલું તારું ધ્યાન રાખે છે, કોઈ વાતની તકલીફ નથી તારે. તું એકલી નથી પડી નિશુ, તારી પાસે તો જીવનનાં કેટલાં બધાં સુખો છે.'

'છોડને મા, એ બધું તને નહીં સમજાય.' માની સામે ગોઠવાતાં નિસાસાની લકીરો છુપાવતાં મારાથી ફરી બોલી જવાય છે.

ઘણા વરસે મા આજે મારા ઘેર આવી હતી. મનીષને તો બહુ કામ રહે એટલે એ તો વહેલો જ ઓફિસ જવા નીકળી ગયેલો, જતાં જતાં કહેતો ગયેલો, 'ડ્રાઈવરને તરત પાછો મોકલું છું, એ તારી મમ્મીને લઈ આવશે, એટલે તારે કશી ચિંતા નહીં.'

કંપનીએ બંગલા સાથે ગાડી પણ આપી છે. ડ્રાઈવર માને લઈ આવેલો. પછી ડ્રાઈવર બાળકોને સ્કૂલે મૂકવા ગયો. મારે ખરેખર કોઈ ચિંતા ન રહેતી. કોઈ કામ કરવાનું રહેતું નહીં, આખો દિવસ ફુરસત જ ફુરસત. એટલે હું સામે ચાલીને ઘરનાં કેટલાંક કામ કરવામાં સમય પસાર કરું.

કૉફીના બે મગ ટિપાઈ પર આવી ગયા. કૉફી પીતાં પીતાં માએ પૂછ્યું, 'તું સુખી તો છે ને? મનીષકુમાર બરાબર સાચવે તો છેને?' માની આંખોમાં સહેજ ચિંતા સળવળી હોય એમ જણાય છે.

'આટલાં વરસે તું આમ કેમ પૂછે છે મા? તું જ જોને, હું કેટલી સુખી છું! કશી વાતની ફિકર નથી મારે. મનીષ તો મારી ખૂબ કૅર લે છે. હું તો સુખી જ સુખી છું.' હું માના મનમાં સળવળેલી ચિંતાને નાબૂદ કરવા પ્રયત્ન કરું છું. માને હૈયે ધરપત વળી હોય એમ જણાતાં મને પણ આનંદ થાય છે.

હું વોશિંગ મશીન ચાલુ કરું છું. એ જોઈ મા બોલી, 'આપણે ત્યાં તો ફળિયાની ચોકડીમાં કપડાં ધોવાના એ દિવસો તને યાદ હશે, નહીં નિશુ?

'હા, બધું યાદ છે. કૂંડીમાંથી પાણી લેવાનું, ચોકડીએ ડોળ કાઢવાનો, ને વચ્ચોવચ ગોઠવાયેલા પેલા પથ્થર પર કપડાં ધોકાવવાનાં. ને મા, ખબર છે? ...પપ્પાના કપડામાંથી ક્યારેક પાકીટ નીકળે તો ક્યારેક ઘડિયાળ, એ બાબતે પપ્પાની સાથે થતો એ તારો મીઠો ઝઘડો...! ફળિયાની આપણી અને રંજનમાસીની સામસામી દીવાલે બાંધેલી દોરી પર કપડાં સૂકવવાનાં. ને એ વખતે અચૂક આવી પહોંચતા બાજુ વાળાં રંજનમાસી સાથે વાતો પણ કરવાની, કેવી મજા હતી નહીં મા?' ઉત્સાહમાં હું એકસામટું ઘણું બધું બોલી ગઈ.

એ એક પળમાં તો ફંગોળાઈને હું એ ફળિયામાં જઈ પહોંચી, દોડીને કૂંડીમાં બંને પગ ઝબોળી જ દીધા, આહ... શી એની ઠંડક...! ઘડીભર કૂંડીના પાણીને છબછબિયાં કરી ડહોળી જ નાખ્યું. એનાં વમળોમાં ઊછળતું મારું બાળપણ જાણે મારી સાથે છબછબિયાં કરવા બહાર દોડી આવ્યું! મજા પડી ગઈ. દીવાલો પર ઊડ ઊડ થઈ રહેલી દોરીએ ટીંગાઈ લઉં છું, એ ઘર ને આખુંય ફળિયું હાલક-ડોલક. હું ઝૂલું છું કે આખું ફળિયું હાલક-ડોલક થાય છે. શી ખબર? આહ. કેવી મજા! પપ્પા જોઈ ગયા તો આવી બન્યું સમજો, ને રંજનમાસીનો વીરુ પણ હાથમાં બૅટ લઈને દોડે...

-દોરી છૂટી ગઈ, હું તરત જ નીચે ખાબકી, પપ્પા તો હવે ક્યાં? ને વીરુ તો...-?

માએ મને ઝાલી લીધી ને બીજી પળમાં હું આવી પહોંચી માના ખોળામાં, કશુંક ઉતાવળમાં પાછળ છૂટી ગયું હોય એમ લાગ્યું. મા કહેવા લાગી, 'મજા તો તારે છે આજે. જોને એક સ્વિચ ચાલુ કરી એટલે વોશિંગ મશીન ચાલુ. બીજી કોઈ કડાકૂટ જ નહીં, ખરી મજા છે હોં તારે નિશુ.' મા બોલી.

'આ મશીનમાં બધું છે મા, ફુલ્લી ઓટોમેટિક, કપડાં ધોવાય, સૂકવાય, બધાં જ કન્ટેનર એટેચ, પણ એમાં એ આપણા એ ફળિયાનું એટેચમેન્ટ નથી, મા.' હું બોલી.

'એટલે?' માને સવાલ થાય છે, પણ મારી પાસે ક્યાં જવાબ હોય છે?

'રહેવા દે મા, એ બધું તને નહીં સમજાય.' હું બોલી અને વોશિંગ મશીનના બજરે મારા બાકીના શબ્દો બચાવી લીધા.

બપોરે જમવા બેસતી વખતે મા કહે, 'મનીષકુમાર જમવા નહીં આવે? સૌ સાથે જમીએ, બોલાવી લે.'

'અરે મા, એમનું તો નક્કી જ નહીં, ભાગ્યે જ જમવા ઘેર આવી શકે, ટિફિન પણ ફાવે નહીં, કામમાંથી ફુરસત મળે તો કેન્ટીનમાં જમી લે, બાકી તો કામ અને કોફી જ એમનો ખોરાક. શું કરવું મા? સૌ સૌનું એટેચમેન્ટ.' હું બોલી.

'જમવાનું ભુલાવે એવી તે વળી શી કામની બલા?' માએ પૂછ્યું.

'તને એ બધું નહીં સમજાય, મા. તું જમવાનું ચાલુ કર. હું છુંને તારી સાથે.' મેં માને જમવા બેસાડી, ને પીરસવા લાગી, 'આ અહીંનું મશહૂર અથાણું છે, તને જરૂર ભાવશે, બધી રસોઈ મેં જાતે બનાવી છે, તું શરૂ કર હું પાપડ લાવું.'

થોડું ચાખ્યા પછી માએ પૂછ્યું. 'નિશુ, તું અથાણાં-મસાલા બહારથી તૈયાર મગાવે છે? જાતે નથી બનાવતી? તને યાદ છે, સીઝન આવે ત્યારે અડોશ-પડોશનાં પાંચ-સાત બહેનો ભેગાં મળીને આપણા જ ફળિયામાં અથાણાં, પાપડ, બધું બનાવતાં, ને કેટલા દિવસ એ બધો મેળાવડો ચાલતો?'

'યાદ જ હોયને મા, રંજનામાસી પણ આવે. હું તો એ સીઝનની રાહ જોતી હોઉં, ભેગા થયેલા સૌની પાસેથી કેટકેટલી વાતો જાણવા-શીખવા મળતી! અડોશ-પડોશનું એ સાયુજ્ય કેમ ભુલાય મા!' મેં કહ્યું.

મારી નજર સામે મારા એ ફળિયાનું રંગીન દશ્ય ઊપસવા લાગ્યું. ફળિયામાં સૂકવેલા પાપડ પર વીરુ હાથફેરો કરતો હોય, કોઈ હળદર સૂકવતું હોય તો કોઈ ધાણા સાફ કરતું હોય, એક ખૂણે પડ્યા રહેતા ખાંડણિયાનું સ્થાન પણ હવે મિક્સરે લઈ લીધું હશે.

વેરવિખેર દશ્યો પણ કેટલાં ઝડપથી અવળ-સવળ થઈ નજર સામેથી પસાર થઈ રહ્યાં, પાનવાળા પાસેથી માગીને લાવેલા મોટા સૂડામાં કાચી કેરીઓ કાપતો વીરુ દેખાય, તડકે સૂકવેલી હળદર જોઈ રંજનમાસી માને પૂછતી હોય, 'ઓણ તમારી નિશુનાં લગન લેવાં હોય તો હળદર વધારે કરીએ, છોને જરા વધુ રૂપાળી થાય.'

હું શરમાઈ જવા જેવું બહુ શીખી નહોતી એટલે સૌની સાથે હું પણ જરા હસી લઉં. રંજનમાસીની વાતે બીજા કોઈને પાનો ચઢે તો વળી એ કહે, 'જે નક્કી કરો એ વહેલાસર કહેજો, તો હું ધાણા સાફ કરું છું એમાં મારે જીરું ઉમેરવાનું છે કે ગોળ -એની ખબર પડે.'

વળી સૌ ખખડે, વીરુને સૂઝે તો 'હું ગોળ લેતો આવું' -કહેતોકને દોડે, એટલે એને પકડીને બેસાડી દઉં પાછો કાચી કેરી કાપવા, એવી જ કોઈ મસ્તીમાં એના સૂડામાં એક દિવસ મારી આંગળી આવી ગયેલી, ને કાચી કેરીઓના કટકા મારા લોહીથી લાલ-લાલ થઈ ગયા.

એ વખતે એ વીરુડો એટલું જ બોલ્યો કે, 'હવે અથાણાંમાં કોઈ મરચું નહીં નાખતા, મરચાનો કલર અને તીખાશ બંને આ નિશાડીએ ભેળવી દીધાં છે.'

-'અથાણું સહેજ ફીકું તો લાગે છે હોં નિશુ? તીખાશમાં પણ અને રંગમાં પણ...' માએ કહ્યું ને હું ફળિયામાંથી ફંગોળાઈને પાછી આવી.

'એ તો લાગે જને મા, લોહીનું કશું 'એટેચમેન્ટ' જ નથી રહ્યું હવે!' હું બોલી જાઉં છું, કહો કે મારા મોંએથી શબ્દો નીકળી જાય છે. મને ખબર હતી કે માને એ નહીં સમજાય.

'એટલે?' માનો સવાલ સ્વાભાવિક જ હતો.

'રહેવા દે મા, એ બધું તને નહીં સમજાય.' હું બોલી, તું નિરાંતે જમી લેને મા, મારે તો દાળ-ભાત લેવા જોઈશે. તને પાપડ આપું કે?

ફરી ફરીને કશુંક પાછળ છૂટી ગયું હોય એવું અનુભવાય છે.

અહીં તો એટેચમેન્ટ જેવું કશું જ નહીં, વોશિંગ મશીન, મિક્સર, ઓવન, એ.સી., ગ્રાઈન્ડર, વેક્યુમ ક્લીનર, એક્વાગાર્ડ, લેપટોપ, મોબાઈલ ફોન, ગીઝર જેવાં મશીનો બધું કામ આસાન કરી આપે. એ બધાં મશીનોનું ખપપૂરતું વળગણ રહે પણ અદકેરું સાયુજ્ય તો શેં રહે!

અમારા ફળિયામાં હોમ-હવન હોય કે કશોક પ્રસંગ હોય, ઉમંગ મઢેલા પડોશીઓથી ફળિયું, ઊભરાય, ભેગા થઈ સૌ કામ કરે, એ મેળવડામાં સૌનાં સુખ-દુઃખ શેર થાય અને વહેંચાય જાય. ઘરગથ્થુ કૌશલ્યો સમજવા મળે, માને કેમ સમજાવું કે તેં શીખવેલાં એ 'સ્કિલ્સ' અહીં મારે કશા કામમાં આવતાં નથી!

અહીં તો અડોશ-પડોશમાં પણ સૌ પોતપોતાનામાં વ્યસ્ત લોકો જ રહે. દિવસના ભાગે તો આખીયે સોસાયટીના બંગલાઓમાં સિક્યુરિટીમેન અને પાળેલા કૂતરાઓ જ હાજર હોય, બાકી બધું સૂમસામ ભાસે, આમાં કયું સાયુજ્ય શોધવું?...ઝીરો એટેચમેન્ટ!

પરવારીને સોફા પર લાંબી થયેલી માને ફરી કંઈક યાદ આવ્યું. 'નિશુ, એક વાર વેકેશનમાં તું આવી ત્યારે તારી લખેલી કોલેજ વખતની કોઈ બુક શોધતી હતીને?'

'અરે... હા મા. તને યાદ છે?' મેં પૂછ્યું.

મને યાદ આવ્યું. કોલેજમાં કવિતા સાથે જરા એટેચમેન્ટ થયેલું. મનીષને કેટલીક વાર કંઈક સંભળાવું તો એ કહે, 'નિશુ ડિયર, હું એકપત્નીવ્રત પુરુષ છું. તને જ ચાહી શકું, તારી આ રૂપાળી કવિતાને નહીં ચાહી શકું.'

પછી કંઈ પણ લખું તો હું એને કહેવાને બદલે સોશિયલ સાઈટ્સ પર શેર કરી મન મનાવી લઉં. પણ થોડા જ દિવસોમાં મનીષે કહ્યું, 'નિશુ, તારી કવિતા પર 'વાહવાહી' ફેંકવા પડાપડી કરનારાના કર્સર તારી કવિતા કરતાં પણ તારા પ્રોફાઈલ પિક્ચર પર વધુ ફરતા હોય છે, એ બધાના પ્રોફાઈલ મેં જોયા છે. એક વાર તારી કોઈ સારામાં સારી કવિતા મારા નામે મૂકી જોજે. સમજાઈ જશે. આ બધા 'કમેન્ટિયામેન' વરસાદના દેડકાથી વધુ કંઈ નથી. તું છોડ આ બધું શેરિંગ-ફેરિંગ, નકામું છે આ બધું.'

એ દિવસથી શેરિંગનું જ નહીં કવિતાનું એટેચમેન્ટ પણ છૂટી ગયું! પછી તો પિયર ભૂલી આવેલી એ કવિતાની એ બુક પણ વીસરાઈ ગયેલી.

'મા, કોઈ વાર માળિયા ખાલી કરો તો સહેજ જોજેને, લાલ રંગના પૂંઠાવાળી બુક છે. મળે ત્યારે મને મોકલી દેજે.' મેં માને કહ્યું.

'અરે હોય કાંઈ? હું સાથે લેતી આવી છું તારી એ બુક.' કહેતાં ત્વરાથી મા ઊભી થઈ, ને પોતાના થેલામાંથી બુક લાવી મારા હાથમાં મૂકતાં કહે છે, 'વીરુ આવેલો એ દિવસે, તો એને જ માળિયે ચઢાવેલો, પૂછતો હતો કે લાલ પૂંઠાવાળી જ બુકને? બિચારાએ બે કલાકની ભારે મહેનતે શોધી આપી. નીચે ઊતર્યો ત્યારે એનો ચહેરો ભારે નીતરતો હતો, કહે કે માળિયામાં જ આખી બુક વાંચી લીધી, એ બારકસ હજુ પણ સુધર્યો જ નથી.'

હું તો તરબતર થઈ રહી. કશુંક છૂટી ગયેલું પકડવા મથતી હોઉં એમ એ બુક મેં મારા હાથમાં લીધી. ભારે રોમાંચ સાથે હું એ બુક ખોલું છું.

પહેલે જ પાને... વસંતનું ગીત,

બીજે પાને કિશોરીનો કલબલતો... થનગનાટ,

ત્રીજે પાને... ચાતકની પ્યાસ,

ચોથે પાને... મેઘરાજાનું સ્વાગત,

પાંચમે પાને... વિરહિણીનું રુદન,

છઠ્ઠે પાને... જીવનનું સત્ય,

અને... આહ, સાતમે પાને... એક તાજું જ ગુલાબનું પુષ્પ... હા, વર્ષોથી દબાયેલું છતાં જાણે કાલ સવારનું જ હોય એવું તાજું જ સાયુજ્ય એ પુષ્મમાંથી ફોરમવા લાગે છે.

...ને મને વધુ એક એટેચમેન્ટ યાદ આવી જાય છે...!

મારી ભીની થયેલી આંખોને વાંચતી મા વળી પૂછી બેસે છે, 'નિશુબેટા? શું થયું?'

હું સ્વસ્થ થવા કોશિશ કરું છું, 'મા...'

મને વચ્ચે જ અટકાવી મા મારી પાસે આવે છે. મારી પીઠ પર હાથ ફેરવતાં ધીમા ભીના અવાજે કહે છે,

'રહેવા દે નિશુ, એ બધું મને નહીં સમજાય!' (સમાપ્ત) ■

---


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| गंडा | ચોકીપહેરો |
| गड | સાથી |
| गडी | મંતરેલો દોરો |
| गप्प | કિલ્લો |
| गस्त | ચૂપ |

## ઓળખાણ પડી?



મુખ્યત્વે ઓસ્ટ્રેલિયામાં જોવા મળતા વિશ્વના સૌથી ઝેરી સાપની ઓળખાણ પડી? એના એક ડંખમાં ૧૦૦ માનવ મૃત્યુ પામે એવું કાતિલ ઝેર હોય છે.

અ) Black Mamba બ) Yellow Chin ક) Rattle Snake ડ) Inland Taipan

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ના | ૨ ના | ૩ સા | હે | ૪ બ | | ૫ લ | ક્ષ્મી | ૬ બા | ઈ |
| | ૭ ર | દ | | ૮ ગ | ૯ બ | | | લ | |
| ૧૦ મં | દ | | ૧૧ ડે | લ | હા | ૧૨ ઉ | સી | | ૧૩ હ |
| ગ | | ૧૪ ભા | વિ | | ૧૫ દુ | ર | | ૧૬ ઘુ | મ |
| ૧૭ લ | ૧૮ તા | | ૧૯ લ | ૨૦ કી | ર | | ૨૧ શ | | |
| ૨૨ પાં | ડ | ૨૩ વ | | ૨૪ ક | શા | | ૨૫ કે | ૨૬ નિં | ૨૭ ગ |
| ડે | | ળ | | | ૨૮ હ | ૨૯ વે | | ૩૦ દા | ણ |
| | ૩૧ બે | ગ | મ | હ | જ | ર | ૩૨ ત | | ગ |
| ૩૩ મો | કા | ણ | | | ફ | | ૩૪ બે | સ | ણા |
| ૩૫ ક્ષ | ર | | ૩૬ કું | વ | ર | સિં | હ | | ટ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | ૪ | | ૫ |
| | | | | | ૬ | | | | |
| ૭ | ૮ | | | | ૯ | | | ૧૦ | |
| ૧૧ | | | ૧૨ | | | | ૧૩ | | |
| | | ૧૪ | | | ૧૫ | | | | ૧૬ |
| ૧૭ | | | | | | | ૧૮ | | |
| | | | | ૧૯ | | ૨૦ | | | |
| ૨૧ | ૨૨ | | | ૨૩ | ૨૩અ | | ૨૪ | ૨૫ | |
| ૨૬ | | | ૨૭ | | | ૨૮ | | | |
| ૨૯ | | | | | ૩૦ | | | | |

### આડી ચાવી

૧. સમૂળગું પરિવર્તન (૫)
૩. સગવડનો અભાવ (૪)
૬. પંજાબીઓનો એક પક્ષ (૩)
૭. કામ કરનાર (૪)
૯. સ્થળ (૨)
૧૦. ઢગલો (૨)
૧૧. દૂર થવી, સાજી થવી (૨)
૧૨. ---માં ફૂલઝાડ ઉગ્યાં હોય (૩)
૧૩. ગમ્મત, મસ્તી (૨)
૧૪. એક હિંસક જાનવર (૨)
૧૫. વરસાદમાં ગવાતો રાગ (૩)
૧૭. બરતરફ (૪)
૧૮. વાત્સલ્ય, પ્રેમ (૩)
૨૦. હોડ, કરાર, બોલી (૨)
૨૧. ખોસવું (૩)
૨૩. બનાવટી, નકલી (૨)
૨૪. ના પાડવી તે (૩)
૨૬. બોક્સીંગમાં --- રહેવું મહત્ત્વનું છે (૨)
૨૭. મોટે ભાગે --- સાપ ઝેરી નથી હોતા (૪)
૨૯. શુદ્ધ, તદ્દન (૪)
૩૦. રૂઆબનો દોર-સમય (૫)

### ઊભી ચાવી

૧. કાપાકાપી, કતલ, અદાવત (૪)
૨. ચીંથરેહાલ (૬)
૩. દુકાળ, કવખતનું (૩)
૪. શેરી, ફળિયું (૨)
૫. ઓડકાર (૩)
૬. ટક્કર, લડાઈ, ટિચામણ (૫)
૮. હનુમાનજીની મૂર્તિ ઉપરનો મેલ (૨)
૧૦. મોરની પત્ની (૨)
૧૩. અયોગ્ય વર્તન (૫)
૧૪. સહેજ કડવું, હઠીલું (૪)
૧૬. અપંગો ને વૃદ્ધો માટે જોઈએ (૪)
૧૭. પ્રારંભ, ખુલ્લુ મૂકવું તે (૫)
૧૯. એક વિચરતી જાતિ (૩)
૨૨. રેખા (૨)
૨૩/અ. --- કરવો એટલે વાંધો પતાવી સોદો નક્કી કરવો (૩) (જો.છૂ.)
૨૫. વિકટ, મુશ્કેલ, અઘરા (૩)
૨૭. ઓછું (૨)
૨૮. --- તૂટવો એટલે સંપ કે તલ્લીનતા તૂટવી (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સગા જેઠાણીના સાસુના એકમાત્ર જમાઈના દીકરાની એકમાત્ર સગી માસી સ્ત્રીના સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજી બ) દીકરી ક) ભાણેજ ડ) નણંદ

## જાણવા જેવું

ઊંટના શરીરની રચના ગરમ અને રણ પ્રદેશમાં જીવવા માટે અત્યંત અનુકૂળ હોય છે. ઊંટ જળસંચયી છે અને એક સમયે ૧૦૦ લિટર પાણી પી જવાની ક્ષમતા ધરાવે છે. ઊંટની ઊંચાઈ સામાન્યપણે ૧.૮ મીટરથી ૨.૧ મીટરની આસપાસ હોય છે. એના શરીરનું વજન આશરે ૫૦૦થી ૬૦૦ કિલોની આસપાસ હોય છે.

## સુડોકુ-૮૦૭૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૩ | | ૬ | | |
| ૬ | | ૫ | | | | ૭ | ૮ | |
| | | | ૫ | | | | | ૯ |
| ૨ | | | | | | ૪ | | |
| | | | ૮ | | ૭ | | | |
| | | ૧ | | | | | | ૩ |
| ૫ | | | | | ૨ | | | |
| | ૯ | ૮ | | | | ૩ | | ૪ |
| | | ૪ | | ૮ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૯ | ૭ | ૨ | ૫ | ૧ | ૬ | ૩ | ૮ | ૪ |
| ૫ | ૪ | ૬ | ૮ | ૩ | ૨ | ૧ | ૯ | ૭ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૫ | ૧ | ૬ | ૨ | ૩ |
| ૧ | ૩ | ૯ | ૨ | ૬ | ૭ | ૪ | ૫ | ૮ |
| ૨ | ૬ | ૫ | ૩ | ૮ | ૪ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૯ | ૪ | ૬ | ૨ | ૫ | ૮ | ૭ | ૧ |
| ૭ | ૫ | ૮ | ૧ | ૯ | ૩ | ૨ | ૪ | ૬ |
| ૬ | ૨ | ૧ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ | ૫ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

અહીં એક ચાર પૈડાનું વાહન સંતાઈને બેઠું છે એ શોધી કાઢો.

સકલના સ્વીકારની તત્પરતા હૃદયમાં હોવી જોઈએ.

## નોંધી રાખો

લોભને થોભ ન હોય એ વરવી વાસ્તવિકતા છે, પણ માંગણીનો પનો જેટલો ટૂંકાવી શકાય, જીવન એટલું જ સુખ સભર બને એ સમજવા જેવું છે.

## માઈન્ડ ગેમ

વિનયને એક મહત્ત્વની પરીક્ષામાં ૧૫૦ માર્કના ૬ પેપરમાં ૮૧૯ માર્ક મળ્યા તો એને કેટલા ટકા માર્ક મળ્યા એ ગણતરી કરીને કહી શકશો?

અ) ૮૯.૫% બ) ૯૦% ક) ૯૧% ડ) ૯૨.૨૫%

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| जांभई | બગાસું |
| जावळे | જોડકું |
| जास्त | વધારે |
| जवळ | નજીક |
| जटिल | અટપટું |

ગુજરાત મોરી મોરી રે
મમ્મી

ઓળખાણ પડી?
Flowerpecker

માઈન્ડ ગેમ
૮૦ ટકા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
શેરડી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ગીતા ઉદેશી (૧૦) પ્રતિમા પમાણી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) હર્ષા મહેતા (૧૪) તાહેર ઔરંગાબાદવાલા (૧૫) શીરીન ઔરંગાબાદવાલા (૧૬) લજિતા ખોના (૧૭) પુષ્પા પટેલ (૧૮) નિખિલ બંગાળી (૧૯) પ્રવીણ વોરા (૨૦) અમીશી બંગાળી (૨૧) મહેશ દોશી (૨૨) કિશોર બી. સંઘરાજકા (૨૩) મીનળ કાપડિયા (૨૪) નુતન વિપીન શાહ (૨૫) જ્યોતિ ખાંડવાલા (૨૬) મનીષા શેઠ (૨૭) ફાલ્ગુની શેઠ (૨૮) ભાવના કર્વે (૨૯) નિતિન બજરિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અલકા વાણી (૩૨) અરવિંદ કામદાર (૩૩) જગદીશ ઠક્કર (૩૪) જયવંત પદમશી ચિખલ (૩૫) વિજય આસર (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) વિણા સંપટ (૩૮) દેવેન્દ્ર સંપટ (૩૯) જ્યોત્સના ગાંધી (૪૦) રમેશ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હિના દલાલ (૪૩) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) અંબરીશ ઓઝા, (૪૭) મહેશ સંઘવી

# પુરુષ


# વિચલિત કરતા વિશ્વમાં પુસ્તક આદર્શ આશ્રયસ્થાન બની શકે!

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

ગઈકાલે, ૨૩ એપ્રિલે, સમગ્ર વિશ્વએ 'વિશ્વ પુસ્તક દિવસ' ની ઉજવણી કરી અને અનેક લોકોએ સોશિયલ મીડિયામાં પોતાના પુસ્તક પ્રેમ વિશેના અવનવા ફોટોગ્રાફ્સ અપલોડ કર્યા. જોકે, એક વાત આપણે સૌએ સ્વીકારવી રહી કે હવે પુસ્તકોનું વાંચન ઘટ્યું છે અને સ્માર્ટફોન તેમજ સોશિયલ મીડિયા આપણો મોટાભાગનો સમય ખાઈ જાય છે. આના કારણે લોકોની એકાગ્રતા અને ધ્યાનનો સમયગાળો ઘટી રહ્યો છે. લોકો કારણ વિનાની કોઈ અજાણી રેસમાં પડી ગયા છે અને એ કારણે એમના જીવનમાં ઉચાટ સર્જાઈ રહ્યો છે!

બીજી તરફ, ટૂંકા ટેક્સ્ટ મેસેજ, રીલ્સ અને ટ્વિટ્સ આપણને ઝડપથી માહિતી જરૂર આપે છે, પરંતુ તેમાં ઊંડાણપૂર્વકનું જ્ઞાન કે ચિંતન નથી હોતું. આવા સમયમાં પુસ્તકો એક એવું આશ્રયસ્થાન બની શકે એમ છે, જે આપણને ધીમે ધીમે વિચારવા, સમજવા અને નવા દૃષ્ટિકોણ અપનાવવા માટે પ્રેરે એમ છે.

એક સારું પુસ્તક વાંચવું એટલે એક નવી દુનિયામાં પ્રવેશવું, જ્યાં આપણે લેખકના અનુભવ-કલ્પના અને વિચારોનો ભાગ બનીએ છીએ. ઉદાહરણ તરીકે, એક નવલકથા આપણને અલગ સંસ્કૃતિની ઝાંખી કરાવે છે, જ્યારે નોન-ફિક્શન પુસ્તક આપણને જ્ઞાન- વિજ્ઞાન- ઇતિહાસ કે મનોવિજ્ઞાનની ઊંડાઈમાં લઈ જાય છે. આવું જ્ઞાન મોબાઈલ સ્ક્રીન પરના ટૂંકા કન્ટેન્ટથી મેળવવું લગભગ અશક્ય છે.



વાંચનનું બીજું મોટું મહત્ત્વ એ છે કે તે આપણી માનસિક સુખાકારીને વધારે છે. આજના ઝડપી જીવનમાં, તણાવ અને ચિંતા સામાન્ય બની ગયા છે. સ્માર્ટફોનનો વધુ પડતો ઉપયોગ આ તણાવને વધારે છે, કારણ કે સોશિયલ મીડિયા પરની સરખામણી અને અનંત માહિતી આપણને માનસિક રીતે થકવી દે છે.

બીજી તરફ, પુસ્તક વાંચવું એ એક શાંત અને ધ્યાન કેન્દ્રિત કરતી પ્રવૃત્તિ છે. જ્યારે આપણે પુસ્તકના પાનાં ઉથલાવીએ છીએ ત્યારે આપણું મન બાહ્ય વિશ્વની ચિંતાઓથી મુક્ત થાય છે. અભ્યાસો દર્શાવે છે કે દરરોજ માત્ર ૧૫-૨૦ મિનિટ વાંચન કરવાથી તણાવનું સ્તર નોંધપાત્ર રીતે ઘટે છે. આ ઉપરાંત, પુસ્તકો આપણને સ્વ-જાગૃતિ અને ભાવનાત્મક બુદ્ધિ વધારવામાં મદદ કરે છે, જે આજના સ્પર્ધાત્મક અને ભાવનાત્મક રીતે જટિલ વિશ્વમાં અમૂલ્ય છે.

માટે મોબાઈલ યુગમાં પુસ્તકોનું વાંચન વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસ માટે પણ અનિવાર્ય છે.

આજની જોબ માર્કેટમાં, જ્યાં કૌશલ્ય અને જ્ઞાનની માંગ સતત બદલાય છે, પુસ્તકો એક એવું સાધન છે, જે આપણને સતત શીખવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, લીડરશિપ, ફાઈનાન્સ કે ટેક્નોલોજી પરનાં પુસ્તકો વાંચવાથી વ્યક્તિ પોતાની કારકિર્દીમાં આગળ વધી શકે છે. આ ઉપરાંત, સાહિત્યિક પુસ્તકો આપણી સર્જનાત્મકતા અને સમસ્યા હલ કરવાની ક્ષમતાને વધારે છે. જ્યારે આપણે વિવિધ પાત્રોની વાર્તાઓ વાંચીએ છીએ ત્યારે આપણી સહાનુભૂતિ અને નિર્ણય લેવાની ક્ષમતા મજબૂત થાય છે. આવા બધા ગુણ વ્યક્તિગત સંબંધ અને ટીમવર્કમાં પણ ઉપયોગી બને છે.

અહીં એક રસપ્રદ વાત એ છે કે મોબાઈલ યુગે પુસ્તકોની પહોંચને વધારી છે. ઈ-બુક્સ અને ઓડિયોબુક્સના આગમનથી હવે પુસ્તકો વાંચવા માટે ભૌતિક પુસ્તકની જરૂર નથી. Kindle, Audible અને Google Books જેવાં પ્લેટફોર્મ્સે વાંચનને વધુ સુલભ બનાવ્યું છે. બસમાં મુસાફરી કરતી વખતે કે રાત્રે સૂતા પહેલાં, લોકો હવે સ્માર્ટફોન પર પુસ્તકો વાંચી શકે છે કે સાંભળી શકે છે. આનાથી ખાસ કરીને યુવાનો, જે સ્માર્ટફોન સાથે વધુ સમય વિતાવે છે એમના માટે વાંચનની આદત વિકસાવવી સરળ બની છે. જોકે, આ સુવિધાનો ઉપયોગ કરવા માટે શિસ્ત અને ઈરાદાની જરૂર છે, કારણ કે સોશિયલ મીડિયાની લાલચ ઘણીવાર વાંચનને પાછળ ધકેલી દે છે.

વાંચનનું મહત્ત્વ એ પણ છે કે તે આપણને આપણી સંસ્કૃતિ અને ઇતિહાસ સાથે જોડે છે. ગુજરાતી સાહિત્યની વાત કરીએ તો ઝવેરચંદ મેઘાણી, દયારામ કે આધુનિક લેખકોની રચનાઓ આપણને આપણા મૂળ સાથે જોડે છે. આવાં પુસ્તકો વાંચવાથી આપણે માત્ર ભાષાની સુંદરતાનો આનંદ માણવા સાથે આપણી ઓળખ અને વારસાને પણ સમજીએ છીએ. આજના વૈશ્વિકીકરણના યુગમાં, જ્યાં અંગ્રેજી અને પશ્ચિમી સંસ્કૃતિનો પ્રભાવ વધી રહ્યો છે ત્યારે સ્થાનિક ભાષાઓનાં પુસ્તકો વાંચવાથી આપણી સાંસ્કૃતિક વિવિધતા જળવાઈ રહે છે.

ઈનશોર્ટ, 'વિશ્વ પુસ્તક દિવસ' આપણને યાદ અપાવે છે કે મોબાઈલ યુગમાં પણ પુસ્તકોનું સ્થાન અનન્ય છે. પુસ્તકો માત્ર જ્ઞાનનો ખજાનો નથી, પરંતુ તે આપણને માનસિક શાંતિ, સર્જનાત્મકતા અને વ્યક્તિગત વિકાસનો માર્ગ બતાવે છે. આજના ઝડપી અને વિચલિત કરતા વિશ્વમાં દરરોજ થોડો સમય પુસ્તક માટે ફાળવવો એ એક એવું રોકાણ છે, જે આપણા મન અને આત્માને સમૃદ્ધ બનાવે છે. ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બધાને પત્ની કાળી નહીં, ગોરી જ જોઈએ!

ડિયર હની,

આપણા એક સગાના પરિવારમાં થોડા સમય પહેલાં વાત થતી હતી વહુની. એક દીકરાનાં સગપણની વાત ચાલતી હતી. તું પણ હાજર હતી. ઘરના વડીલે કહ્યું કે, મારે તો વહુ મોટા દીકરાને આવી છે એવી જોઈએ.

'એવી એટલે કેવી?'નો જવાબ મળ્યો કે, 'ગોરી જ જોઈએ..'. અને એ દીકરાને એવી જ છોકરી મળી છે. સારી વાત છે, પણ પ્રશ્ન એ છે કે, બધાને ગોરી વહુ જ કેમ જોઈએ છે? મા- બાપ હોય કે પછી જેને જીવનસાથી જોઈએ છે એ યુવાનને ગોરી જ પત્ની જોઈએ છે. કાળી તો કોઈ સંજોગોમાં ના ચાલે.

મોટાભાગે કોઈ છોકરીને જોવા જવાનું હોય અને છોકરો ત્યાં જાય અને જો છોકરી ગોરી ના હોય, કાળી હોય તો છોકરાનો ઉત્સાહ મરી જાય છે. એ છોકરી સાથે વાત કરવા એકાંતમાં જાય તો પણ ઝાઝી વાત કરતો નથી. વાત આગળ વધતી નથી. આ ગોરા-કાળાનો ભેદ કોણે, કઈ રીતે શરૂ કર્યો એ તો ખબર નથી, પણ આ માનસિકતા ઘર કરી ગઈ છે. ઘણા કિસ્સામાં પુરુષ કાળો કે ઘઉંવર્ણો હોય અને પત્ની ગોરી હોય તો મજાક ઉડાવાય છે કે 'કાગડો દહીંથરું લઈ ગયો...'

ટીવી સિરિયલ 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' માં આવું એક યુગલ છે. અય્યર અને બબીતા. અને અય્યર કાળો છે અને એ મુદ્દે એ મજાકનું પાત્ર બને છે, પણ કાળી પત્ની હોય અને ગોરો પતિ હોય એવા દાખલા તને યાદ આવે છે? આવા કિસ્સા ભાગ્યે જ જોવા મળે છે. કાળી છોકરી હોય તો એને કાળો કે એનાથી બદતર સુરત હોય એવો જ છોકરો મળે છે.

સાચું કહું તો આ માનસિકતા ગળે ઊતરે એવી નથી. આપણને ભગવાન કાળો હોય એ ગમે છે. એના ગીતો રચાય છે. કૃષ્ણ ભગવાન કાળો અને કામણગારો ગણવામાં આવે છે અને એના ગીતોનો પાર નથી. જ્યારે દેવીઓ પણ કાળા રંગ ધરાવતી હોય એવા દાખલા પણ ક્યાં ઓછા છે? 'તું કાળી ને કલ્યાણી રે મા...'

અને ઈતિહાસ ફંફોળીએ તો એવા કિસ્સા મળે છે જેમાં પત્નીઓ કાળી છે. દ્રૌપદીથી માંડી દમયંતીનાં દાખલા આપી શકાય એમ છે.

દ્રૌપદી, જેને 'કૃષ્ણા' તરીકે પણ ઓળખવામાં આવે છે. એનું નામ એના શ્યામ રંગને દર્શાવે છે. મહાભારતમાં એનું સૌંદર્ય અને બુદ્ધિ અસાધારણ ગણાય છે. દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની હતી અને એનો શ્યામ રંગ એની શક્તિ અને આગવી ઓળખનું પ્રતીક છેતો સત્યવતી, જે 'મત્સ્યગંધા' તરીકે પણ જાણીતી હતી, એનો રંગ શ્યામ હોવાનું વર્ણન મળે છે. એ રાજા શાંતનુની પત્ની અને ભીષ્મની સાવકી માતા હતી. એનું સૌંદર્ય અને બુદ્ધિમત્તા એને કુરુવંશની એક મહત્ત્વની વ્યક્તિ બનાવે છે.

આજ રીતે અહલ્યા, ઋષિ ગૌતમની પત્ની, કેટલીક લોકકથાઓમાં શ્યામ રંગની તરીકે વર્ણવાય છે. એનું સૌંદર્ય અને શુદ્ધતા દેવતાઓને પણ આકર્ષે છે. મહાભારતની ઉપકથામાં દમયંતી, રાજા નળ ની પત્ની, કેટલીક વર્ણનોમાં શ્યામ રંગની હોવાનું જણાવાયું છે. એની બુદ્ધિ, વફાદારી અને સૌંદર્ય તેને એક આદર્શ પત્નીનું ઉદાહરણ બનાવે છે.

આટલા દાખલા આમ તો પૂરતા છે, પણ આજની ફિલ્મોમાં પણ આ વિષય સમાવાયો છે અને નજીકનાં વર્ષોમાં આવી કેટલીક ફિલ્મો બનીછે. 'બાલા' ફિલ્મ ચાલી હતી. એમાં પુરુષની અકાળ ટાલ પડવાની સમસ્યા (જેનું પાત્ર આયુષ્માન ખુરાના ભજવે છે) અને શ્યામ રંગની સ્ત્રીને સમાજમાં મળતા ભેદભાવ (જેનું પાત્ર ભૂમિ પેડણેકર ભજવે છે). ભૂમિનું પાત્ર લતિકા, એક મજબૂત અને આત્મવિશ્વાસી યુવતી છે, જે પોતાના શ્યામ રંગને કારણે સમાજની ટીકાઓનો સામનો કરે છે, પરંતુ તે પોતાની ઓળખને ગૌરવ સાથે સ્વીકારે છે. એ રંગભેદનો સામનો કરે છે અને સફળ પણ થાય છે.

'તેરા ક્યા હોગા લવલી' 'આર્ટિકલ ૧૫' અને 'ગલ્લી બોય' ફિલ્મમાં પણ કાળા વર્ણનાં પાત્રોની વાત છે. આવી ફિલ્મો આપણે જોઈએ છે પણ ખરા.આવી ફિલ્મો બોક્સ ઓફિસ પર સફળ થાય છે, પણ જ્યારે છોકરો છોકરી જોવા જાય છે ત્યારે આ બધી વાત હવા હવા થઇ જાય છે. ત્યારે તો છોકરીનો વાન જ જોવામાં આવે છે, બાકીની બધી વાત એના પછી આવે છે. એનાં કારણ એકથી વધુ છે. આપણે ત્યાં કાળા રંગની અભિનેત્રીઓ ચાલી છે, પણ તેવાં નામ બહુ ઓછા છે. અને મીડિયામાં કે જાહેરખબરોમાં ગોરા રંગની જ બોલબાલા છે. કાળા હોય તો ગોરા કેમ થવું એવી પ્રોડક્ટથી બજાર છલકાય છે. અલબત, આવી પ્રોડક્ટ સામે આંદોલનો પણ થયા છે. એવી પ્રોડક્ટસનાંનામ પણ બદલવા પડ્યાં છે, કારણ કે, ત્વચાનો રંગ બદલી શકાતો નથી.

બ્લેક ઈઝ બ્યુટીફૂલ, બ્રાઉન ઈઝ બ્યુટીફૂલ ...આવી ઝુંબેશ પણ થઈ છે. જો કે, એનાથી સમાજની માનસિકતામાં બહુ બદલાવ આવ્યો છે એમ તો કહી શકાય એમ નથી. ચહેરાના રંગ કરતાં આંતરિક સૌન્દર્ય વધુ મહત્ત્વ ધરાવે છે એવું આપણે કહેતા રહીએ છીએ પણ વાસ્તવિક જીવનમાં એને ઉતારવામાં આપણે બહુ પછાત છીએ. આ દૃશ્ય બદલવું પડશે. પ્રયત્ન થાય છે, વિચારોમાં ધીમો બદલાવ જોવા મળે છે પણ સમગ્ર દૃશ્ય ક્યારે બદલાશે એનો જવાબ કોણ આપશે?

તારો બન્ની

# નહોતો લેવો, છતાં લેવો પડ્યો એક કડક નિર્ણય

સંધ્યા છાયા
feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

જયેશભાઈ - જયાબહેનને એકમાત્ર સંતાન- એક પુત્ર સચિન. ખાધેપીધે સુખી પરિવારનો લાડલો. માતા-પિતાની આંખજો તારો હતો. પાણી માગે ત્યાં દૂધ હાજર થાય તેવી સ્થિતિ. વિલેપાર્લા જેવા પોશ વિસ્તારમાં જયેશભાઈનો ત્રણ બેડરૂમનો ફ્લેટ, સચિન ભણીગણીને સી.એ. થયો. સારી નોકરી મળી ગઈ. સારું કમાવા લાગ્યો એટલે સ્વાભાવિક રીતે જ સારી સારી કન્યાઓના માંગા આવવા લાગ્યા. સારા ઘરની સુંદર કન્યા રાશિ સાથે સચિનના લગ્ન કરાવ્યા.

બધું સરસ ચાલતું હતું. થોડા સમય બાદ જયેશભાઈ રિટાયર્ડ થઈ ગયા. હવે જયેશભાઈ આખો દિવસ ઘરમાં જ રહેતા હતા. તબિયત પણ નરમગરમ રહેતી હતી, તેથી તેમને બહાર જવું ગમતું નહીં. આખો દિવસ દીવાનખાનામાં બેસીને ટી.વી. જોતા હોય કે પછી ફોનમાં વાતો કરતા હોય. રાશિને આ જરાય ન ગમે. રાશિને એવું લાગે કે એની સ્વતંત્ર્યતા છીનવાઈ રહી છે.

જયેશભાઈ રિટાયર્ડ થયા તે પહેલાં આ ઘર લેવા માટે લોન લીધી હતી તેથી એમણે રિટાયરમેન્ટ બાદ આવેલા રકમથી ભરી દીધી. ઘરખર્ચ સચિન ચલાવતો હતો એટલે વાંધો ન હતો. જયેશભાઈએ મોટી રકમ ઘરની લોન પેટે ભરપાઈ કરી દીધી હોવાથી હવે એમની પાસે ખાસ ફંડ રહ્યું ન હતું. એમની અને જયાબહેનની દવાનો ખર્ચ મોટો હતો. પોતાના ફંડના વ્યાજમાંથી પહોંચી વળાય તેમ ન હતું તેથી ઘણીવાર સચિન પાસે હાથ લાંબો કરવો પડતો હતો. રાશિને આ વાત જરાય પસંદ ન હતી. ઘરખર્ચ સચિન ચલાવે ઉપરાંત આ લોકોની દવાનો ખર્ચ પણ ઉપાડવાનો એને ગુસ્સો આવતો હતો. વળી, જયેશભાઈ આખો દિવસ દીવાનખાનામાં બેઠા રહે તે પણ એને પસંદ ન હતું. તેથી ધીરેધીરે રાશિની કચકચ ચાલુ થઈ. વાતવાતમાં તે જયેશભાઈ અને જયાબહેનનું અપમાન કરવા લાગી. રાશિએ તો જયેશભાઈને દીવાનખાનામાં બેસવાની સાફ ના પાડી દીધી. પોતાની રૂમમાં બેસી રહેવાની તાકીદ કરી દીધી. જયેશભાઈ કચવાતે મને પોતાના રૂમમાં બેસી રહેતા. રાશિ એ સાથે જયાબહેનને કામ ચિંધવા લાગી. જયાબહેન કામ કરી આપે એ કામમાં વાંધાવચકાં કાઢવા લાગી. માતા-પિતાની દવા માટે જયેશ પત્ની રાશિને પૈસા આપી દેતો હતો, પણ જ્યારે જયેશભાઈ-જયાબહેન દવા લાવવાનું રાશિને કહે ત્યારે રાશિ બહાના કાઢીને ટાળી દેતી હતી. આ લોકો દવા માટે સચિનને કહે તો રાશિ ભડકતી, 'તમે લોકો અમારી વચ્ચે ઝઘડો કરાવો છો કહીને ઘર માથે લેતી.'

આવાં બધાં ઘર્ષણથી જયેશભાઈ-જયાબહેન કંટાળ્યાં પોતાના જ ઘરમાં પોતે ઓશિયાળા થઈ ગયાં હતાં.

એક દિવસ જયેશભાઈના બેન-બનેવી બે દિવસ માટે ઘરે આવ્યા. બે દિવસમાં જ ઘરની પરિસ્થિતિ એ લોકોને સમજાઈ ગઈ. બનેવીએ જયેશભાઈને પૂછ્યું. જયેશભાઈ ગળગળા થઈ ગયા ત્યારે બનેવીએ એમને આવું ચલાવી ન લેવાય અને કડક પગલાં લેવા જોઈએ એવી સલાહ આપી. જયેશભાઈએ પૂછ્યું, 'પણ શું કરી શકાય?'

'આ ઘર તમારું પોતાનું છે, બરાબર?' બનેવીએ પૂછ્યું.

'હા.'

'તો પછી તમે રાજા છો. કાઢી મૂકો આ લોકોને અને ઘર ઉપર 'રિવર્સ મોર્ગેજ' લોન લઈ લો.'

'એ કેવી રીતે થઈ શકે?' જયેશભાઈએ પૂછ્યું.

'જુઓ, હું તમને સમજાવું. રિવર્સ મોર્ગેજમાં, જે વરિષ્ઠ નાગરિક ઘર અથવા મિલકત ધરાવે છે, પણ આવકનો નિયમિત સ્રોત ધરાવતો નથી, તે નાણાકીય સંસ્થા પાસે મિલકત ગિરવે મૂકી શકે છે. બદલામાં નાણાકીય સંસ્થા તે વ્યક્તિને નિયમિત રકમ ચૂકવે છે. ગ્રાહકના મૃત્યુ પછી નાણાકીય સંસ્થાને મિલકત વેચવાનો અધિકાર છે અને વધારાની રકમ કાનૂની વારસદારોને આપી દેવામાં આવે છે.'

'મને મળશે રિવર્સ મોર્ગેજ લોન?' જયેશભાઈએ પૂછ્યું તેના જવાબમાં બનેવીએ કહ્યું, '૬૦ વર્ષ કે તેની ઉપરની વ્યક્તિ જો તેના જીવનસાથી સાથે સંયુક્ત રીતે અરજી કરી રહ્યા હોય તો તેમની ઉંમર ઓછામાં ઓછી પંચાવન વર્ષ હોવી જોઈએ. તમને તો પાંસઠ વર્ષ થયાં. ભાભી પણ બાંસઠના થયા આરામથી રિવર્સ લોન મળી જશે. આ લોન મળવાને કારણે તમે આર્થિક રીતે સ્વતંત્ર થઈ જશો. તબીબી કટોકટીમાં નાણાંની અછત નહીં અનુભવો અને સૌથી ખાસ તો તમારે રાશિની જોહુકમી સહન નહીં કરવી પડે. તમારાં જ ઘરમાં રહીને તમને આશ્રિત બનાવી દીધાં છે. ભલે એ બંને જતાં. સચિન સારું કમાય છે. લોન લઈને સારું ઘર લઈ શકશે. અને તમે બંને ડોસો-ડોસી સાથે મળીને ગમતનો ગુલાલ કરજો. આવડું મોટું ઘર લીધું છે તે શું કામનું છે? અત્યારે મુસીબતના વખતે તમને કામ આવશે.

'તમારી વાત તો સાચી અને સારી છે. વ્યાજના દર કેટલો હોય છે?'

'વ્યાજનો દર અલગ અલગ હોય છે, પરંતુ સામાન્ય રીતે સ્પર્ધાત્મક હોય છે. જેને કારણે રિવર્સ મોર્ગેજ દ્વારા મેળવેલી રકમ કર કપાતને પાત્ર છે. જોકે, લોન ચૂકવવા માટે મોર્ગેજ કરેલી મિલકતને વેચતી વખતે મૂડી લાભ કર વસૂલવામાં આવે છે.'

બનેવીએ જયેશભાઈને બધી માહિતી આપ્યા બાદ પોતાના વકીલ મિત્રને ફોન કરીને જયેશભાઈને આ કાર્યમાં મદદ કરવા જણાવ્યું. જયેશભાઈએ વકીલ અને પોતાના ચાર્ટડ એકાઉન્ટન્ટની મદદથી બધું જાણી લીધાં બાદ પોતાના ઘર ઉપર રિવર્સ મોર્ગેજ લોન લઈ લેવાનો કડક નિર્ણય લઈ લીધો.

બહેન બનેવી ગયા પછી રાતના સચિન ઘરે આવી ગયો અને બધાંએ જમી લીધું એટલે જયેશભાઈ-જયાબેન દીવાનખાનામાં આવ્યાં અને સામે સોફા પર બેઠાં. રાશિ એમને સોફા પર બેસેલા જોઈને ક્રોધિત થઈ ગઈ પણ સચિનની હાજરીને કારણે ચૂપ રહી. જયેશભાઈએ સચિનને બૂમ મારી અને કહ્યું,

'બેટા, અહીં બેસ મારે વાત કરવી છે.'

સચિન બેઠો એટલે રાશિ પણ ત્યાં આવીને ઊભી રહી ગઈ. જયેશભાઈએ વાત શરૂ કરી, 'જો, બેટા સચિન, રાશિને અમારી સાથે ફાવતું નથી. અમે બંને તેને આંખના કણાંની જેમ ખૂંચીઈ છે. અમારે આખો દિવસ રૂમમાં પુરાઈ રહેવું પડે છે. એટલે અમે ઈચ્છીએ છીએ કે હવે તમે બંને અહીંથી જાવ, તમારું ઘર લઈ લો.'

'પણ, પપ્પા... હું બે ઘરના ખર્ચ નહીં ઉપાડી શકું.'

'ના, અમારે તમારી પાસેથી કાંઈ જોઈતું નથી. અમે અમારી વ્યવસ્થા કરી લીધી છે.'

'શું કહો છો તમે?'

'હા, આ ઘર પર રિવર્સ મોર્ગેજ લોન લીધી છે એટલે અમારો ખર્ચ નીકળી જશે. તમે લોકો તમારો રસ્તો કરી લ્યો.

જયેશભાઈની વાત સાંભળીને સચિન અને ખાસ કરીને રાશિના તો મોઢા પરથી નૂર જ ઊડી ગયુ !.

જિંદગીમાં ક્યારેક મા-બાપે ક-મને પણ સંતાન વિરુદ્ધ આવા કડક નિર્ણય લેવા પડે. ■

# પહલગામમાં આતંક

## પર્યટકો દ્વારા મોટા પાયે કાશ્મીરનું બુકિંગ રદ

સુરેશ એસ ડુગ્ગર

જમ્મુ: પહલગામના આતંકવાદી હુમલાએ કાશ્મીરમાં ટુરિઝમને કફોડી સ્થિતિમાં મૂકી દીધું છે. પહેલાં કાશ્મીરમાં પહોંચવા દોડ અને હોડ લાગતી હતી. હવે પોતાના કુટુંબીજનો પાસે કઈ રીતે સલામત પાછું ફરવું એ માટેની દોડ છે. કાશ્મીર જવા ઈચ્છુકો હવે પ્રવાસ રદ કરાવી રહ્યા છે. ચોંકાવનારી વાત તો એ છે કે જે લોકો અમરનાથ યાત્રામાં આવવાના હતા તેઓ પણ પોતાના બુકિંગ રદ કરાવવા માંડ્યા છે.

દેશના સૌથી વ્યસ્ત પર્યટન સ્થળોમાંના કાશ્મીરમાં રજા ગાળવાની યોજના ટાળવા અને હોટેલ બુકિંગ રદ કરનારા યાત્રીઓની સંખ્યા મંગળવારની રાતથી વધી રહી છે. બધાનું કહેવું છે કે પહલગામમાં આતંકવાદી હુમલો એ વેલીના પર્યટન ક્ષેત્રના દિલ પર હુમલો છે. પ્રવાસન ૨૦૧૮થી સતત વધી રહ્યો છે અને આને જમ્મુ અને કાશ્મીરની સામાન્ય સ્થિતિનો સંકેત માનવામાં આવતો હતો.

અધિકારીઓ અને હિતધારકોનું કહેવું છે કે આતંકવાદીઓએ હુમલો કરવા માટે કાશ્મીરના પર્યટનની ચરમ સીમા હોય છે એ સમય નક્કી કર્યો. આ સમયે ઘાસના મેદાન અને મુગલ ઉદ્યાન વસંતનો આનંદ લે છે અને આ સહેલાણીઓ માટે મુખ્ય આકર્ષણ હોય છે. આ હુમલો એવા સ્થળે કરવામાં આવ્યો છે જે દરેક ટુરિસ્ટના કાર્યક્રમમાં હોય જ છે. આ છે દક્ષિણ કાશ્મીરનું પહલગામ. પહલગામ અનેક કારણોથી મહત્ત્વનું છે. પહલગામ એ અમરનાથ જવાના એક રૂટનો ભાગ છે. અમરનાથ યાત્રા દરમિયાન દર વર્ષે લાખો શ્રદ્ધાળુ આવે છે. પહલગામ બસારન દેવદાર જંગલનું ઘર છે જે એક માનીતો ટ્રેકિંગ રૂટ છે. પર્યટન ઉદ્યોગનાં સૂત્રો કહે છે કે આ હુમલાને લીધે આતંકવાદી હુમલાના ઓછાયાથી દૂર થયેલા ક્ષેત્ર ફરી આતંકના ભયમાં આવ્યા છે. કાશ્મીરના ટ્રાવેલ એજન્ટ એસોસિયેશનના અધ્યક્ષ રઉફ તરાંબુ કહે છે કે આ હુમલાથી ટુરિઝમને મોટો ફટકો પડ્યો છે. છેલ્લાં થોડાં વર્ષોથી શાંત સ્થિતિને લીધે પ્રવાસનમાં મોટી તેજી આવી હતી. જોકે હવે અમને ઉપભોક્તા તરફથી બુકિંગ કેન્સલ કરવાના ફોન આવી રહ્યા છે. એક હોટેલ માલિકે કહ્યું કે મને આગામી ચાર-પાંચ મહિનાના બુકિંગ રદ કરવાની ફરજ પડી છે અને આનાથી મોટું નુકસાન થયું છે. પહલગામના હુમલાથી તાજેતરમાં વર્ષોથી ટુરિઝમનો થયેલો બધો વિકાસ ધોવાઈ જશે. ■

## પાકના લશ્કરી વડાનો બફાટ: કાશ્મીર ઈસ્લામાબાદની “ધોરી નસ”

નવી દિલ્હી: પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે કાશ્મીરને ઇસ્લામાબાદની “ધોરી નસ” ગણાવી હોવાના લગભગ સાત દિવસ બાદ લશ્કર-એ-તોઇબાના પ્રોક્સી, ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટએ પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક હુમલો કર્યો જેમાં ૨૮ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા.

જોકે એજન્સીઓએ અત્યાર સુધી હુમલાનું કોઈ ચોક્કસ મૂલ્યાંકન આપ્યું નથી, પાકિસ્તાન આર્મી ચીફના બફાતને ખીણમાં આવા જઘન્ય આતંકવાદી હુમલા માટે સંભવિત ઉત્પ્રેરક તરીકે જોવામાં આવી રહ્યું છે.

૧૬ એપ્રિલના રોજ મુનીરે કહ્યું હતું કે, “તે અમારી ધોરી નસ હતી અને છે, અમે તેને ભૂલીશું નહીં. અમે અમારા કાશ્મીરી ભાઈઓને ભારતીય કબજા સામેના તેમના વીર સંઘર્ષમાં છોડીશું નહીં.”

ભારતીય ગુપ્તચર સૂત્રોના એક અહેવાલમાં જણાવાયું છે કે પાકિસ્તાન આર્મી ચીફની “હિન્દુ વિરોધી” વાણીને પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓને ફરીથી સંગઠિત થવા માટે પ્રેરિત કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, લશ્કરના ટોચના કમાન્ડર સૈફુલ્લાહ કસુરી ઉર્ફે ખાલિદ, પહેલગામ હુમલાના કાવતરાખોરોમાંનો એક હોવાની શંકા છે. વધુમાં, રાવલકોટના બે લશ્કર કમાન્ડર, જેમાં એકની ઓળખ અબુ મુસા તરીકે થઈ છે, તેમની પણ તપાસ ચાલી રહી છે, એમ સૂત્રોને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, મુસાએ ૧૮ એપ્રિલે રાવલકોટમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું જ્યાં તેણે કહ્યું હતું કે, “કાશ્મીરમાં જેહાદ ચાલુ રહેશે, બંદૂકો ચાલુ રહેશે અને શિરચ્છેદ ચાલુ રહેશે. ભારત બિન-સ્થાનિક લોકોને ડોમિસાઇલ પ્રમાણપત્ર આપીને કાશ્મીરની વસ્તી વિષયક સ્થિતિ બદલવા માંગે છે.”

પહેલગામમાં આતંકવાદીઓએ પ્રવાસીઓને તેમના ધર્મની ઓળખ આપવા માટે “કલમા” બોલવા માટે દબાણ કર્યું હતું; જે લોકો તે કરી શક્યા નહીં તેમને ગોળી મારી દેવામાં આવી.

ગુપ્તચર એજન્સીઓના પ્રાથમિક મૂલ્યાંકન મુજબ, સ્થાનિક સમર્થકોની મદદથી લગભગ છ આતંકવાદીઓ આ હુમલામાં સામેલ હતા.

“એવું લાગે છે કે હુમલાખોરો ઘણા દિવસો પહેલા પહોંચ્યા હતા, જાસૂસી કામગીરી કરી હતી અને હુમલો કરવા માટે યોગ્ય સમયની રાહ જોતા હતા,” એમ એક સૂત્રએ જણાવ્યું હતું.

“એપ્રિલના પહેલા અઠવાડિયામાં (૧ થી ૭), એવા સંકેતો મળ્યા હતા કે આતંકવાદીઓએ ચોક્કસ હોટલોનું સર્વેક્ષણ કર્યું હતું. તેથી, આને ગુપ્તચર નિષ્ફળતા ગણી શકાય નહીં.” ■

## મોદીની આજની કાનપુર મુલાકાત રદ

નવી દિલ્હી: વડા પ્રધાન મોદીએ પહલગામ આતંકવાદી હુમલાને પગલે ૨૪ એપ્રિલના રોજ કાનપુરમાં આયોજિત તેમનો કાર્યક્રમ રદ્દ કરી દીધો છે. નોંધનીય છે કે પહલગામ આતંકવાદી હુમલામાં ૨૮ લોકોનાં મોત થયાં હતાં.

વડા પ્રધાન ૨૪ એપ્રિલના રોજ કાનપુરમાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરવાના હતા. પરંતુ તાજેતરના આતંકવાદી હુમલાને પગલે આ કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. જેમાં કાનપુરના શુભમ સહિત અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. અનંતનાગ જિલ્લાના પહલગામ શહેર નજીક બૈસરનમાં મોતને ભેટેલા ૨૬ લોકોમાં શુભમ પણ સામેલ હતો. જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આ કાશ્મીરમાં લાંબા સમય બાદ નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવેલો સૌથી ભયંકર હુમલો હતો. આ પહેલા વડા પ્રધાન સાઉદી અરેબિયાનો તેનો પ્રવાસ અધવચ્ચે જ છોડીને નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમના આગમન પછી તરત જ વડા પ્રધાને દિલ્હી એરપોર્ટ પર રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (એનએસએ) અજિત ડોભાલ, વિદેશ પ્રધાન એસ જયશંકર અને વિદેશ સચિવ વિક્રમ મિસ્રી સાથે પહલગામની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ તેઓ દિલ્હીમાં સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠકની અધ્યક્ષતા પણ કરવાના હતા.

વડા પ્રધાન મોદી સાઉદી અરેબિયા દ્વારા આયોજિત સત્તાવાર રાત્રિભોજન તેમજ અન્ય પૂર્વ-નિર્ધારિત કાર્યક્રમોને છોડીને ભારત પાછા ફર્યા હતા. વડા પ્રધાન મોદી અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને મંગળવારે જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી.■

## કાશ્મીરનાં અખબારોએ પ્રથમ પેજ બ્લેક રાખી આતંકી હુમલાનો કર્યો અનોખો વિરોધ

શ્રીનગર: કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ પ્રવાસીઓ પર થયેલા કાયર આતંકવાદી હુમલા બાદ આખો દેશ શોકમાં છે. દેશભરમાં શ્રદ્ધાંજલિ સભાઓ અને કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અમાનવીય કૃત્યના વિરોધમાં મોટાભાગનાં અખબારોએ તેમનું પહેલું પાનું કાળું રાખ્યું અને સફેદ અને લાલ રંગમાં હેડલાઇન છાપીને જાહેરમાં પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું હતું.

ગ્રેટર કાશ્મીર, રાઇઝિંગ કાશ્મીરર, કાશ્મીર ઉઝમા, આફતાબ અને તૈમિલ ઇરશાદ સહિતનાં મુખ્ય અંગ્રેજી અને ઉર્દૂ દૈનિકોએ તેમના પહેલા પેજ કાળા રાખીને દાયકાઓથી આ પ્રદેશમાં ચાલી રહેલી હિંસાની યાદ અપાવી હતી. કાશ્મીરના પહલગામ શહેર નજીક સ્થિત મિની સ્વિટ્ઝર્લેન્ડ તરીકે ઓળખાતા પર્યટન સ્થળ બૈસરનમાં કાયરતાપૂર્ણ હુમલો કર્યો હતો જેમાં ૨૮ લોકો માર્યા ગયા. તેમાંના મોટાભાગના પ્રવાસીઓ હતા.

ગ્રેટર કાશ્મીરમાં હુમલાની બ્લેક પેજ પર સફેદ અને લાલ રંગમાં હેડલાઇન લખવામાં આવી હતી. બ્લેક લેઆઉટ પર સફેદ રંગમાં હેડલાઇન લખવામાં આવી હતી. ગ્રુસમ: કાશ્મીર ગટેડ, કાશ્મીરીઝ ગ્રીવિંગ (ભયાનક: કાશ્મીર તબાહ, કાશ્મીરી શોકમાં છે) ત્યારબાદ લાલ રંગમાં સબહેડમાં લખ્યું ૨૬ કિલ્ડ ઇન ડેડલી ટેરર અટેક ઇન પહલગામ (પહલગામમાં ઘાતક આતંકવાદી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા).

અખબારના પહેલા પાના પરના તંત્રીલેખની હેડલાઇન હતી, ‘ધ મૈસકર ઇન ધ મેડો- પ્રોટેક્સ કાશ્મીર્સ સોલ (ઘાસના મેદાનમાં નરસંહાર- કાશ્મીરની આત્માની રક્ષા કરો.’ તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે હુમલાના કારણે જમ્મુ અને કાશ્મીર પર એક અશુભ લાગણી છવાઈ ગઈ છે. આ એક એવો પ્રદેશ હતો જે પૃથ્વી પરના સ્વર્ગ તરીકે પોતાના વારસાને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

તંત્રીલેખમાં કહેવામાં આવ્યું છે કે આ ઘૃણાસ્પદ કૃત્ય માત્ર નિર્દોષ લોકો પર હુમલો નથી, પરંતુ કાશ્મીરની ઓળખ અને મૂલ્યો, તેની આતિથ્ય, તેની અર્થવ્યવસ્થા અને તેની નાજુક શાંતિ પર પણ ઇરાદાપૂર્વક હુમલો છે. કાશ્મીરનો આત્મા આ અત્યાચારની સ્પષ્ટ નિંદા કરે છે અને સુંદરતાની શોધમાં આવેલા પરંતુ દુર્ઘટનાનો ભોગ બનેલા પીડિતોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે.

બધાં જ અખબારોએ આ હુમલાની સખત નિંદા કરી છે અને મૃતકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. જમ્મુ અને કાશ્મીરનાં અગ્રણી અખબારોએ તંત્રીલેખો દ્વારા લોકોને આતંકવાદ સામે એક થવા અને શાંતિ અને સમૃદ્ધિ માટે સામૂહિક મોરચો બનાવવા વિનંતી કરી છે. ■

# સિટી ન્યૂઝ

## ઘાટકોપર, કુર્લામાં ૨૪ કલાક પાણી બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર (પશ્ચિમ)માં પાણીપુરવઠાને લગતા જુદા જુદા કામ હાથ ધરવામાં આવવાના છે. આ કામ શનિવારે કરવાના હોવાથી શનિવારથી રવિવાર સુધીના ૨૪ કલાક માટે ઘાટકોપર અને કુર્લામાં પાણીપુરવઠો બંધ રહેશે.

પાલિકાના પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ ઘાટકોપર (પશ્ચિમ)માં સંત તુકારામ પુલ પાસે ૧,૫૦૦ મિલિમીટર વ્યાસની મુખ્ય પાણીની લાઈન પર ૧,૨૦૦ મિલિમીટર વ્યાસના વાલ્વ બેસાડવામાં આવવાના છે. એ સિવાય ઘાટકોપર જળાશયમાં ઈનલેટ પર ૧,૪૦૦ મિલિમીટર વ્યાસના વાલ્વ બેસાડવાની સાથે જ અમુક જગ્યાએ ક્રોસ કનેકશનના અને ૧,૫૦૦ મિલિમીટર અને ૯૦૦ મિ.મી. વ્યાસની બે પાઈપલાઈનમાં રહેલા ગળતરના સમારકામ જેવા જુદા જુદા કામનો સમાવેશ થાય છે.

શનિવાર, ૨૬ એપ્રિલ, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યાથી આ કામ રવિવાર, ૨૭ એપ્રિલ, ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધી ચાલશે, તેથી આ સમય દરમ્યાન પાણીપુરવઠો બંધ રહેશે. સંબંધિત વિસ્તારના નાગરિકોને પાણી સંભાળીને વાપરવાનું રહેશે.

આ વિસ્તારોમાં પાણીપુરવઠાને અસર થશે એન વોર્ડના ઘાટકોપર (પશ્ચિમ)માં ભટવાટી, બર્વેનગર, મહાનગરપાલિકા કોલોની-એ થી કે, કાજૂટેકડી, રામજી નગર, રામ જોશી માર્ગ, આઝાદ નગર, અકબરવાલા કમ્પાઉન્ડ, પારસીવાડી, સોનિયા ગાંધી નગર, નામદાર બાળાસાહેબ દેસાઈ કોલોની, શંકર મંદિર, રામ નગર, રાહુલ નગર, કૈલાસનગર, સંજયગાંધી નગર, વર્ષા નગર, જય મલ્હાર નગર, ખંડોબા ટેકડી, ડી એન્ડ સી પાલિકા કોલોની, વિક્રોલી પાર્ક સાઈટનો અમુક વિસ્તાર, સુભાષ નગર, શિવાજી નગર, યશવંત નગર, ગાવદેવી, પઠાણ ચાલ, અમૃત નગર, ઈંદિરા નગર-એક, અમિનાબાઈ ચાલ અને સાઈનાથ નગર સહિત ગણેશ નગર, સાગર પાર્ક, જગદુશા નગર, કાતોડીપાડા, ઈંદિરા નગર-બે, ગેલ્ડા નગર, ગોળીબાર રોડ, સેવાનગર, ઓ.એન.જી.સી. કોલોની, મઝગાંવ ડોક કોલોની, ગંગાવાડી, સિદ્ધાર્થ નગર, આંબેડકર નગર, જવાહરભાઈ પ્લોટ, પાટીદાર વાડીનો અમુક ભાગ, રાધાકૃષ્ણ હોટેલનો પાછળના વિસ્તાર વગેરેનો સમાવેશ થાય છે.

એલ વોર્ડ કુર્લામાં આવતા અસલ્ફા વિલેજ, હોમગાર્ડ કોલોની, નારાયણ નગર, સાને ગુરુજી પંમ્પિગ સેન્ટર, હિલ નંબર ત્રણ, અશોક નગર, હિમાલય સોસાયટી, સંજય નગર, સમતા નગરમાં શનિવારે પાણીપુરવઠો બંધ રહેશે તો સંઘર્ષ નગર, ખૈરાણી રોડ, યાદવ નગર, લક્ષ્મીનારાયણ મંદિર રોડ, કુલકર્ણી વાડી, મોહિલી વિલેજ, ભાનુશાલી વાડી અને પરેરા વાડીમાં રવિવારે પાણીપુરવઠો બંધ રહેશે. ■

### થાણેમાં શુક્રવારે અમુક વિસ્તારોમાં પાણી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશનના જાંભૂળ વોટર ફિલ્ટરેશન પ્લાન્ટમાં મહત્ત્વનું સમારકામ કામ કરવામાં આવવાનું છે. તેથી કટાઈ નાકાથી થાણે સુધીના વિસ્તારમાં ગુરુવાર ૨૪ એપ્રિલના રાતના બાર વાગ્યાથી શુક્રવાર, ૨૫ એપ્રિલના રાતના બાર વાગ્યા સુધીના ૨૪ કલાક માટે પાણીપુરવઠો બંધ રહેશે, જેમાં મુખ્યત્વે દિવા, મુમ્બ્રા, અને કલવા, વાગલે એસ્ટેટ, માજીવાડા, કોલશેત ખાલ સહિતના વિસ્તારનો સમાવેશ થાય છે. સમારકામ બાદ એકાદ-બે દિવસ પાણી ઓછા દબાણ સાથે મળશે.

## 30 કરોડનો ગાંજો જપ્ત

## બૅન્ગકોકથી આવેલી કચ્છી મહિલા સહિત પાંચની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કસ્ટમ્સ વિભાગના ઍર ઈન્ટેલિજન્સ યુનિટે (એઆઈયુ) મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર બૅન્ગકોકથી આવેલી કચ્છી મહિલા સહિત પાંચ આરોપીની ધરપકડ કરી એક જ રાતમાં અંદાજે ૩૦ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કર્યો હતો.

એઆઈયુના અધિકારીઓએ મંગળવારની રાતે કાર્યવાહી કરી ત્રણ અલગ અલગ કેસમાં પાંચ આરોપી હર્ષા કેતન છેડા (૪૭), લક્ષ્મણ એકનાથ મહાડિક (૫૯), મોહમ્મદ શરીફ મોહમ્મદ રફીક શેખ (૩૪), નૂર મોહમ્મદ ઉસ્માન બિલખિયા (૪૦) અને આફરીન બિલખિયા (૩૬)ને તાબામાં લીધાં હતાં. તેમની પાસેથી લગભગ ૩૦ કિલો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હતો, જેની કિંમત આશરે ૩૦ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે.

બૅન્ગકોકથી આવનારી બે અલગ અલગ ફ્લાઈટમાં મુંબઈ આવી રહેલા પ્રવાસીઓ પ્રતિબંધિત ડ્રગ્સ લાવી રહ્યા હોવાની માહિતી અધિકારીને મળી હતી. માહિતીને આધારે અધિકારીઓએ શંકાસ્પદ પ્રવાસીઓના સામાનની તપાસ કરી હતી.

એક કેસમાં નાલાસોપારામાં રહેતી છેડા અને જેકબ સર્કલ કાતે રહેતા મહાડિકની ટ્રોલી બૅગમાંથી ગાંજાનાં ૧૨-૧૨ પાઉચ મળી આવ્યાં હતાં. ઍરપોર્ટ પર જ અધિકારીઓની તપાસમાં પાઉચમાં ગાંજો હોવાની ખાતરી થતાં બન્નેની ધરપકડ કરાઈ હતી. તેમની પાસેથી અંદાજે ૧૨ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો.

બીજા કેસમાં ભાયખલાના એન. એમ. જોશી માર્ગ ખાતે રહેતા બિલખિયા દંપતીને તાબામાં લેવાયાં હતાં. તેમની પાસેની બૅગમાંથી પણ અંદાજે ૧૨ કરોડ રૂપિયાનો ગાંજો મળી આવ્યો હતો. ત્રીજા કેસમાં ટ્રોમ્બેના ચિતા કૅમ્પમાં રહેતા શેખને તાબામાં લઈ અંદાજે છ કરોડનો ગાંજો જપ્ત કરાયો હતો. ઝટપટ અને સહેલાઈથી નાણાં કમાવાની લાલચમાં આરોપી ડ્રગ્સની તસ્કરીમાં સંડોવાયા હોવાનો દાવો અધિકારીએ કર્યો હતો. ■

## ન્યાયતંત્રનો તિરસ્કાર: મહિલાને એક અઠવાડિયાની સજા

મુંબઈ: નવી મુંબઈ સ્થિત એક હાઉસિંગ સોસાયટીના શ્વાનને ખોરાક આપતા લોકોની તરફેણ કરવાના આદેશ સંદર્ભે હાઇકોર્ટ સામે અપમાનાસ્પદ ટિપ્પણી કરનારી મહિલાને બોમ્બે હાઈકોર્ટે બુધવારે અદાલતના ગુનાહિત તિરસ્કારના આરોપસર દોષિત ઠેરવી છે.

અદાલત વિશે ’ડોગ માફિયા’ જેવી ટિપ્પણી શિક્ષિત વ્યક્તિ પાસેથી અપેક્ષિત નથી એમ ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ અદ્વૈત શેઠનાની ખંડપીઠે જણાવ્યું હતું. ખંડપીઠે વિનિતા શ્રીનંદન નામની મહિલાને એક અઠવાડિયાની સાદી કેદની સજા ફટકારી વીસ હજાર રૂપિયાનો દંડ પણ કર્યો હતો.

અદાલતે હાઉસિંગ સોસાયટીની મેનેજિંગ કમિટીના સભ્ય શ્રીનંદનની માફી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે ’આ પ્રકારના કિસ્સાઓમાં પાછળથી ઢોંગ કરી આંસુ સારવામાં આવે છે અને સોરી કહી છૂટી જવાની કોશિશ કરવામાં આવે છે, પણ એ નહીં ચલાવી લેવામાં આવે.’

જોકે શ્રીનંદનના વકીલની વિનંતી પર ખંડપીઠે પોતાના આદેશ પર રોક લગાવી દીધી હતી. સજા આઠ દિવસ માટે સ્થગિત કરી દીધી હતી જેથી તે સજા વિરુદ્ધ અપીલ કરી શકે.

આ કેસ સોસાયટી અને તેના એક રહેવાસી લીલા વર્મા વચ્ચેના વિવાદ સાથે સંબંધિત છે, જેમણે જાન્યુઆરીમાં રખડતા શ્વાનને ખવડાવવાના મુદ્દે મેનેજિંગ કમિટી દ્વારા પજવણી કરવાનો આરોપ મૂકી હાઇકોર્ટમાં અરજી કરી હતી. નિયુક્ત સ્થળોએ રખડતા ઢોરને ખવડાવતા રહેવાસીઓ સામે મ્યુનિસિપલ અધિકારીઓને કાયદેસરની કાર્યવાહી કરવામાં અવરોધ ઉભો કરી દખલ કરવા પર અદાલતે સોસાયટી પર પ્રતિબંધ મૂક્યો હતો. (પીટીઆઈ)■

## વેસ્ટર્ન રેલવેને કચરો બાળવા માટે ૧,૦૦૦ રૂપિયાનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચર્ચગેટ સ્ટેશન બહાર જૂના કાગળના રેકોર્ડનો ઢગલો ખુલ્લામાં બાળવા બદલ મુંબઈ મહાનગરપાલિકાએ રેલવે પ્રોટેકશન ફોર્સને ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જાહેરમાં કચરા સહિતની વસ્તુ બાળવાથી વાયુ પ્રદૂષણમાં વધારો થાય છે. પાલિકા દ્વારા ખુલ્લામાં કચરો બાળવા બદલ ૧૦૦ રૂપિયાથી દંડ વધારીને ૧,૦૦૦ રૂપિયા કરી નાખવામાં આવ્યા બાદ સરકારી એજન્સીને દંડ ફટકારવાનો આ ત્રીજો બનાવ છે.



પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મંગળવારે સાંજે ચર્ચગેટ રેલવે સ્ટેશન બિલ્ડિંગમાં જૂના દસ્તાવેજો સળગતા જોવા મળ્યા હતા, તેને કારણે દૂરથી ધુમાડો નીકળતો દેખાયો હતો. ચર્ચગેટ સ્ટેશન બિલ્ડિંગની પશ્ચિમ બાજુએ બે લોખંડના નાની ટ્રકલોડમાં દસ્તાવેજો ભરેલા હતા, તેમાં આગ લગાવવામાં આવી હોવાની ફરિયાદ આવ્યા બાદ પાલિકાની ટીમે સ્થળની મુલાકાત લીધી હતી અને આગ બુઝાવીને નિયમ મુજબ તેની પાસેથી ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ દરમ્યાન રેલવે દ્વારા ભવિષ્યમાં આવી ઘટના ન બને કે માટે સાવચેતીનાં પગલાં અમલમાં મૂકવામાં આવશે એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં પાલિકાએ ગોરેગામ રેલવે સ્ટેસન નજીક બેસ્ડ બસ ડેપોના સ્ટાફને ખુલ્લામાં કચરો બાળવા માટે દંડ ફટકારવામાં આવ્યો હતો. એ અગાઉ ગોરેગામમાં મ્હાડાના પ્રોજેક્ટ સાઈટ પર કચરો બાળવા માટે ૧,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

ખુલ્લામાં કચરો બાળવાથી વાયુ પ્રદૂષણ વધવાની સાથે જ પાર્યવરણને અને આરોગ્યને નુકસાન થાય છે. તેથી પાલિકાએ પહેલી એપ્રિલથી દંડમાં દસગણો વધારો કર્યો હતો. પાલિકાએ વોર્ડ સ્તરે એક સ્કવોડ પણ બનાવવાની છે, જે ખુલ્લામાં કચરો બાળવાના પ્રકરણમાં પર નજર રાખશે. ■

## કમર્શિયલ વાહનો માટે બેસ્ટના ડેપો પર એમજીએલની ગેસ ભરવાની સુવિધા

મુંબઈ: મુંબઈવાસીઓને મોટી રાહત આપતા, ભારતની સૌથી મોટી ગેસ વિતરણ કંપનીઓમાંની એક, મહાનગર ગેસ લિમિટેડ બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) સાથે મળીને, મુંબઈના ૧૫ બેસ્ટ બસ ડેપોમાં ‘એમજીએલ તેઝ’ સુવિધાનો વિસ્તાર કરશે. ૨૦૨૩ માં ઘાટકોપર અને ગોરેગાંવ-ઓશિવરા બસ ડેપોમાં શરુ કરેલી આ સુવિધાની સફળતાને લઈને આ જાહેરાત કરવામાં આવી હતી.

તાજેતરમાં, ગોરાઈ બેસ્ટ બસ ડેપો ખાતે આયોજિત એક કાર્યક્રમમાં, બેસ્ટના સહાયક જનરલ મેનેજર એ. એસ. રાવ અને એમજીએલના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર સંજય શેંડેએ આ મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. સફળ પાયલોટ પ્રોજેક્ટ બાદ, ‘એમજીએલ તેઝ’ સુવિધાને આણિક, દેવનાર, ધારાવી, દિંડોશી, ગોરાઈ, માગાથાણે, મજાસ, મુલુંડ, મુંબઈ સેન્ટ્રલ, પોઈસર, પ્રતિક્ષા નગર, સાંતાક્રુઝ અને વડાલાસ્થિત ૧૩ બેસ્ટ બસ ડેપોમાં વિસ્તારવામાં આવશે, જેથી મુંબઈગરાઓ સમગ્ર મુંબઈમાં ફેલાયેલા આ ડેપોમાં સીએનજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરી શકે. ‘એમજીએલ તેઝ’ એપ્લિકેશન ગૂગલ પ્લે સ્ટોર પર ડાઉનલોડ માટે ઉપલબ્ધ છે, અને ટ્રક અને ટેમ્પો જેવા કમર્શિયલ સીએનજી વાહન વપરાશકર્તાઓ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી શકે છે અને ઉપરોક્ત કોઈપણ બેસ્ટ બસ ડેપો પર તેમનાં વાહનોને રિફ્યુઅલ કરવા માટે અનુકૂળ સમય સ્લોટ બુક કરી શકે છે. આનાથી રિફ્યુલિંગ માટેની કતારોમાં નોંધપાત્ર રીતે ઘટાડો થશે. આ જોડાણ પર ટિપ્પણી કરતા, બેસ્ટના સહાયક જનરલ મેનેજર એ. એસ. રાવે જણાવ્યું હતું કે, ‘એમજીએલ તેઝ’ અને મહાનગર ગેસ લિમિટેડ સાથેના અમારા જોડાણ દ્વારા, અમે મુંબઈની જાહેર ઉપયોગી સેવાઓને વધારવામાં એક મોટું પગલું ભર્યું છે. તે ફક્ત ભીડને ઓછી નહીં કરે પરંતુ કમર્શિયલ વાહન માલિકોના સમયની બચત કરશે સાથે રિફ્યુલિંગ સ્ટેશનોની આસપાસ એકંદર ટ્રાફિક પણ ઓછો કરશે. આ પહેલ અન્ય લોકો માટે ઉદાહરણીય બની રહેશે. ■

## ગિરગામમાં રેસ્ટોરાંના કર્મચારીની મારપીટ: બે કોન્સ્ટેબલ સસ્પેન્ડ

મુંબઈ: દક્ષિણ મુંબઈના ગિરગામ વિસ્તારમાં લાંચ આપવાનો ઇનકાર કરનારા રેસ્ટોરાંના કર્મચારીની મારપીટ કરવા બે પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં કાર્યરત પોલીસ કોન્સ્ટેબલ સત્યનારાયણ સંભાજી શિંદે અને સંદીપ મારુતિ કોળીએ એક ચર્મકારને રેસ્ટોરાં અને પાનના સ્ટોલવાળા સહિત સ્થાનિક વેપારીઓ પાસેથી હપ્તા (લાંચ) વસૂલવા માટે કહ્યું હતું. ૭ એપ્રિલે ચર્મકાર ગિરગામની રેસ્ટોરાંમાં ૧૦૦ રૂપિયા લેવા ગયો હતો ત્યારે ત્યાંના કર્મચારીએ પૈસા આપવાનો ઇનકાર કર્યો હતો. દરમિયાન ૮ એપ્રિલે મોડી રાતે બંને કોન્સ્ટેબલ રેસ્ટોરામાં ગયા હતા અને ત્યાંના કર્મચારીઓને શટર ખોલવા કહ્યું હતું. કર્મચારીઓને બાદમાં દંડ ભરવા માટે પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યા હતા. કર્મચારીઓ ત્યાં પૂછપરછ કરવા લાગ્યા ત્યારે બંને કોન્સ્ટેબલે અલી અકબર શરીફ શેખ નામના કર્મચારીની મારપીટ કરી હતી. પ્રારંભિક તપાસ બાદ બંને કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને વધુ તપાસ કરવામાં આવી રહી છે. આ પ્રકરણે હજી કોઇ એફઆઇઆર દાખલ કરાયો નથી. (પીટીઆઇ)■

## નાગપુરના વેપારી, પુત્રએ દંડથી બચવા મર્સિડીઝ પર નકલી નંબર પ્લેટ લગાવી

નાગપુર: ટ્રાફિક ચલાન (દંડ)થી બચવા માટે મર્સિડીઝ પર નકલી નંબર પ્લેટ લગાવવા બદલ નાગપુરના વેપારી અને તેના પુત્ર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

આરોપીઓની ઓળખ વેપારી હરિશ દેવીચંદ તિવારી (૫૦) અને તેના પુત્ર યશ હરિશ (૨૫) તરીકે થઇ હતી, જેઓ વર્ધા રોડ પરની કોલોનીમાં રહે છે.

તેમની મર્સિડીઝનો મૂળ રજિસ્ટ્રેશન નંબર એમએચ-૩૧/ઇએક્સ-૯૯૯૩ છે, પણ એક વર્ષથી તેઓ નકલી નંબર પ્લેટ (એમએચ-૦૨/ડીઝેડ-૫૦૬૧૦)નો ઉપયોગ કરી રહ્યા હતા, જે અન્ય મર્સિડીઝ કારની છે અને તેનો માલિક મીરા રોડનો રહેવાસી હનિત સિંહ અરોરા છે, એમ ટ્રાફિક પોલીસના અધિકારીએ જણાવ્યું હતું.

મોલ નજીક નો-પાર્કિંગ ઝોનમાં નકલી નંબર પ્લેટ ધરાવતી મર્સિડીઝ પાર્ક કરાયેલી મળી આવ્યા બાદ આ છેતરપિંડી પ્રકાશમાં આવી હતી.

સોનેગાવ ટ્રાફિક ઝોનના હેડ કોન્સ્ટેબલ સુરેન્દ્ર પગારેએ ઇ-ચલાન સિસ્ટમથી નંબર પ્લેટ સ્કૅન કર્યા બાદ તેને નંબર શંકાસ્પદ લાગ્યો હતો.

એ નંબર પહેલેથી રડાર પર હતો, કારણ કે તેના મૂળ માલિક સિંહે અગાઉ ફરિયાદ કરી હતી કે તેની કાર નાગપુરમાં ન હોવા છતાં તેને ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ તેને ઇ-ચલાનના મેસેજ મળી રહ્યા છે.

નો-પાર્કિંગ ઝોનમાં મર્સિડીઝ મળ્યા બાદ પોલીસે હરિશ તિવારી અને તેના પુત્રને પૂછપરછ માટે બોલાવ્યો હતો. તેઓ વાહનના યોગ્ય દસ્તાવેજો વિના આવ્યા હતા. પોલીસે મર્સિડીઝ જપ્ત કરી હતી અને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ નકલી નંબર પર ગયા વર્ષે ચાર ઇ-ચલાન જારી કરવામાં આવ્યા હતા. (પીટીઆઇ)■




# મુંબઈનો વિજયી ચોક્કો, ત્રીજા સ્થાને આવી ગયું

## હૈદરાબાદની ૩૫ રનમાં પાંચ વિકેટ અને પછી ક્લાસેનનો કરિશ્મા જે એળે ગયો

**આજે કઈ મૅચ?**
આરસીબી વિરુદ્ધ રાજસ્થાન
બેંગલૂરુ, સાંજે ૭.૩૦

હૈદરાબાદઃ મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની ટીમ અહીં બુધવારે સતત ચોથી મૅચ જીતી હતી. હાર્દિક પંડ્યાના સુકાનમાં એમઆઇની ટીમ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ને સાત વિકેટથી હરાવીને પૉઇન્ટ્સ-ટેબલમાં છઠ્ઠા સ્થાનેથી ત્રણ ક્રમની છલાંગ લગાવીને ત્રીજા નંબર પર આવી ગઈ હતી. રોહિત શર્મા (૭૦ રન, ૪૬ બોલ, ત્રણ સિક્સર, આઠ ફોર) ફરી ઝળક્યો હતો, પરંતુ જીતનો પાયો ફાસ્ટ બોલર ટ્રેન્ટ બૉલ્ટે (૪-૦-૨૬-૪) નાખ્યો હતો.

મુંબઈએ ૧૪૪ રનનો લક્ષ્યાંક ૧૫.૪ ઓવરમાં ૧૪૬/૩ના સ્કોર સાથે મેળવી લીધો હતો. વિલ જૅક્સે બાવીસ રન કર્યા હતા અને સૂર્યકુમાર યાદવ ૪૦ રને અણનમ રહ્યો હતો.

એ પહેલાં, આઠ વિકેટે ૧૪૩ રન કરનાર હૈદરાબાદે શરૂઆતથી જ મોટો ધબડકો જોયો હતો. એક તબક્કે ૧૩ રનમાં એની ચાર વિકેટ પડી હતી અને પાંચમી વિકેટ વખતે સ્કોર ૩૫ રન હતો. ટ્રૅવિસ હેડ (૦), અભિષેક શર્મા (૮), ઇશાન કિશન (૧) અને નીતીશ રેડ્ડી (બે રન) સહિત આખો ટૉપ-ઑર્ડર પાંચમી ઓવરના પ્રથમ બૉલ સુધીમાં સાફ થઈ ગયો હતો. જોકે હિન્રિક ક્લાસેન (૭૧ રન, ૪૪ બૉલ, બે સિક્સર, નવ ફોર) સુપર ઇનિંગ્સ રમ્યો હતો. ■

# બે મિનિટનું મૌન, હાથ પર કાળી પટ્ટી, સંગીતનો જલસો નહીં, ફટાકડા પણ નહીં અને ચિયરલીડર્સના પર્ફોર્મન્સ રદ

## બીસીસીઆઇની સૂચના મુજબ પહલગામના શહીદોને હૈદરાબાદના મેદાન પર ભાવભરી અંજલિ અપાઈ



હૈદરાબાદઃ કાશ્મીરના પહલગામમાં મંગળવારે આતંકવાદીઓના હુમલામાં મૃત્યુ પામેલા લોકોને અંજલિ આપવા બુધવારે અહીં હૈદરાબાદમાં ઉપ્પલ ખાતેના રાજીવ ગાંધી ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ) અને સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) વચ્ચેની મૅચ શરૂ થતાં પહેલાં તમામ ખેલાડીઓ, અમ્પાયરો તેમ જ અધિકારીઓએ મેદાન પર બે મિનિટનું મૌન પાળ્યું હતું. હજારો પ્રેક્ષકોએ પણ એ જ સમયે શહીદોને અંજલિ આપવા મૌન પાળ્યું હતું.

ખેલાડીઓ હાથ પર કાળી પટ્ટી પહેરીને રમ્યા હતા. બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ અગાઉથી જ જાહેરાત કરી હતી કે આ મૅચના આરંભ પહેલાં પહલગામના મૃતકોને અંજલિ આપવામાં આવશે.

ક્રિકેટ બોર્ડની સૂચના મુજબ આ મૅચમાં સંગીતનો જલસો નહોતો રાખવામાં આવ્યો, ફટાકડા પણ નહોતા ફોડવામાં આવ્યા અને ચિયરલીડર્સના સ્ટેજ-પર્ફોર્મન્સ પણ રદ કરવામાં આવ્યા હતા. એ પહેલાં, મીડિયામાં બીસીસીઆઇએ પહલગામની આતંકી ઘટનાને કડક શબ્દોમાં વખોડી હતી.

એમઆઇના કૅપ્ટન હાર્દિક પંડ્યાએ અને એસઆરએચના સુકાની પૅટ કમિન્સે આતંકવાદી હુમલાને વખોડતાં નિવેદનો કર્યાં હતાં. મૅચની શરૂઆત પહેલાં રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી ત્યાર બાદ ખેલાડીઓએ બે મિનિટનું મૌન પાળ્યું હતું.

બૅટ્સમેનોની દરેક બાઉન્ડરી વખતે હજારો પ્રેક્ષકોની બૂમો સંભળાતી હતી. સાઇટસ્ક્રીન પર લખવામાં આવ્યું હતું કે 'ચાલો, આપણે સૌ શાંતિ જાળવીએ અને માનવતાનું સન્માન કરીએ.' ■

# આઈપીએલનાં મેદાનો પર દોડતા રૉબોટ ડૉગનું નામ શું છે, જાણો છો?




નવી દિલ્હીઃ આઈપીએલ-૨૦૨૫માં આ વખતે જ્યાં એક-એક મૅચ રોમાંચથી ભરપૂર છે ત્યાં એક નવી ટેક્નોલૉજીએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ ટેક્નોલૉજી બીજું કંઈ નહીં પણ ચાર પગવાળો રૉબોટ છે. આ રૉબોટ-ડૉગ સાથે ક્રિકેટર્સ મસ્તી કરતા જોવા મળી રહ્યા છે અને એમના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. પરંતુ શું તમને ખબર છેકે આ રૉબોટ-ડૉગનું નામ શું છે? ચાલો આજે તમને આ વિશે જણાવીએ...

હાલમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા આ રૉબોટ સાથે જોવા મળી રહ્યો છે અને એ સમયે જ તે આ વીડિયોમાં આ રૉબોટ-ડૉગના નામ વિશે ખુલાસો કરતો જોવા મળે છે. તમને જાણીને નવાઈ લાગશે કે આ રૉબોટ-ડૉગનું નામ ચંપક છે. હાર્દિક પંડ્યા નવલા નજરાણાં સમાન આ રૉબોટ-ડૉગના નામ વિશે ખુલાસો કરતાં કોઈને પૂછે છે કે અરે આનું નામ શું છે? ચંપક... અરે હા ચંપક... આવું જ નામ હોવું જોઈએ. એકદમ હિંદુસ્તાની...

આ ચંપકને ખાસ આઈપીએલ બ્રોડકાસ્ટ ટીમ માટે તૈયાર કરવામાં આવ્યો છે, જેથી દર્શકોને મૅચ જોવાનો એક નવો જ અનુભવ થાય. આ રૉબોટ-ડૉગમાં રહેલાં ડોગ આઈ વ્યુ પ્રદાન કરે છે, જેથી દર્શકોને રમતની એક નવા અને ગ્રાઉન્ડ લેવલનો વ્યૂ મળે છે.

વાત કરીએ આ રૉબોટ-ડૉગને નામ કેવી રીતે મળ્યું તો કહેવાય છે કે ટેક્નોલૉજીથી બનેલા આ ડૉગનું નામ ઓનલાઈન વૉટિંગના માધ્યમથી નક્કી કરવામાં આવ્યું હતું. આ નામ જાણીતી ટીવી સિરીયલ 'તારક મહેતા કા ઉલટા ચશ્મા'ના બાપુજીના નામ ચંપકલાલ પરથી રાખવામાં આવ્યું છે. નામ ચાહકોએ ખૂબ ઉત્સાહથી પસંદ કર્યું છે.

આઈપીએલમાં જ્યારે પહેલાં ચંપક મેદાનમાં ઊતરે છે ત્યારે પ્રેક્ષકોમાં ખુશી અને આશ્ચર્યના ભાવ જોવા મળે છે. ખેલાડીઓએ પણ આને ખૂબ જ પસંદ કર્યું છે. મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ ખૂબ જ ઉષ્માપૂર્વક તેનું સ્વાગત કર્યું હતું અને દિલ્હી કેપિટલ્સનો સુકાની અક્ષર પટેલ પણ હસતો જોવા મળ્યો હતો. ■

# ધર્મને નામે નિર્દોષ નાગરિકોને મારી નાખવા એ તો નર્યું પાપ કહેવાયઃ મોહમ્મદ સિરાજ

## ▸ પહલગામના હુમલાની સચિન, વિરાટ સહિત અનેક ક્રિકેટરોએ નિંદા કરીઃ શ્રીવત્સએ લખ્યું, 'નિર્દોષ ભારતીયોની હત્યા કરવી એ જ પાકિસ્તાનની રાષ્ટ્રીય રમત છે'



મોહમ્મદ સિરાજ

નવી દિલ્હીઃ કાશ્મીરના પહલગામમાં મંગળવારે પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ હિન્દુ પર્યટકો પર હુમલો કરીને ૨૮ લોકોને મારી નાખ્યા અને બીજા કેટલાકને ઘાયલ કર્યા એ ઘટનાની ભારતીય ક્રિકેટરો તેમ જ ઍથ્લીટોએ આકરા શબ્દોમાં નિંદા કરી છે તેમ જ અસરગ્રસ્ત લોકોના પરિવારો પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરી છે. કેટલાક ખેલાડીઓએ માગણી કરી છે કે ભારતે પાકિસ્તાન સાથેના ખેલકૂદને લગતા તમામ સંબંધો કાપી નાખવા જોઈએ.

સચિન તેન્ડુલકર તથા વિરાટ કોહલીએ ઘેરો શોક વ્યક્ત કર્યો છે, જ્યારે ભારતીય પેસ બોલર અને આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ વતી સૌથી વધુ ૧૨ વિકેટ લેનાર મોહમ્મદ સિરાજે સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં હૃદયસ્પર્શી સંદેશમાં લખ્યું છે કે 'ધર્મને નામે નિર્દોષ નાગરિકોને લક્ષ્યાંક બનાવીને મારી નાખવા એ તો નર્યું પાપ કહેવાય. આવું ઘૃણાસ્પદ કૃત્ય કોઈ પણ ધ્યેયમાં કે અભિયાનમાં, કોઈ પણ આસ્થામાં કે કોઈ પણ પ્રકારની વિચારધારામાં સ્વીકાર્ય હોય જ નહીં. યે કૈસી લડાઈ હૈ...જહાં ઇન્સાન કી જાન કી કોઈ કીમત હી નહીં. હું આશા રાખું છું કે (નિર્દોષોને લક્ષ્યાંક બનાવવાનું) આ ગાંડપણ જલદી દૂર થઈ જશે અને આતંકવાદીઓને પકડીને તેમને કોઈ પણ પ્રકારના દયાભાવ વગર કડક સજા કરવામાં આવશે.'

વર્લ્ડ ચૅમ્પિયન મહિલા બૉક્સર નિખત ઝરીને પોસ્ટમાં લખ્યું હતું કે 'નિર્દોષ લોકો પર હુમલો કરનારાઓએ સમગ્ર માનવતા પર જ હુમલો કર્યો છે. પહલગામના કાયરતાભર્યા હુમલાને હું સખત શબ્દોમાં વખોડું છું. ભોગ બનેલોઓને ન્યાય મળવો જ જોઈએ.'

### સચિનનો શોક સંદેશ

સચિન તેન્ડુલકરે સોશિયલ મીડિયા પરની પોસ્ટમાં લખ્યું છે કે 'પહલગામના હુમલામાં ભોગ બનેલા લોકોના પરિવારો પર કલ્પી ન શકાય એવી આપત્તિ આવી પડી છે. આ

દુઃખના સમયે આખો દેશ અને સમગ્ર વિશ્વ તેમની પડખે છે. મૃત્યુ પામેલા લોકો વિશે હું શોક વ્યક્ત કરું છું અને પ્રાર્થના કરું છું કે તેમને ન્યાય મળશે.'

### કોહલી-ગંભીરે શું કહ્યું?

ભારતના ટોચના ક્રિકેટર અને આઇપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુને એક પછી એક જીત અપાવીને ત્રીજા સ્થાન પર લાવનાર વિરાટ કોહલીએ હિંદુ પર્યટકો પર આતંકવાદીઓએ કરેલા ઘાતક હુમલા બાદ અસરગ્રસ્તો વિશે હૃદયસ્પર્શી સ્ટોરી ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે જેમાં તેણે લખ્યું છે કે 'નિર્દોષ લોકો પર જીવલેણ હુમલો કરવાની આ ઘટનાથી મને ખૂબ આઘાત લાગ્યો છે. ભોગ બનેલા લોકોના પરિવારો પ્રત્યે હું પૂરા હૃદય ભાવથી દુઃખ વ્યક્ત કરું છું અને ઈશ્વર તેમને આ આપત્તિનો સામનો કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના કરું છું. હું એવી પ્રાર્થના પણ કરું છું કે આ ઘૃણાસ્પદ કૃત્યનો ભોગ બનેલાઓને પૂરો ન્યાય મળશે.'

જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ તેમ જ ભાલાફેંકના ઑલિમ્પિક ચૅમ્પિયન નીરજ ચોપડાએ પણ સચિન-કોહલી જેવા હૃદયસ્પર્શી ભાવ વ્યક્ત કરીને મૃતકોને મીડિયામાં અંજલિ આપી હતી. ટીમ ઇન્ડિયાના હેડ-કોચ ગૌતમ ગંભીરે પોસ્ટમાં લખ્યું હતું કે 'મૃત્યુ પામેલા લોકોના પરિવારો પ્રત્યે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. પહલગામમાં હુમલો કરનારા કે કરાવનારાઓએ આકરી કિંમત ચૂકવવી જ પડશે. ભારત હુમલો કરશે જ.'

### પાકિસ્તાન સામે ક્રિકેટ રમો જ નહીંઃ શ્રીવત્સ

ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર અને મૂળ પશ્ચિમ બંગાળના શ્રીવત્સ ગોસ્વામીએ મીડિયાની પોસ્ટમાં કડક ભાષામાં લખ્યું હતું કે 'પાકિસ્તાન સાથે ખેલકૂદને લગતા તમામ સંબંધો કાપી નાખો. ખાસ કરીને પાકિસ્તાન સામે ક્રિકેટ રમો જ નહીં. હમણાં તો શું, ક્યારેય ન રમો. થોડા મહિના પહેલાં ભારત સરકારે ક્રિકેટરોને ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાન ન મોકલવાનો નિર્ણય લીધો હતો ત્યારે કેટલાકે સુફિયાણી વાતો કરતા કહ્યું હતું કે ખેલકૂદને રાજકારણથી દૂર રાખવું જોઈએ. જોકે હું તો કહું છું કે નિર્દોષ ભારતીયોની હત્યા કરવી એ જ પાકિસ્તાનની રાષ્ટ્રીય રમત છે. ભારતે કસૂરવારોને બક્ષવા ન જોઈએ. પાકિસ્તાનના કૃત્યોને જરાય સાંખી ન લેવા જોઈએ. હું થોડા સમય પહેલાં પહલગામ ગયો ત્યારે મને લાગ્યું કે કાશ્મીર ખીણપ્રદેશમાં શાંતિ અને સદ્ભાવના પાછા સ્થાપિત થઈ રહ્યા છે, પરંતુ મંગળવારની કત્લેઆમ જોતાં મારે કહેવું પડી રહ્યું છે કે આપણે કેટલી વાર શાંત બેસી રહેવું? કેટલી વાર ખેલદિલી બતાવવાની? એક તરફ આપણા લોકોને મારી નાખવામાં આવી રહ્યા છે ત્યાં હવે પાકિસ્તાન પ્રત્યે શાંતિ અને ખેલદિલી બતાવવાની જરૂર છે ખરી? જરાય નહીં. હવે તો નહીં જ.'

ભૂતપૂર્વ ક્રિકેટર રવિ શાસ્ત્રી, અનિલ કુંબળે, પાર્થિવ પટેલ, હરભજન સિંહ તેમ જ વર્તમાન ખેલાડીઓ શુભમન ગિલ, કેએલ રાહુલ તેમ જ નિવૃત્ત હૉકી-ગોલકીપર પીઆર શ્રીજેશ, બૅડમિન્ટન પ્લેયર સાઇના નેહવાલે પણ પહલગામ હુમલાની કડક શબ્દોમાં નિંદા કરી હતી અને ભોગ બનેલા લોકોના પરિવારો પ્રત્યે શોકની લાગણી વ્યક્ત કરી હતી.

### અન્ય ક્રિકેટરો અને ઍથ્લીટોએ શું કહ્યું?

(૧) ક્રિકેટર સુરેશ રૈનાઃ પાકિસ્તાન-પ્રેરિત આ હુમલાની કડકમાં કડક શબ્દોમાં નિંદા થવી જોઈએ. આતંકવાદ સામેની લડાઈમાં આપણા બહાદુર સૈનિકો, જમ્મુ-કાશ્મીરની પોલીસ તેમ જ અર્ધલશ્કરી દળો સાથે આખો દેશ પડખે ઊભો છે. ન્યાય મળીને જ રહેશે.

(૨) બૉક્સર વિજેન્દર સિંહઃ હવે તો કડક હાથે કામ લઈ જ લો. મને આશા છે કે આપણા બહાદુર સૈનિકો આ કાયરતાભર્યા હુમલાનો જડબાતોડ જવાબ આપશે જ. આપણી માતૃભૂમિના આ બહાદુર પુત્રોની હાજરીમાં જો કોઈ તોફાનીઓ જમ્મુ-કાશ્મીરમાં પ્રસ્થાપિત થયેલી શાંતિમાં વ્યાપક સ્તરે ખલેલ પહોંચાડવાનો મનસૂબો રાખતા હશે તો એમાં તેઓ સફળ નહીં થાય.

(૩) બૅડમિન્ટન ખેલાડી પીવી સિંધુઃ પહલગામની ઘટના બદલ મને ખૂબ આઘાત લાગ્યો છે. નિર્દોષ લોકોના જાન ગયા છે. આ દુઃખ એવું છે જે કદી ભુલાશે નહીં. આવું હીણ કૃત્ય કોઈ પણ સંજોગોમાં સાંખી ન લેવાય. મને પૂરી આશા છે કે કાશ્મીર ખીણપ્રદેશમાં બહુ જલદી શાંતિ પ્રસ્થાપિત થશે. ■

# બોલરે વિકેટના સેલિબ્રેશનમાં વિકેટકીપરને ભૂલમાં માથા પર ઝાપટ મારી દીધી!



લાહોરઃ વિશ્વ વિખ્યાત ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ૧૮મી સીઝન ચાલી રહી છે ત્યારે બીજી બાજુ પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)ની ૧૦મી સીઝન ચાલી રહી હોવાની પાકિસ્તાન બહાર બહુ ઓછા લોકોને જાણ હશે, પરંતુ એમાંની એક ઘટના હાસ્યાસ્પદ થઈ છે. આ ઘટના મુલતાન સુલતાન્સ ટીમના બોલર ઉબૈદ ખાન અને વિકેટકીપર ઉસ્માન ખાનની છે. પીએસએલમાં મંગળવારે ૧૯ વર્ષના ફાસ્ટ બોલર ઉબૈદ ખાને લાહોર કલાન્દર્સ ટીમના બૅટ્સમૅન સૅમ બિલિંગ્સની મહત્ત્વની વિકેટ લીધી ત્યાર બાદ ઉબૈદ એ વિકેટની ઉજવણીના ઉન્માદમાં અને આક્રમક મૂડમાં વિકેટકીપર ઉસ્માન તરફ ગયો ત્યારે ઉસ્માને બન્ને હાથ ઊંચા કરીને તેની સાથે 'હાઇ ફાઇવ'ની સ્ટાઇલમાં વિકેટનું સેલિબ્રેશન કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે બોલર ઉબૈદે તેના હાથ પર પોતાનો હાથ મારવાને બદલે તેના માથા પર મારી દીધો હતો. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૨૮/એ)

MUMBAI MBBS, MS, MCH. Boy - 1988 Rajesh Rajkot 9428250002. (No Dowry) (B-15876)

### ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સમેન મિત્રો (સ્ટાફ) જોઈએ છે**
સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શો રૂમો માટે સ્ટે. સ્ટીલ, થર્મોવેર, ક્રોકરી, હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક હાઉસવેર તથા ગીફ્ટ નોવેલ્ટીઝ લાઈનના મહેનતી ઈમાનદાર કામ પ્રત્યે ધગશવાળા અનુભવી / બિનઅનુભવી ઉં. વ. ૧૮ થી ૪૦ સુધીના જે કસ્ટમરને પ્રોડ્કટ વિશે સારી રીતે સમજાવી શકે તેવા સેલ્સ યુવાનો / યુવતીઓ તુરંત જોઈએ છે. તદ્ઉપરાંત હેલ્પર મિત્રો તેમજ પી.આર.ઓ.ના કામ માટે યુવતી જોઈએ છે. ફ્રેશ યુવાનો / યુવતીઓને એક સારા માર્ગદર્શન હેઠળ ટ્રેનીંગ મળશે. સારો પગાર, સારી ફેસીલીટી સાથે ભવિષ્યમાં આગળ વધવાની એક સારી તક. બાયોડેટા, ફોટોગ્રાફ સાથે રૂબરૂ, સંપર્ક કરો. (રેફરંસ જરૂરી) મહાવીર ધ હોમ સ્ટોર, માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.), મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦, સુમીતભાઈ ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫ (મળવાનો સમયઃ ૨ થી ૭). (એસડીબી-૨૫૬૫)

### ૧૭. જગ્યા આપવી છે

**મલાડ - બોરીવલી**
નાના-મોટા ફ્લેટ લેવા / વેચવા / ભાડેથી માટે : 9820490311. "વર્ધમાન રિયલ્ટર્સ". (૧૫૭૯૪-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૨. જમીન-મિલકત

IN SAPUTARA HATGAD, Final NA Plots with Separate 7/12 immediately for Sale. Contact - Magare Sir 9421520090. (B-15875)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**
સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (બી-૧૫૮૮૦)



(B-15879)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીનાથજી જ્યોતીષ**
**(હવેલીવાળા) પતિદુ:ખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુ:ખ, સૌતન દુ:ખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-સી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૫૮૩૪-સી)



**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ટ્રમ્પે ફરી મારી ગુલાંટઃ સેન્સેક્સે સાતમા દિવસના સુધારા સાથે ચાર મહિનામાં પહેલી વાર ૮૦,૦૦૦ની સપાટી પુનઃ હાંસલ કરી

મુંબઇઃ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે ફરી એક ગુલાંટ મારીને ચીન સામે હળવે હાથે કામ લેવાનો સંકેત આપ્યો હોવાથી વિશ્વભરના શેરબજારમાં સુધારો આવ્યો હોવા ઉપરાંત સ્થાનિક સ્તરે એફઆઇઆઇની એકધારી લેવાલી અને આઇટી શેરોના ઉછાળા વચ્ચે શેરબજારોમાં સાતમા દિવસે તેજી જારી રહી હતી અને સેન્સેક્સ ૮૦ હજારની સપાટી પુનઃહાંસલ કરવામાં સફળ રહ્યો હતો. બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૨૦ પોઈન્ટ ઉછળીને ચાર મહિનામાં પહેલી વાર ૮૦,૦૦૦ પોઇન્ટની સપાટીથી ઉપર બંધ રહેવામાં સફળ રહ્યો છે. ત્રીસ શેરો ધરાવતો સેન્સેક્સ ૫૨૦.૯૦ પોઈન્ટ અથવા ૦.૬૫ ટકા વધીને ૮૦,૧૧૬.૪૯ના સ્તર પર સ્થિર થયો છે, જે ૧૮ ડિસેમ્બર પછીનો સૌથી ઊંચુ બંધ સ્તર છે. દિવસ દરમિયાન, તે ૬૫૮.૯૬ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા વધીને ૮૦,૨૫૪.૫૫ પોઇન્ટની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૧૬૧.૭૦ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૨૪,૩૨૮.૯૫ પોઇન્ટની સપાટી પર બંધ થયો. એચસીએલ ટેકનો શેર સૌથી વધુ ૭.૭૨ ટકા ઉછળી ટોપ ગેઇનર બન્યો હતો. ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, મહિન્દ્રા અને મહિન્દ્રા, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા સ્ટીલ, ભારતી એરટેલ અને મારુતિ અન્ય વધનારા શેર હતા. તાજેતરના તીવ્ર વધારા પછી બેંકિંગ શેરોમાં વેચવાલી જોવા મળી હતી જેમાં એચડીએફસી બેંક ૧.૯૮ ટકા ઘટીને ટોપ લુઝર્સ બની હતી. કોટક મહિન્દ્રા બેંક, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, એક્સિસ બેંક, આઇટીસી અને અલ્ટ્રાટેક સિમેન્ટ પણ આ યાદીમાં હતા. નાણાકીય વર્ષ ૨૦૨૬નો મેઇનબોર્ડનો સૌપ્રથમ આઇપીઓ ઇલેક્ટ્રિકલ વ્હીકલ કંપની એથર એનર્જી લાવી રહી છે. ભરણાંનું કદ રૂ. ૨૯૮૧ કરોડ છે. ટાઇગર ગ્લોબલનું સમર્થન ધરાવતી આ કંપનીની પ્રાઇસ બેન્ડ ૩૦૪થી ૩૨૧ની રેન્જમાં નક્કી કરવામાં આવી છે. સબસ્ક્રિપ્શનની તારીખ સોમવાર, ૨૮ એપ્રિલના રોજ નિર્ધારિત છે અને ૩૦ એપ્રિલના રોજ બંધ થશે. લોટ સાઈઝ ૪૬ ઇક્વિટી શેર છે અને ત્યારબાદ ૪૬ ઇક્વિટી શેરના ગુણાંકમાં છે. ચોથા ક્વાર્ટરની કમાણી બજારની અપેક્ષા અનુસારની રહી હોવાથી એચસીએલ ટેકનોનો શેર છ ટકા ઊછળ્યો હતો. એ જ રીતે, ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૩૬ ટકા ઉછાળો નોંધાવનાર સાયન્ટ ડીએલએમ ૧૨ ટકા ઊછળ્યો હતો. વાર્ષિક ધોરણે ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૩૪ ટકા વધવાથી વારી એનર્જી નવ ટકા ઊછળ્યો હતો. જોકે, માગની ચિંતા વચ્ચે હેવેલ્સમાં પાંચ ટકાનો કડાકો જોવા મળ્યો હતો. આઈસીએલ ફિનકોર્પ ૨૫ એપ્રિલે ક્રિસિલ ટ્રીપલ બી સ્ટેબલ રેટિંગ ધરાવતા સિક્યોર્ડ, રિડીમેબલ એનસીડી સાથે મૂડીબજારમાં પ્રવેશે છે. લઘુતમ ૧૧ ટકાથી મહત્તમ ૧૨.૫૦ ટકા સુધીનો કૂપન રેટ છે. સમયગાળો ૧૩ મહિના, ૨૪ મહિના, ૩૬ મહિના, ૬૦ મહિના અને ૬૮ મહિનાનો છે. તમામ કેટેગરીઝમાં એનસીડીધારકો માટે અસરકારક ઉપજ ૧૧.૫૦ ટકાથી મહત્તમ ૧૩.૦૧ ટકા છે.

એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર સોલ્યુશન્સ અને કોમ્પ્રિહેન્સિવ આઇટી સર્વિસ પ્રોવાઇડર પેરામેટ્રિક્સ ટેક્નોલોજીસ લિમિટેડે તેના ઇક્વિટી શેર્સની વ્યૂહાત્મક બાયબેકની જાહેરાત કરી છે. કંપની ૩૧ માર્ચ, ૨૦૨૪ અને ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૪,૬૦,૮૦૦ સુધીના સંપૂર્ણ ચૂકવાયેલા ઇક્વિટી શેર બાયબેક કરશે, બાય-બેક ટેન્ડર ઓફર રૂટ દ્વારા પ્રતિ શેર રૂ. ૧૩૦ના ભાવે હાથ ધરવામાં આવશે.

ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટસનો નફો બાવન ટકા વધીને રૂ. ૪૦૭ કરોડ નોંધાયો છે. છત્તીસગઢ સરકારે તેના સીએમ વિષ્ણુદેવ સાઇની ઉપસ્થિતિમાં ક્લોથિંગ મેન્યુફેકચરર્સ એસોસિએશન ઓફ ઇન્ડયા (સીએમએઆઇ) સાથે રાઇપુર ખાતે ટેક્સ્ટાઇલ એન્ડ એપેરલ ફેસિલિટેશન સેન્ટર સ્થાપવા માટે સમજૂતી કરાર કર્યા છે. એમઇઆઇએલને ન્યુક્લિઅર પાવર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા પાસેથી બે ન્યુક્લિઅર રિએક્ટર માટે રૂ. ૧૩,૦૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે એક વિધાન કર્યું અને વિશ્વભરના શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો. આખરે એમણે એવું શું કહ્યું! યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે નમતું જોખવાના સંકેત આપ્યા હોવાથી ટ્રેડ વોરની તીવ્રતા ઘટવની શક્યતા વચ્ચે વિશ્વબજારમાં તેજીનો પવન ફૂંકાતા સ્થાનિક બજારમાં પણ સુધારો આગળ વધ્યો હતો.

ટ્રમ્પે કઈક એવું કથન કર્યું હતું કે ચીનની આયાત પરના ટેરિફ સાવ નાબૂદ તો નહિ જ થાય છતાં, વાટાઘાટોને પગલે તેમાં નોંધપાત્ર ઘટાડો જરૂર થશે. તેમના આ કથન પછી વેપાર તણાવ હળવો થવાના આશાવાદને કારણે જગતભરના શેરબજારમાં સુધારો આવ્યો હતો અને તેની પાછળ બુધવારે ભારતના બેન્ચમાર્ક શેરઆંક ઊંચા ખુલ્યા હતા. આ ઉપરાંત ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલને બરતરફ કરવાની તેમની ધમકીઓમાંથી પણ પીછેહઠ કરી હતી, જેને પરિણામે આ સપ્તાહની શરૂઆતમાં ત્રણેક વર્ષની નીચી સપાટીએ પહોંચેલા ડોલરમાં નીચા સ્તરેથી રિકવરી જોવા મળી હતી.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ, ટોક્યોનો નિક્કી ૨૨૫ અને હોંગકોંગનો હેંગ સેંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો હતો. શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટમાં નજીવો ઘટાડો હતો. યુરોપના બજારો નોંધપાત્ર રીતે ઊંચા મથાળે ટ્રેડિંગ થઇ રહ્યા હતા. મંગળવારે યુએસ બજારોમાં તીવ્ર ઉછાળો આવ્યો. નાસ્ડેક કમ્પોઝિટમાં ૨.૭૧ ટકા, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજમાં ૨.૬૬ ટકા અને એસએન્ડપી ૫૦૦માં ૨.૫૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ મંગળવારે રૂ. ૧,૨૯૦.૪૩ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૩૫ ટકા વધીને ૬૮.૩૫ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે બીએસઇ બેન્ચમાર્ક ૧૮૭.૦૯ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા વધીને ૭૯,૫૯૫.૫૯ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૪૧.૭૦ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધીને ૨૪,૧૬૭.૨૫ પર બંધ થયો હતો.

# રૂપિયો પાવલીના ઘટાડા સાથે ૮૫.૪૪ બોલાયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો અને અમેરિકન ચલણની આયાતકારોની માગને કારણે બુધવારે રૂપિયો ૨૫ પૈસા ઘટીને ૮૫.૪૪ (પ્રોવિઝનલ)ની સપાટી પર બંધ થયો છે. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પના ખાસ કરીને ફેડરલ રિઝર્વ અને ચીન પ્રત્યેના નરમ વલણને કારણે અમેરિકન ચલણના મૂલ્યમાં સુધારો થયો છે. જોકે, સકારાત્મક સ્થાનિક બજારો અને નબળા યુએસ ડોલર ઇન્ડેક્સ અને વિદેશી ભંડોળના પ્રવાહે સ્થાનિક એકમને નીચા સ્તરે ટેકો આપ્યો હતો. ફોરેક્સ ટ્રેડર્સે જણાવ્યું હતું કે ટ્રમ્પે મંગળવારે ફેડરલના અધ્યક્ષ જેરોમ પોવેલને બરતરફ કરવાની ધમકીઓથી પીછેહઠ કર્યા પછી બજારને ટેકો મળ્યો હતો, કારણ કે દરોમાં ઘટાડો ન કરવા બદલ તેમની સામે દિવસો સુધી તીવ્ર ટીકા થઈ હતી.

આ ઉપરાંત ટ્રમ્પે ચીન સામે ઓછા ટેરિફની શક્યતાનો પણ સંકેત આપ્યો હતો. ઇન્ટરબેંક ફોરેન એક્સચેન્જ સોદામાં સ્થાનિક એકમ ૮૫.૨૪ પર ખુલ્યું અને ગ્રીનબેક સામે ૮૫.૫૨ના ઇન્ટ્રાડે નીચા સ્તરે પહોંચ્યું હતું. યુનિટ સત્રના અંતે ૮૫.૪૪ (પ્રોવિઝનલ) સ્તર પર બંધ થયું, જે તેના અગાઉના બંધ સ્તર કરતાં ૨૫ પૈસાનો ઘટાડો દર્શાવે છે. મંગળવારે, રૂપિયો યુએસ ડોલર સામે ચાર પૈસા ઘટીને ૮૫.૧૯ પર સ્થિર થયો હતો.

ફોરેક્સ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, અમે અપેક્ષા રાખીએ છીએ કે વૈશ્વિક બજારોમાં સેન્ટિમેન્ટ પર જોખમ અને એફઆઇઆઇ પ્રવાહ વચ્ચે રૂપિયો હકારાત્મક પૂર્વગ્રહ સાથે વેપાર કરશે. યુએસ ડોલરમાં એકંદર નબળાઈ પણ રૂપિયાને ટેકો આપી શકે છે.

# વિદેશી સ્ટીલ સસ્તું હોવાથી આયાત નવ વર્ષની ટોચે અને નિકાસમાં સતત ઘટાડો

મુંબઈ : વિદેશી સ્ટીલ સસ્તું હોવાથી દેશની સ્ટીલની આયાત નવ વર્ષની ટોચે અને નિકાસમાં સતત ઘટાડો જોવા મળ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૫માં દેશની સ્ટીલ આયાત ૧.૦૧ કરોડ ટન સાથે નવ વર્ષની ઊંચી સપાટીએ રહી છે. ફિનિશ્ડ ફ્લેટ સ્ટીલની આયાતમાં વધારો અને સ્ટીલની નિકાસમાં ઘટાડાને પરિણામે વિતેલા નાણાં વર્ષમાં ભારત સ્ટીલનો નેટ આયાતકાર દેશ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૨૨માં ૧.૮૫ કરોડની ટોચે રહ્યા બાદ ભારતની સ્ટીલ નિકાસ પાછલાં ત્રણ વર્ષથી સતત ઘટી રહી છે અને ગયા નાણાં વર્ષમાં ૬૯.૫૦ લાખ ટન રહી હતી. આમ ત્રણ વર્ષમાં નિકાસમાં ૬૦ ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. દક્ષિણ કોરિઆ, ચીન તથા જાપાન ખાતેથી સસ્તી આયાતને કારણે ઘરઆંગણે સ્ટીલના ભાવ દબાણ હેઠળ રહ્યા કરે છે. નાણાં વર્ષ ૨૦૧૬ બાદ નાણાં વર્ષ ૨૦૨૫માં દેશનું સ્ટીલ આયાત વોલ્યુમ સૌથી ઊંચુ જોવા મળ્યું છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લીક નોટીસ**

મારા અસીલ શ્રીમતી રાજુલ આશિત શાહ (પ્રથમ નામ રાજુલ બાબુભાઈ પરીખ), અમદાવાદ - ૩૮૦૦૦૭ ખાતે રહેનારની સૂચના હેઠળ આથી જાહેર જનતાને જાણ કરવાની કે મારા અસીલે શ્રી મહેશ બાબુભાઈ પરીખ, તે મુંબઈ - ૪૦૦૦૦૬ ખાતે રહેનારને મારી મિલકતોની બાબતમાં વખતો વખતથી અપાયેલ તમામ પાવર ઓફ એટર્નીસ કેન્સલ અને રદ્બાતલ કરેલ છે.

કે પાવર ઓફ એટર્ની ધારક હવે સદર પાવર ઓફ એટર્નીસ હેઠળ કાર્યવાહી કરવાનો કોઈપણ હક્ક ધરાવતા નથી જેની સામાન્ય જનતાએ નોંધ લેવી.

સ્થળઃ મુંબઈ, તારીખઃ ૨૪/૦૪/૨૦૨૫

સહી/- વી. એચ. ઠક્કર

શ્રીમતી રાજુલ આશિત શાહના એડવોકેટ

**પબ્લિક નોટિસ**

મારા અસીલ શ્રીમતી બિજલ ભદ્રેશ વોરા (પ્રથમ નામ બિરાજ બાબુભાઈ પરીખ), મુંબઈ-૪૦૦૦૦૮ ખાતે રહેનારની સૂચના હેઠળ આથી જાહેર જનતાને જાણ કરવાની કે મારા અસીલે શ્રી મહેશ બાબુભાઈ પરીખ તે મુંબઈ-૪૦૦૦૦૬ ખાતે રહેનારને મારી મિલકતોની બાબતમાં વખતો વખતથી અપાયેલ તમામ પાવર ઓફ એટર્નીસ તુરત અમલથી કેન્સલ અને રદ્બાતલ કરેલ છે.

કે પાવર ઓફ એટર્ની ધારક હવે સદર પાવર ઓફ એટર્નીસ હેઠળ કાર્યવાહી કરવાનો કોઈપણ હક્ક ધરાવતા નથી જેની સામાન્ય જનતાએ નોંધ લેવી.

સ્થળઃ મુંબઈ, તારીખઃ ૨૪/૦૪/૨૦૨૫

સહી/- વી.એચ. ઠક્કર

શ્રીમતી બિજલ ભદ્રેશ વોરાના એડવોકેટ.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

વિભાગ : ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)

નં. E.E.મિકે./EI/૪૮૮/મેઈન્ટ તા. ૨૩.૦૪.૨૦૨૫

**ઈ-ટેન્ડર નોટીસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ટેન્ડર સેક્શન અને મહાટેન્ડર પોર્ટલ હેઠળ B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટીસમાં ઉલ્લેખિત છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧ | ૨૦૨૫_MCGM_૧૧૭૩૧૭૩_૧ | M.W. દેસાઈ હોસ્પિટલ મલાડ (પૂ) ખાતે સ્થાપિત સ્ટ્રેચર લિફ્ટ (G+3)માં રિપેર્સ. |
| ૨ | ૨૦૨૫_MCGM_૧૧૭૩૧૬૪_૧ | ૦૧.૦૫.૨૦૨૫ થી ૩૦.૦૪.૨૦૨૭ સુધી ૨૪ મહિનાની મુદત માટે વિવિધ મ્યુનિસિપલ પ્રિમાઈસિસ/હોસ્પિટલો ખાતે સ્થાપિત લિફ્ટો બનાવીને ૧૩ નં. એસ્કોનની વ્યાપક સર્વિસિંગ અને જાળવણી. |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://mahatenders.gov.in ખાતે મહાટેન્ડર પોર્ટલ વેબસાઈટ અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લો.

સહી/-

PRO/202/ADV./2025-26 E.E.મિકે. (EI) મેઈન્ટ.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# ટ્રમ્પના યુટર્ન સાથે સોનામાં દસ ગ્રામે ₹ ૨૪૦૦નો જોરદાર કડાકો, ચાંદીમાં એક હજારનો ઉછાળો

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પના યુ ટર્ન સાથે બુલિયન બજારમાં ઝડપી પીછેહઠ જોવા મળી હતી અને સોનમાં દસ ગ્રામે રૂ. ૨૪૦૦નો જોરદાર કડાકો નોંધાયો હતો. જોકે, નવેસરની લેવાલી વચ્ચે ચાંદીમાં કિલોએ રૂ. ૧૦૦૦થી મોટો ઉછાળો નોંધાયો હતો. નોંધવું રહ્યું કે ગુજરાત અને દિલ્હી સહિતના કેટલાક સેન્ટરમાં સોનાએ દસ ગ્રામે એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી હતી. જોકે, ટ્રમ્રે ટેરિફ વોરમાં હથિયાર હેઠાં મૂકવાના સંકેત આપ્યા બાદ ઇક્વિટી માર્કેટમાં તેજીને વેગ મળ્યો હતો જ્યારે બુલિયન બજારમાં ભાવ ઘટવા માંડ્યા હતા. સ્થાનિક ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૯૮,૪૮૪ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામે તીવ્ર ઘટાડા સાથે રૂ. ૯૬,૦૦૦ની સપાટી ગુમાવતું રૂ. ૯૫,૭૮૪ની સપાટીએ ખૂલ્યુ હતું. જોકે, સહેજ લેવાલીનો ટેકો મળતાં અંતે ૧૦ ગ્રામદીઠ રૂ. ૨,૩૯૯ના કડાકા સાથે રૂ. ૯૬,૦૮૫ની સપાટીએ બંધ રહ્યું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૯૮,૦૯૦ના પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૯૫,૫૦૦ની સપાટી ગુમાવીને રૂ. ૯૫,૪૦૦ના સ્તરે ખૂલ્યા બાદ સત્રને અંતે રૂ. ૨,૩૯૦ના જોરદાર ધબડકા સાથે રૂ. ૯૫,૭૦૦ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે નવેસરની ઓદ્યોગિક અને સટ્ટાકિય લેવાલીના ટેકા વચ્ચે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૯૫,૬૦૭ની પાછલી બંધ સપાટી સામે સારા એવા ઉછાળા સાથે રૂ. ૯૫,૬૦૭ની સપાટીએ ખૂલી હતી. સત્રને અંતે ચાંદી રૂ. ૧૦૦૬ના ઉછાળા સાથે રૂ. ૯૬,૬૧૩ની સપાટીએ સ્થિર થઇ હતી.

અમેરિકા અને ચીન વચ્ચેની ખેંચતાણ ઓછી થવાને કારણે સોનાનો ભાવ રેકોર્ડ તેજીથી અટક્યો હતો અને નવી દિલ્હી ખાતે રૂ. ૨,૪૦૦ ઘટીને રૂ. ૯૯,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામ બોલાયો હતો. નબળા વૈશ્વિક વલણ વચ્ચે બુધવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ઐતિહાસિક એક લાખ રૂપિયાની ભાવસપાટીથી યુ ટર્ન લઇ રૂ. ૨,૪૦૦ના ઘટાડા સાથે રૂ. ૯૯,૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામની સપાટીએ પહોંચ્યા હતા.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, વૈશ્વિક મેક્રોઇકોનોમિક અનિશ્ચિતતાઓ સલામત એસેટ તરીકે સોનાની લેવાલી વધતા, સ્થાનિક ઝવેરીઓ અને સ્ટોકિસ્ટો દ્વારા અક્ષય તૃતીયા અને લગ્નની મોસમ દરમિયાન માગ વધવાની અપેક્ષાએ ખરીદીના ધસારાને કારણે મંગળવારે ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ મંગળવારે ૧,૮૦૦ રૂપિયા વધીને ૧,૦૧,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સર્વકાલીન ટોચ પર પહોંચી ગઈ હતી.

જોકે, સ્થાનિક બજારોમાં ૨,૮૦૦ રૂપિયા ઉછળીને ૧,૦૨,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા પછી, બુધવારે ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતી સોનાની કિંમત ૩,૪૦૦ રૂપિયા ઘટીને ૯૮,૭૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ હતી.

# ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ઊંચા સ્તરેથી ટ્રેડિંગમાં તીવ્ર ઘટાડો?

નવી દિલ્હીઃ નવું નાણાકીય વર્ષ બ્રોકિંગ ઉદ્યોગ માટે આકર્ષક નથી. કેશ સેગમેન્ટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ઊંચા સ્તરેથી ટ્રેડિંગમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. બ્રોકિંગ કંપનીઓની આવકમાં ઘટાડો થવાની શક્યતા છે અને આ મંદી ચિંતાનો વિષય હોવાનું શેરબજારના સાધનોએ જણાવ્યું હતું. કેશ સેગમેન્ટ અને ડેરિવેટિવ્ઝ માર્કેટમાં ટ્રેડિંગમાં ઘટાડો અલગઅલગ કારણોસર છે. કેશ માર્કેટમાં મંદી મુખ્યત્વે શેરબજારમાં ઘટાડાને કારણે છે. ડેરિવેટિવ્ઝમાં ઘટાડો નીચી વોલેટિલિટી અને નવા નિયમનકારી પગલાં સાથે જોડાયેલો છે. જૂનમાં ઓપ્શન ટ્રેડિંગમાં વધારો થયો હતો.

વોલેટિલિટી, ચૂંટણીના પરિણામો અને અન્ય પરિબળોએ ઉછાળામાં ફાળો આપ્યો હતો. નવા ડીમેટ ખાતામાં મંદી વર્તમાન બજારના સેન્ટિમેન્ટને દર્શાવે છે. જ્યારે બજારનું સેન્ટિમેન્ટ નબળું હોય છે, ત્યારે કોઈપણ એસેટ ક્લાસ માટેનો ઉત્સાહ ઓછો થઈ જાય છે.


પશ્ચિમ રેલવે-ભાવનગર ડિવિઝન

**આઈસીએફ અને એલએચબી કોચનું રંગકામ અને સ્ટેન્સિલિંગ નું કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **ઈ-ટેન્ડર નં.: BVPW-2025-26-Paint-01; કામનું નામ:** ભાવનગર વર્કશોપમાં 2 વર્ષ માટે કાર્યક્ષેત્ર મુજબ આઈસીએફ અને એલએચબી કોચનું રંગકામ અને સ્ટેન્સિલિંગ.; **કામનો અંદાજિત ખર્ચ:** ₹ 6,22,04,478.46/-; **બિડ સિક્યોરિટી:** ₹ 4,61,000/- **ટેન્ડર ડોક્યુમેન્ટ ફી:** ₹ 0.00/-; **ટેન્ડર ઓફરની વેલિડિટી:** 60 દિવસ; **કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર ઇસ્યુ થયાની તારીખથી 24 મહિના; **ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય:** 13/05/2025 ના 15:00 કલાક; **ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** 13/05/2025 ના 15:30 કલાકે; **ઈસ્યુ કરનાર:** ડે. ચીફ મિકેનીકલ એન્જિનિયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, ભાવનગર - 364003, પશ્ચિમ રેલવે, **ઈમેલ:** dycmews@bvp.railnet.gov.in; **મહત્વપૂર્ણ નોંધ:** ટેન્ડર ફક્ત ઈલેક્ટ્રોનિકલી રીતે https://www.ireps.gov.in પર જમા કરાવવાના રહેશે. અને ઈ-ટેન્ડર સામે મેન્યુઅલ ઓફર સ્વિકારાશે નહીં અને આ ઓફિસમાં પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફર ધ્યાનમાં લેવાશે નહીં અને ખોલાશે નહીં. 011

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**નોટીસ**

આ નોટીસ દ્વારા જાહેર જનતાને આથી જાણ કરવાની કે હું સમીર શેઠ ૨૮મી ઓગષ્ટ ૨૦૨૨ના અને થી અમૃતલાલ ડી. શેઠ (એચયુએફ)નો કર્તા કાયદા દ્વારા બન્યો છું જે જતીન મનુભાઈ શેઠના અવસાનની તારીખ છે જેઓ અમૃતલાલ ડી. શેઠ (એચયુએફ)ના સૌથી મોટા પુરુષ સભ્ય અને તેના કર્તા હતા. મને ૨૮મી ઓગષ્ટ ૨૦૨૨ બાદ કેટલીક લેવડદેવડ થયેલ હોવા અંગે જાણ કરાયેલ છે કે જેમાં કર્તા તરીકે મારી લેખિત મંજૂરી અથવા સંમતિ લેવામાં આવી નથી જે મને બાકાત રાખેલ હોવાથી ટકાઉ અને માન્ય રહેતી નથી અને શરૂઆતથી રદ્બાતલ રહેશે. કોઈપણ શખ્સ/સો, ભાગીદારી પેઢી, કંપની, વ્યક્તિઓનું સંગઠન, ટ્રસ્ટ અને આવી કોઈપણ એન્ટીટી જે અમૃતલાલ ડી. શેઠ (એચયુએફ)ના કર્તા તરીકે મારી સંમતિ અથવા મંજૂરી વિના પરિશિષ્ઠમાં દર્શાવાયેલ મિલકતોની લેવડદેવડ કરશે તો તેઓ તેમના પોતાના જોખમે અને પરિણામોના ભોગે તેમ કરશે અને આવી લેવડદેવડ કાયદાની રીતે રદ્બાતલ થયેલ રહેશે.

**પરિશિષ્ઠ**

CTS નં. ૪૪, CTS નં. ૪૫, CTS નં. ૫૧ (ભાગ), CTS નં. ૪ (ભાગ), CTS નં. ૩૯, CTS નં. ૩૮, CTS નં. ૯ (ભાગ), CTS નં. ૧૬ (ભાગ), CTS નં. ૩૦-A/૧ (ભાગ), ૩૦-A/૨, ૩૦-A/૩, CTS નં. ૨૦-B, CTS નં. ૨૫ (ભાગ), CTS નં. ૩૪ (ભાગ), CTS નં. ૩૧, CTS નં. ૩૨, CTS નં. ૩૩, CTS નં. ૩૫, CTS નં. ૪૩ (ભાગ) જે તમામ ગામ ચાંદીવલી, તાલુકા કુર્લા, મુંબઈમાં સ્થિત છે.

આજ તારીખ ૨૪મી એપ્રિલ, ૨૦૨૫

સહી/-

શ્રી સમીર શેઠ,

૫૦૧, જન્મભૂમિ ચેમ્બર્સ,

૨૯, વાલચંદ હિરાચંદ માર્ગ,

બેલાર્ડ એસ્ટેટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧

પશ્ચિમ રેલવે -વડોદરા ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ વર્ક્સ**

**ઈ-ટેન્ડર નોટિસ નબંર DRM-BRC 027 TO 034 OF 2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004; દ્વારા નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ટેન્ડર આમંત્રિત છે:

| અ. નં. | ટેન્ડર નં. અને કામનું નામ | કામનો અંદાજીત ખર્ચ (In Rs.) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (In Rs.) |
|---|---|---|---|
| 1 | **DRM BRC 027 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 15 વર્ષ 2025-26) - ADEN (દક્ષિણ) ભરૂચના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 77,09,440.00 | 1,54,200.00 |
| 2 | **DRM BRC 028 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 16 વર્ષ 2025-26) - ADEN (ઉત્તર) ભરૂચના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમાર કામ અને જાણવણીના કામ. | 95,82,565.00 | 1,91,700.00 |
| 3 | **DRM BRC 029 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 17 વર્ષ 2025-26) - ADEN (ઉત્તર) વડોદરાના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 66,25,660.00 | 1,32,500.00 |
| 4 | **DRM BRC 030 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 18 વર્ષ 2025-26) - ADEN ગોધરાના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 76,71,370.00 | 1,53,400.00 |
| 5 | **DRM BRC 031 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 19 વર્ષ 2025-26) - ADEN આણંદના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 86,74,150.00 | 1,73,500.00 |
| 6 | **DRM BRC 032 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 20 વર્ષ 2025-26) - ADEN નડિયાદના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 76,43,020.00 | 1,52,900.00 |
| 7 | **DRM BRC 033 of 2025-26.** (બ્રિજ ઝોન નં. 21 વર્ષ 2025-26) - ADEN (વર્કસ) વડોદરાના અધિકારક્ષેત્ર હેઠળ રોડ ઓવર બ્રિજ સહિત બ્રિજ કામ માટે નવા કામ અને પ્રત્યેક ₹ 5,00,000.00 સુધીના તમામ સામાન્ય સમારકામ અને જાણવણીના કામ. | 29,77,525.00 | 59,600.00 |
| 8 | **DRM BRC 034 of 2025-26.** વડોદરા ડિવિઝન : Sr. DEN દક્ષિણ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ સિવિલ કામો જેમ કે SSE P Way ઓફિસો, શૌચાલયો માટે સમારકામ અને અન્ય આનુષંગિક કામો. (પુનઃ આમંત્રિત) (R-1) | 91,82,240.42 | 1,83,700.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે:** ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર તા. **13.05.2025** ના રોજ **15.00 કલાક** પહેલાં જમા કરાવવા અને તે એ જ દિવસે **15.30 કલાકે** ખોલાશે. વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફિસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે: વેબસાઈટ @ **www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ/સી) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004.

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly 013

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

**"જાહેરાત", "પે એન્ડ યુઝ" અને "પાર્કિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

"જાહેરાત", "પે એન્ડ યુઝ" અને "પાર્કિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી **06.05.2025** ના રોજ યોજાશે. ઈ-હરાજી **06.05.2025** ના રોજ **11:00 કલાકે** શરૂ થશે. કેટલોગ પહેલેથી જ **www.ireps.gov.in** વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| ADVT-BRC-060525 | જાહેરાત (બિન-ભાડા આવક) | 5 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| ADVT-EFF-132142-24-2 (જાહેરાત-ટ્રેનનો બહારનો ભાગ (ફૂલ ફેસ)) | ADVT-BRC-AKV-OSN-268-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ANND-OH-13-25-3 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-BH-OSN-269-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ND-OH-16-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-BRC-OSN-259-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-BH-OH-12-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-VDA-OSN-271-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-ANND-OH-14-25-2 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-BRC-GER-OSN-270-24-1 (જાહેરાત - સ્ટેશન પરિસર પર (નોન-ડિજિટલ)) |
| ADVT-BRC-BH-OH-15-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | ADVT-IntExt-86019-24-2 (જાહેરાત - ટ્રેનનો આંતરિક અને બહારનો ભાગ) |
| ADVT-BRC-BRC-OH-11-25-1 (જાહેરાત - આઉટ ઓફ હોમ) | |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| C481-PRKG-0605 | પાર્કિંગ | 3 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| PARKING-BRC-BRC-TW-16-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) | PARKING-BRC-KIM-TW-8-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) |
| PARKING-BRC-BRC-TW-45-25-2 (પાર્કિંગ - ટુ વ્હીલર) | PARKING-BRC-ND-MX-17-25-3 (પાર્કિંગ - મિક્સ્ડ) |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| C331-PnU-0605 | પે એન્ડ યુઝ | 3 વર્ષ |

| લોટ નં. | લોટ નં. |
|---|---|
| PnU-BRC-AKV-Toi-4-25-1 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-EKNR-Toi-13-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |
| PnU-BRC-GDA-Toi-12-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-ANND-Toi-9-24-4 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |
| PnU-BRC-CYI-Toi-8-24-2 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) | PnU-BRC-KIM-Toi-2-25-1 (પે એન્ડ યુઝ - ટોઇલેટ) |

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ રેલવે મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, વડોદરા- 390004

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 015

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ACT/AEMT/૧૭૬/Gen તા. ૨૩-૦૪-૨૦૨૫

**મહા–ટેન્ડર નોટિસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર નીચે આપેલ વિગતવાર કામ માટે મહાટેન્ડર મંગાવે છે.

'' 'T' વોર્ડમાં ગામ નાહુર, બિલ્ડિંગ નં. ૯, મુલુંડ (પશ્ચિમ)નો CTS નં. ૫૧૪, ૫૩૧ (pt) ૫૩૧/૧થી ૪, ૫૩૨ (pt) અને ૫૩૪ (pt) ખાતે સ્થિત પબ્લિક પાર્કિંગ લોટનું ઓપરેશન, જાળવણી અને મેનેજમેન્ટ.''

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૫_MCGM_૧૧૭૧૬૫૧_૧ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | **'T' વોર્ડમાં ગામ નાહુર, બિલ્ડિંગ નં. ૯, મુલુંડ (પશ્ચિમ)નો CTS નં. ૫૧૪, ૫૩૧ (pt) ૫૩૧/૧થી ૪, ૫૩૨ (pt) અને ૫૩૪ (pt) ખાતે પબ્લિક પાર્કિંગ લોટ માટે ઈ-ટેન્ડરનું આમંત્રણ (પાર્કિંગ રેટ કેટેગરી ટાઈપ 'B')** |
| ટેન્ડર સ્ક્રુટીની ફી | રૂા. ૧૮૧૫૦/- + ૧૮% GST= રૂા. ૨૧૪૧૭/- |
| કોન્ટ્રાક્ટ મુદત (૨૪ મહિના)/ બીડ રકમ માટે ન્યૂનતમ લાઈસન્સ ફી. (અંદાજિત કોન્ટ્રાક્ટ ખર્ચ) | રૂા. ૧૫૯૨૧૩૬૦/- |
| ન્યૂનતમ માસિક Lic ફી (અનામત બીડ) | રૂા. ૬૬૩૩૯૦/- |
| બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડી | રૂા. ૩૧૮૪૨૮/- |
| ટેન્ડરને ઈશ્યૂ કરવાની અને વેચાણની તારીખ | ૨૮.૦૪.૨૦૨૫ ૧૧.૦૦ ક. સુધી |
| પ્રી-બીડ મિટિંગ | પ્રી-બીડ મિટિંગ નથી. |
| ટેન્ડરની વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટ/બારડીની પ્રાપ્તિ. | ૦૫.૦૫.૨૦૨૫ ૧૨.૦૦ ક. સુધી |
| કવર ૧, કવર ૨ & કવર ૩ની સુપ્રતિ (ઓનલાઈન) | ૦૫.૦૫.૨૦૨૫ ૧૨.૦૦ ક. સુધી |
| કવર A ખૂલશે | ૦૫.૦૫.૨૦૨૫ ૧૨.૧૦ ક. પછી |
| કવર B ખૂલશે | ૦૫.૦૫.૨૦૨૫ ૧૨.૨૦ ક. પછી |
| કવર C ખૂલશે | ૦૮.૦૫.૨૦૨૫ ૧૨.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | આસી. કમિશનર 'T' વોર્ડની ઓફિસ, ૧લો માળ, જાળવણી વિભાગ, રૂમ નં. ૨૭, આસી. એન્જિનિયર (મેઈન્ટ.) 'T' વોર્ડ, લાલા દેવીદયાલ રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦. |
| બીડ ખોલવા માટેનું સ્થળ | રૂમ નં. ૨૭, જાળવણી વિભાગ, 'T' વોર્ડ ખાતે ઓનલાઈન. |

દસ્તાવેજમાં સ્પષ્ટ કર્યા મુજબ બાના રકમ ડિપોઝિટની રસીદની નકલ મહાટેન્ડર ઓફર સાથે હોવી જ જોઈશે. મહાટેન્ડર ઓફર સુપ્રત કરવા માટે ટેક્નિકલ સ્પેસીફીકેશનો, નિયમો અને શરતો અને વિવિધ ફોર્મેટ અને પ્રો-ફોર્મા ટેન્ડર દસ્તાવેજ એનેક્ષરમાં વર્ણવેલ છે.

સહી/-

(યોગિતા આશા સહદેવ કોલ્હે)

PRO/206/ADV./2025-26 આસી. કમિશનર 'T' વોર્ડ

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# પહલગામમાં આતંક

# આતંકવાદીઓને **બક્ષતા નહીંઃ સંઘ**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના નેતાએ બુધવારે કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી, જેમાં ૨૮ લોકોનાં મોત થયા, તેને દેશની એકતા અને અખંડતા પર હુમલો ગણાવતાં સરકારને ગુનેગારોને આકરામાં આકરી સજા આપવા માટેનાં પગલાં લેવા જણાવ્યું હતું.

આરએસએસના રાષ્ટ્રીય પ્રવક્તા સુનિલ આંબેકરે આ ઘાતક હુમલાના સમયે દેશમાં એકતાની આવશ્યકતા વ્યક્ત કરી હતી.

આતંકવાદીઓએ પહલગામના પર્યટન સ્થળ પર હુમલો કર્યો હતો જેમાં અનેક લોકોનાં મોત થયાં હતાં, જેમાંથી છ મહારાષ્ટ્રના હતા.

આ કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે શોક વ્યક્ત કરતા, આરએસએસના આંબેકરે કહ્યું હતું કે, 'જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર ધર્મને આધારે થયેલો ક્રૂર આતંકવાદી હુમલો ખૂબ જ નિંદનીય અને પીડાદાયક છે. અમે જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપીએ છીએ.' તેમણે એમ પણ કહ્યું હતું કે, આ દેશની એકતા અને અખંડતા પર હુમલો છે. 'બધા રાજકીય (જુઓ પાનું ૪) ▶▶

## બે ફ્લાઈટમાં ૧૮૨ મહારાષ્ટ્રીયનને શ્રીનગરથી લવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્રીય નાગરી ઉડ્ડયન ખાતાના પ્રધાન મુરલીધર મોહોળે કહ્યું હતું કે જમ્મુ કાશ્મીરમાંથી ૧૮૨ પર્યટકોને બે ફ્લાઈટમાં ગુરુવારે પાછા લાવવામાં આવશે.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે એર ઈન્ડિયા અને ઈન્ડીગોની એક-એક વિશેષ ફ્લાઈટની વ્યવસ્થા કરી છે, જેમાં પહલગામમાં આતંકવાદી હુમલા બાદ ફસાયેલા પર્યટકોને પાછા લાવવામાં આવશે. પુણેના સંસદસભ્ય મોહોળે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક વીડિયોમાં જણાવ્યું હતું. રાજ્ય સરકાર આ પર્યટકોને પાછા લાવવાનો ખર્ચ ઉઠાવશે, એવી માહિતી પણ તેમણે આપી હતી. ■

## કાશ્મીર ટૂર રદ કરાવવા દોડાદોડી

### એની સામે ટૂર ઓપરેટરોએ પણ એક્સટેન્શન પૉલિસીની ઑફર કરી છે

મુંબઈઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર થયેલા આતંકવાદી હુમલા બાદ દેશમાં દહશતનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે મુંબઈ સહિત મહારાષ્ટ્રના વિવિધ ભાગના લોકોએ ઉનાળું વેકેશન દરમિયાન કાશ્મીર ફરવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો તેઓ હવે પોતાની ટ્રિપ કેન્સલ કરાવી રહ્યા હોવાનું જણાઇ રહ્યું છે. તેઓમાં ડર ફેલાઇ ગયો છે કે કાશ્મીર ફરવા જશું ને ત્રાસવાદનો ભોગ બનીશું, એવું ટૂર ઓપરેટરોનું કહેવું છે.

છત્રપતિ સંભાજીનગરના અમુક રહેવાસીઓએ પણ એપ્રિલ-મે દરમિયાન કાશ્મીર જવાનો પ્લાન માંડી વાળ્યો છે. અમુક જણે (જુઓ પાનું ૪) ▶▶

## એકનાથ શિંદે એક્શન મોડમાં

### મહારાષ્ટ્રના પર્યટકોને પાછા લાવવા નાયબ મુખ્ય પ્રધાન કાશ્મીર પહોંચ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ રાજ્યના કાશ્મીરમાં અટવાયેલા પર્યટકોને પાછા લાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બુધવારે શ્રીનગર જવા માટે રવાના થઈ ગયા હતા.

રાજ્યના કેટલાક પ્રવાસીઓ અત્યારે કેન્દ્ર શાસિત પ્રદેશમાં અટવાયેલા છે. જ્યાં આતંકવાદી હુમલામાં ૨૬ લોકોનાં મોત થયાં છે.

શિંદે પોતે કાશ્મીર જવા રવાના થયા છે, જેથી ત્યાં ફસાયેલા રાજ્યના પર્યટકોને પાછા લાવવાની પ્રક્રિયા ઝડપી બનાવી શકાય. એક ખાનગી વિમાનમાં તેઓ શ્રીનગર જવા રવાના થયા હતા, એમ નાયબ મુખ્ય પ્રધાનની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું હતું. શિંદે કાશ્મીરમાં રઝળી પડેલા પર્યટકોને મળશે અને સ્થાનિક સ્થિતિની જાણકારી મેળવશે અને પર્યટકોને પાછા લાવવા માટેની વ્યવસ્થા કરશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## પુણેનો સંતોષ જગદાળે આતંકવાદીઓનો શિકાર થયો પણ સાંગલીનો સંતોષ જગદાળે બચ્યો

### સાંગલીનો સંતોષ જગદાળે હુમલાના એક કલાક પહેલાં જ ત્યાંથી રવાના થઇ ગયો હતો

મુંબઈઃ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં પુણેનો સંતોષ જગદાલે મૃત્યુ પામ્યો હતો, પરંતુ સાંગલીનો સંતોષ જગદાલે એક કલાક પહેલા જ ત્યાંથી નીકળી ગયો હોવાથી બચી ગયો હતો. છતાં તેની સલામતીની પુચ્છા કરવા તેનો ફોન સતત રણકી રહ્યો હતો. બૈસારણમાં જ્યાં હુમલો થયો ત્યાંથી તે એક કલાક પહેલા જ નીકળી ગયો હતો.

'હું સંતોષ લક્ષ્મણ જગદાલે છું. હુમલામાં જે મરણ પામ્યો તે પણ મહારાષ્ટ્રનો હતો, પરંતુ તેનું પૂરું નામ સંતોષ એકનાથ જગદાળે હતું', એમ ૪૯ વર્ષીય સંતોષ જણાવે છે. 'હુમલા બાદ ન્યૂઝ ચેનલમાં પીડિતોના નામ જાહેર કરવામાં આવ્યા જેમાં ફક્ત સંતોષ જગદાલે નામ જણાવવામાં આવ્યું હતું, પૂરું નામ જણાવાયું નહોતું. તેથી મૂંઝવણ ઊભી થઇ. મને રાતભર અને આજે સવાર સુધી મારા ગામવાસીઓ, મિત્રો અને સંબંધીઓના (જુઓ પાનું ૪) ▶▶

## જીવનભર કાશ્મીર ફરવાનું સપનું સેવ્યું, નિવૃત્તિ પછી ગયા ને આતંકી બુલેટનો ભોગ બન્યા



પનવેલમાં દિલીપ ડેલસેના ઘર પર તેમનો મૃતદેહ લાવવામાં આવ્યો હતો.

મુંબઈઃ દિલીપ ડેલસેએ જીવનભર સખત પરિશ્રમ કર્યો, નિવૃત્તિ બાદ ધરતી પરના સ્વર્ગની મોજ માણવા ગયા ને આતંકવાદીઓની ગોળીનો શિકાર બન્યા, એમ જણાવતા શોક વ્યક્ત કરે છે ડેલસેના મિત્ર અશોક નેરકર.

ડેલસેને તેના દયાળુ અને મદદરૂપ સ્વભાવને કારણે તમામ લોકો યાદ કરશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ન્યૂ પનવેલમાં રહેતા ડેલસે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પીડિતોમાંથી એક હતા. આ હુમલામાં તેમની પત્ની બચી ગઇ હતી.

ડેલસે થાણે-બેલપુર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં આવેલી કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપનીમાં કામ કરતા હતા અને ચાર વર્ષ પહેલા જ નિવૃત્ત થયા હતા. નેરકર અને ડેલસે બન્ને ખાસ મિત્ર છે અને માલેગામના વતની છે.

નિવૃત્તિ બાદ ડેલસે ઘણી જગ્યાએ ફરવા ગયો હતો, પરંતુ કાશ્મીર જવાનું તેનું સપનું હતું. જીવનભર સખત મહેનત કરી, બાળકોને મોટા કર્યા અને જ્યારે ફરવા ગયા ત્યારે આવું થયું, એમ નેરકરે જણાવ્યું હતું.

ડેલસેના અન્ય મિત્ર બલિરામ દેશમુખે પણ આ ઘટના પર શોક વ્યક્ત કરતા ઘટનાસ્થળની સલામતી વ્યવસ્થા પર સવાલ ઉઠાવ્યો હતો. દેશમુખે આ હુમલાને (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## પુણેના બેસ્ટ ફ્રેન્ડ્સ માટે પહલગામ અંતિમ સફર બની

પુણેઃ પુણેના કર્વે નગર વિસ્તારમાં રહેતા બે જીગરી મિત્રો - સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટે કાશ્મીર યાત્રા માટે રવાના થયા ત્યારે તેમને ખબર નહોતી કે આ તેમની છેલ્લી યાત્રા હશે. મંગળવારે પહલગામ આતંકવાદી હુમલામાં કર્વે નગરના બે બિઝનેસમેન સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેને ગોળી વાગી હતી અને બાદમાં બંનેનું મૃત્યુ થયું હતું. ફ્લાઇટમાં આ તેમની પ્રથમ સફર હતી. આતંકવાદીઓ અમારા ટેન્ટ પાસે આવી મારા પિતાશ્રીને બહાર આવવા કહ્યું હતું. ત્યારબાદ આતંકવાદીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટેકો આપવા માટે દોષી ઠેરવ્યા હતા. ત્યારબાદ તેમણે કેટલાક નિવેદનો કરી કાશ્મીરી આતંકવાદીઓ નિર્દોષ લોકો, મહિલાઓ અને બાળકોની હત્યા કરે છે એ વાતનો ઈન્કાર કર્યો હતો. ત્યારબાદ આતંકવાદીઓએ મારા પિતાને એક ઈસ્લામિક પ્રાર્થના (સંભવતઃ કલમા)નું પઠન કરવાનું કહ્યુ હતું. જોકે, પિતાશ્રી એમ નહીં કરી શક્યા એટલે આતંકીઓએ ત્રણ ગોળીઓ ચલાવી, એક માથા પર, એક કાનની પાછળ અને બીજી પાછળની બાજુએ. ■

## પીડિતો માટે પાંચ લાખ રૂપિયાની સહાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બાવીસમી એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા પીડિતોના દરેક પરિવારને પાંચ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. આ હુમલામાં છ પ્રવાસીઓનાં મોત થયા હતા, જેમાં કેટલાક પુણેના અને અન્ય મુંબઈના હતા.

આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતા મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું હતું કે, 'પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલામાં મહારાષ્ટ્રના કુલ છ લોકોએ જીવ ગુમાવ્યા હતા.' મુખ્ય પ્રધાને નશ્વર (જુઓ પાનું ૪) ▶▶

## અતુલ મોને રેલવે એન્જિનિયર પરેલની વર્કશોપમાં કાર્યરત હતા

### સાથીના મૃત્યુના સમાચાર ટીવી માધ્યમથી મળતા સાથીઓ સ્તબ્ધ

મુંબઈઃ પહલગામ આતંકવાદી હુમલાના સમાચાર ટીવી પર જોઈ મુંબઈ રેલવે વર્કશોપના એન્જિનિયરોને આઘાત લાગ્યો હતો, પરંતુ ત્યારે તેમને સપનેય ખ્યાલ નહોતો કે તેમનો સાથીદાર અતુલ મોને પણ એ હુમલામાં મોતને ભેટ્યો હતો.

જોકે, પાછળથી ભયાનક હુમલાની વિગતો બહાર આવતા મોનેના મૃત્યુ વિશે જાણવા મળતા બધા સ્તબ્ધ થઈ ગયા હતા. બધાને એટલો માનસિક આઘાત લાગ્યો છે કે હજુ એમાંથી કળ નથી વળી. કામ કરતી વખતે અતુલની (જુઓ પાનું ૪) ▶▶



ડોમ્બિવલીમાં હેમંત જોશીના મૃતદેહ સાથેનું કોફિન કાશ્મીરથી લાવવામાં આવ્યું ત્યારે લોકો શોકમાં ડૂબી ગયા હતા.

## મદદ કરવા માટે કોઈ નહોતું...

### પહલગામમાં પિતા-કાકાને ગુમાવનાર પુણેની યુવતી કહે છે

પુણેઃ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા પુણેની એક પર્યટકની પુત્રીએ દાવો કર્યો કે આતંકવાદીઓએ ખાસ કરીને પુરુષ પ્રવાસીઓને તેમના ધર્મની ઓળખ પૂછી નિશાન બનાવ્યા હતા. મંગળવારે પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલામાં પુણેના બે ઉદ્યોગપતિઓ, સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેને ગોળી વાગી હતી અને બાદમાં તેમનું મોત નીપજ્યું હતું, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, મંગળવારે દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં એક મુખ્ય પર્યટન સ્થળ પર આતંકવાદીઓએ હુમલો (જુઓ પાનું ૪) ▶▶

## 'સારાં પુણ્ય કર્યા હશે એટલે હું બચી ગઈ'

### આવું પહલગામમાં બચી ગયેલી જાલનાની ઓલ ઈન્ડિયા રેડિયોની અનાઉન્સર નેહા ઉર્ફે કિશોરી કહે છે

મુંબઈઃ 'કંઇક સારાં પુણ્ય કર્યા હશે એટલે હું બચી ગઇ' ફફડતા હોઠે આ શબ્દો કહે છે જાલનામાં ઓલ ઈન્ડિયા રેડિયો (ઑર)માં કેઝ્યુઅલ અનાઉન્સર તરીકે કાર્ય કરતી નેહા ઉર્ફે કિશોરી વાઘુલાડે. પહલગામ આતંકવાદી હુમલામાં નેહા અને તેનું ગ્રુપ બચી ગયું હતું.

નેહા પણ પોતાના ગ્રુપ સાથે જમ્મુ-કાશ્મીર ગઇ હતી. પહલગામમાં જ્યારે આતંકવાદી હુમલો થયો ત્યારે તે ત્યાં જ હતી, પરંતુ નસીબજોગે તે અને તેના ગ્રુપના સભ્યો આ હુમલામાં બચી ગયા હતા.

મેં જીવનમાં ખરેખર કંઇ સારું કર્યું હશે એટલે હું જીવતી છું, એમ નેહાએ હુમલા બાદ તેના પતિ તુષાર વાઘુલાડેને કરેલા ફોનમાં કહ્યું હતું. તેના પતિ તુષારે જળગાંવથી જણાવ્યું હતું કે તે ૧૫મી એપ્રિલ (જુઓ પાનું ૪) ▶▶

## ડોમ્બિવલી આઘાતમાં

### ત્રણેય ડોમ્બિવલીકરની ખોટ સગાંસંબંધી અને મિત્રોને અંદરથી તોડી નાખ્યા છે

થાણેઃ મંગળવારે દક્ષિણ કાશ્મીરના પહલગામના મુખ્ય પર્યટન સ્થળ પર થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોમાં થાણેના ડોંબિવલીના રહેવાસી હેમંત જોશી, સંજય લેલે (૪૪) અને અતુલ મોને (૫૨)નો સમાવેશ થાય છે. લેલે,જોશી અને મોને સાથે પહલગામના પ્રવાસે ગયા હતા. આ ત્રણેના મોતથી તેમના સગા સંબંધીઓ, મિત્રો અને પરિચિતો આઘાતમાં છે અને તેમની પીડા અને વેદના વર્ણવવા માટે તેમની પાસે શબ્દો ખૂટી ગયા છે. આ ઘૃણાસ્પદ કૃત્યના સમાચાર મળતાં જ ડોમ્બિવલીમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી, અનેક સામાજિક સંગઠનો અને સ્થાનિક રાજકીય નેતાઓએ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

થાણે શહેરમાં એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા લેલે ડોમ્બિવલી (પશ્ચિમ) ના (જુઓ પાનું ૪) ▶▶




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**